
વર્ષ: 02, અંક: 12

16-31 ડિસેમ્બર, 2021

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# 2021 સાકાર થયાં સપના

સંકલ્પથી સિધ્ધિ નું વધુ એક વર્ષ

વર્ષ 2021માં લોકોની અપેક્ષાઓ પૂરી કરવામાં સરકાર સફળ રહી છે. બજેટની જાહેરાતોનો વાસ્તવિક અમલ થયો છે, તો સ્વદેશી રસી શોધીને ઝડપી રસીકરણ કરવામાં આવ્યું છે. સંકલ્પો સિધ્ધિમાં પરિવર્તિત થઈ રહ્યા છે.

સંકલ્પથી સિદ્ધિ

મન કી બાત 2.0

30મો એપિસોડ, 28 નવેમ્બર, 2021



## રાજેશ પ્રજાપતિઃ સર, તમારી ઉંમર એટલી લાંબી હોવી જોઈએ કે તમે હંમેશા સત્તામાં રહો.

## વડાપ્રધાનઃ તમે મને સત્તામાં રહેવાની શુભકામના ન આપશો, હું આજે પણ સત્તા પર નથી અને ભવિષ્યમાં પણ સત્તા પર રહેવા માંગતો નથી. હું માત્ર સેવામાં રહેવા માંગુ છું.

**ડિસેમ્બર મહિનો આવતાની સાથે જ મનોવૈજ્ઞાનિક રીતે આપણને એમ લાગવા માંડે છે કે ચલો ભાઇ, વર્ષ પૂરું થઈ ગયું. વર્ષનો આ છેલ્લો મહિનો છે અને આપણે નવા વર્ષનાં આયોજનો ઘડવાનું શરૂ કરી દઈએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવેમ્બર મહિનાના 'મન કી બાત' કાર્યક્રમમાં આનો ઉલ્લેખ કર્યો ત્યારે તેમનો સંદેશ હતો- 'સબકા પ્રયાસ' મંત્ર સાથે 'સંકલ્પથી સિદ્ધિ' તરફ જવું અને નવા વર્ષમાં નવા સંકલ્પો સાથે રાષ્ટ્રની સેવામાં જોડાવવું. તેમણે અમૃત મહોત્સવ, પ્રકૃતિ સંરક્ષણ, આયુષ્યમાન ભારત જેવી યોજનાઓથી રાજેશ પ્રજાપતિ જેવા લોકોના જીવનમાં આવેલાં પરિવર્તન પર સંવાદ અને કંઈક કરવાની યુવાનોની ભાવના સાથે ભારતની નવી વિકાસ ગાથા જેવા વિષયો પર દેશ સમક્ષ પોતાનાં વિચારો રજૂ કર્યા હતા.**

- **વીરોની માતાઓને સલામઃ** હું આપણા વીરો અને ખાસ કરીને એવી બહાદુર માતાઓને નમન કરું છું જેમણે આવા વીરોને જન્મ આપ્યો. દેશ 16 ડિસેમ્બરે 1971ના યુદ્ધનું સુવર્ણ જયંતિ વર્ષ પણ ઉજવી રહ્યો છે. આ તમામ પ્રસંગે હું દેશના સશસ્ત્ર દળો, આપણા વીર જવાનો અને તેમની બહાદુર માતાઓનું સ્મરણ કરું છું.

- **પંચાયતથી સંસદ સુધી અમૃત મહોત્સવઃ** દેશભરમાં સામાન્ય લોકો હોય કે સરકારો, પંચાયતથી સંસદ સુધી અમૃત મહોત્સવની ગુંજ સંભળાઈ રહી છે. દિલ્હીમાં તાજેતરમાં 'આઝાદી કી કહાની – બાળકોનાં મુખે'ની ઉજવણી કરવામાં આવી હતી.

- **ઓસ્ટ્રેલિયામાં વૃંદાવનઃ** ઓસ્ટ્રેલિયાનાં રહેવાસી જગત તારિણી દાસીજીએ વૃંદાવનમાં 13 વર્ષથી વધુ સમય વિતાવ્યો હતો. તેઓ ઓસ્ટ્રેલિયા પાછા આવ્યાં, પરંતુ વૃંદાવનને ક્યારેય ભૂલી શક્યાં નહીં. તેથી તેમણે ઓસ્ટ્રેલિયામાં જ વૃંદાવન ઊભું કરી દીધું. વૃંદાવન વિશ્વભરનાં લોકોને આકર્ષી રહ્યું છે. દુનિયાના દરેક ખૂણામાં તમને તેની છાપ જોવા મળશે.

- **જાલૌનમાં નૂન નદીનું પુનરુત્થાનઃ** જાલૌનમાં નૂન નામની પ્રાચીન નદી હતી જે લુપ્ત થવાની આરે હતી. જાલૌનના લોકોએ આ પરિસ્થિતિને બદલવાની પહેલ કરી. હવે આ નદી ફરી જીવંત થઈ છે. તામિલનાડુના તુતુકુડીમાં આવેલા ટાપુને બચાવવા માટે પ્રકૃતિ દ્વારા ઉપાય શોધાયો. આ ઉદાહરણ આપણા દેશવાસીઓની સંકલ્પ શક્તિ દર્શાવે છે અને તેથી જ હું કહું છું - સબ કા પ્રયાસ.

- **યુવા શક્તિઃ** યુવાધનથી સમૃદ્ધ દરેક દેશમાં ત્રણ બાબતો ખૂબ મહત્વ ધરાવે છે. અને એ બાબતો જ ક્યારેક યુવાનોની સાચી ઓળખ બની જાય છે. પ્રથમ- આઈડિયા અને ઈનોવેશન. બીજું-જોખમ લેવાનો ઉત્સાહ અને ત્રીજું- કોઈ પણ કાર્યને પૂર્ણ કરવાનો સંકલ્પ. જ્યારે આ ત્રણેય બાબતો ભેગી થાય છે, ત્યારે અભૂતપુર્વ પરિણામો મળે છે.

- **વિકાસ ગાથામાં મહત્વપૂર્ણ વળાંકઃ** ભારત આજે સ્ટાર્ટ અપની દુનિયામાં વિશ્વમાં અગ્રેસર છે. આજકાલ યુનિકોર્ન શબ્દ ખૂબ ચર્ચામાં છે. 2015 સુધી, દેશમાં માંડ 9-10 યુનિકોર્ન હતા, પરંતુ આ વર્ષે માત્ર 10 મહિનામાં ભારતમાં દર 10 દિવસે એક યુનિકોર્ન બન્યું છે. ભારતની વિકાસ ગાથામાં આ એક ટર્નિંગ પોઈન્ટ છે, જ્યાં લોકો નોકરી મેળવાનું જ નહીં પણ નોકરી આપનાર બનવાનું સપનું જોઈ રહ્યા છે.

મન કી બાત સંપૂર્ણ સાભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષ: 02 ,અંક: 12 | 16-31 ડિસેમ્બર, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણ: **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલ: response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને...

# અપેક્ષાઓને સાકાર કરતું વર્ષ 2021




**કવર સ્ટોરી** | સંકલ્પથી સિધ્ધિના મંત્ર સાથે બજેટ સહિતની જાહેરાતોનો વાસ્તવિક અમલ થઈ રહ્યો છે | પેજ 6-10

## કૌશલ્ય વિકાસ દ્વારા ફિલ્મ નિર્માણનું ગ્લોબલ હબ બની રહેલું ભારત



ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં દેશ-વિદેશની પ્રસિધ્ધ હસ્તિઓનું સન્માન પેજ 56-59

**અનંતના જ્ઞાની**
રાષ્ટ્રીય ગણિત દિવસ 22 ડિસે. પર વિશેષ પેજ 04

**બંધારણ દિવસ**
કર્તવ્યના માર્ગે અધિકારની ખાતરી પેજ 05

**સાંસ્કૃતિક ગૌરવ બની રહી છે ભારતની ઓળખ**
સદીઓથી ધર્મ અને આસ્થાનાં કેન્દ્ર રહેલા અયોધ્યા, કાશી અને કેદારનાથ ધામની કાયાપલટ
પેજ 60

## કવર સ્ટોરીમાં વિશેષ અહેવાલો

**આરોગ્ય અને સ્વચ્છતા**
આરોગ્ય ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તનની પહેલ પેજ 11-19

**મેન્યુફેક્ચરિંગ**
પીએલઆઈ યોજના દ્વારા મેન્યુફેક્ચરિંગ સેક્ટરની દિશા બદલાશે પેજ 20-23

**ખેતર-ખેડૂત**
કૃષિ સાથે ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાની પહેલ પેજ 24-25

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર**
રોડથી રેલ સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વિકાસનો નવો અધ્યાય પેજ 26-31

**અર્થતંત્ર**
આત્મનિર્ભરતાના માર્ગ પર આગેકૂચ પેજ 32-34

**શિક્ષણ વ્યવસ્થા**
ભવિષ્યના ભારતના પાયા સમાન નિર્ણયો પેજ 35-36

**કૌશલ્ય વિકાસ**
કરોડો યુવાનોના સપના સાકાર કરવાની પહેલ પેજ 37-38

**પરપ્રાંતિય શ્રમિક**
આઝાદીના સાત દાયકા બાદ લાભ પહોંચ્યા પેજ 39

## અંદરના પાને....

**મફત અનાજ યોજનાનું વિસ્તરણ, કૃષિ કાયદા પાછા ખેંચાયા**
કેબિનેટના મહત્વના નિર્ણયો પેજ 40-43

**ઉત્તરપ્રદેશને નવા ભારતનું નજરાણું**
વડાપ્રધાને નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ કર્યો પેજ 44-45

**ઝાંસીની શૌર્ય ભૂમિથી રાષ્ટ્ર રક્ષાની પહેલ**
વડાપ્રધાને ડિફેન્સ કોરિડોરના ઝાંસી વિભાગનો શિલાન્યાસ કર્યો પેજ 46-47

**હવે પોલિસ દળમાં ટેકનોલોજી મિશન સ્થપાશે**
રાજ્યોનાં ડીજીપી સાથે પીએમનો સંવાદ પેજ 48

**આઈટી પ્રતિભાથી વિશ્વનું અર્થતંત્ર ડિજિટલ**
સિડની ડાયલોગમાં વડાપ્રધાનનું સંબોધન પેજ 49

**વીરોનું સન્માન**
રાષ્ટ્રીય રક્ષા અલંકરણ સમારોહ પેજ 50-51



**સામાજિક સુધારામાં મહત્વની ભૂમિકા નિભાવનાર અમર સેનાની**
આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો મહામના મદનમોહન માલવિય, કનૈયાલાલ મુન્શી, રામપ્રસાદ બિસ્મિલ સહિતનાં અન્ય સેનાનીઓની કહાની પેજ 52-55

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર

નવાં વર્ષની શરૂઆત નવા સંકલ્પ લેવાનો અવસર હોય છે, પણ અંતિમ મહિનો એટલે કે ડિસેમ્બરમાં સમગ્ર વર્ષની સમીક્ષા કરવી જરૂરી બની જાય છે. જો સંકલ્પ સિદ્ધિમાં પરિવર્તિત થઈ જાય તો મનમાં એક નવી ઊર્જાનો સંચાર થાય છે, જે નવા વર્ષમાં વધુ મજબૂતી સાથે આગળ વધવાનો ઉત્સાહ પૂરો પાડે છે. આ વર્ષનો ડિસેમ્બર મહિનો એટલાં માટે પણ મહત્વનો છે કે વર્તમાન કેન્દ્ર સરકાર તેની બીજી મુદતનો અડધો કાર્યકાળ પૂરો કરીને ત્રીજા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. વર્ષ 2021નો પ્રારંભ કોવિડની રસીની શોધની સૌથી મોટી આશા સાથે થયો હતો. રસીકરણમાં ભારતે સર્જેલા વિક્રમ દુનિયાની સામે છે. એ પછી 1 ફેબ્રુઆરીનાં રોજ ત્રીજા દાયકાના પ્રથમ સામાન્ય બજેટે રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાનો નવો સંકલ્પ આપ્યો હતો. નાણાંકીય વર્ષ પૂરું થવામાં ભલે હજુ ત્રણ મહિના બાકી છે, પણ સામાન્ય બજેટની મોટા ભાગની જાહેરાતો પર અમલ થઈ ચૂક્યો છે અને લોકોની અપેક્ષાઓ પૂરી થતી જોવાઈ રહી છે.

યોજનાઓનો સમયસર અમલ કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સબકા પ્રયાસ'ના મંત્રને સાકાર કરતાં ખાનગી ક્ષેત્રો અને ઉદ્યોગ જગત સાથે બજેટ પછી મુલાકાત કરીને વડાપ્રધાને સંસદીય ઇતિહાસમાં સૌથી અનોખી પહેલ કરી છે તથા તબક્કાવાર બજેટ પ્રક્રિયામાં સુધારાઓએ દેશની દિશા બદલી છે. તેનું પરિણામ એ આવ્યું કે સૂચનોને અમલમાં પરિવર્તિત કરીને જનતાની આશા ફળીભૂત થઈ અને દેશના અર્થતંત્રને નવી પાંખો મળી. વર્ષના પ્રારંભમાં ભારતે જે સંકલ્પ લીધો, તેને ડિસેમ્બર આવતા સુધીમાં સિદ્ધિમાં બદલી નાખ્યો. નવા ભારતની આ નવી કહાની આ વર્ષાંત વિશેષાંકની કવર સ્ટોરી છે. 'સંકલ્પથી સિદ્ધિ'ની આ યાત્રા સતત આગળ વધી રહી છે અને અટલ બિહારી વાજપેયીની ધરતી ઉત્તરપ્રદેશ પણ ભારતની વિકાસ યાત્રાનું સાક્ષી બની રહ્યું છે. જેવરમાં વિશ્વનાં ચોથા ક્રમનાં મોટાં એરપોર્ટનું શિલારોપણ, બજેટની જાહેરાતને અનુરૂપ 100 સૈનિક સ્કુલની શરૂઆત, બુંદેલખંડમાં વિકાસનાં કાર્યોનું આ અંકમાં વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. ડીજીપી કોન્ફરન્સ માનવ સંસાધનને મજૂબત રાખીને તેને ટેકનોલોજીથી સજ્જ કરીને દેશને નવી દિશા આપી રહી છે જેની માહિતી આ અંકમાં સામેલ છે.

અમૃત મહોત્સવની શ્રૃંખલામાં રાષ્ટ્રના મહાનાયકો- પંડિત મદનમોહન માલવીય, કનૈયાલાલ માણેકલાલ મુન્શી, પંડિત રામપ્રસાદ બિસ્મિલ, યુકિઆંગ નાંગબહ, ગોવિંદ ગુરુ, ઠાકુર પ્યારેલાલ સિંહની પ્રેરણાદાયક કહાનીઓ રાષ્ટ્ર ગૌરવની ગાથા વર્ણવી રહી છે, તો સરહદ પર સાહસનો પરિચય આપનાર જવાનોનાં સન્માનનો અહેવાલ પણ આ અંકમાં સમાવવામાં આવ્યો છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરો અને તમારા સૂચનો અમને આ સરનામે મોકલતા રહો

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

આપના સંપાદન હેઠળ તૈયાર થયેલો 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' નો 1-15 નવેમ્બરનો અંક મળ્યો. અંકની કોપી મોકલવા માટે આપનો આભાર. અંક જોયો અને વાંચ્યો. સુંદર લે આઉટ, કાગળ અને પ્રિન્ટીંગ ધરાવતા અંકમાં માહિતી પણ ખૂબ સરસ છે. વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીના સામર્થ્યવાન નેતૃત્વમાં ભારત આશ્ચર્યજનક રીતે જે વિકાસ કરી રહ્યો છે તેની ઝલક 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' વાંચવાથી મળે છે. 'જલ જીવન મિશન' તેમજ આઝાદીના અમૃત મહોત્સવની માહિતી પ્રેરક છે. આપને શુભ કામના....

**- કિશોર મકવાણા**

**namaskar.kk2@gmail.com**

હું સિવિલ સર્વિસિસ પરીક્ષાની તૈયારી કરું છું અને ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચું છું. આ મેગેઝીન સરકારની યોજનાઓ, સફળતાઓ અને અમલીકરણ અંગેની વિસ્તૃત જાણકારી સરળતાથી સમજી શકાય એવી ભાષામાં આપે છે. આ ઉપરાંત, આ મેગેઝીન ગુમનામ નાયક, નાયિકા, સ્વતંત્રતા સેનાનીઓ અને દેશ સેવા કરનારા બધાં લોકો અંગેની માહિતી આપે છે, જેમના વિષે ઈતિહાસમાં ભાગ્યે જ ભણાવવામાં આવે છે. મને આ મેગેઝીન વાંચવું ખૂબ ગમે છે.

**tiwariaman6471@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 16-30 નવેમ્બરનો અંક વાંચવાની તક મળી. તેમાં મહિલાઓના સશક્તિકરણ માટે લેવામાં આવેલાં પગલાંની માહિતી મળી. આ અંકમાં ગ્રામીણ મહિલાઓ સંબંધિત કલ્યાણ યોજનાઓની માહિતી મળી. ન્યૂ ઈન્ડિયા સમાચાર અમે નિયમિત વાંચીએ છીએ. ઓક્ટોબરના અંકમાં 100 કરોડ રસીકરણ વિશે વિસ્તારથી માહિતી વાંચી ગર્વ અનુભવીએ છીએ. કાશ્મીરમાં પર્યટન વધ્યું એ જાણીને આનંદ થયો. આશા રાખીએ છીએ કે વોટર હાર્વેસ્ટિંગ પર અહેવાલ આપો.

**અરવિંદ વિરાસ**

**echofoundation.india@gmail.com**

સંપાદકીયના પ્રારંભમાં 'સાદર નમસ્કાર' અને અંતમાં 'કોવિડથી સાવધાન રહો' આ બે શબ્દોથી મારું મન પ્રસન્ન થઈ ગયું. હવેથી હું તેનું પાલન કરીશ. તમારો ખૂબ ખૂબ આભાર.

**શ્યામ જી શુક્લ**

**utkatdeshprem@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 16-30 નવેમ્બરનો અંક વાંચીને બહુ સારો અનુભવ થયો. તેમાં આસિયાન દેશોની સાથે આંતરરાષ્ટ્રીય સંબંધો અંગેની માહિતી મળી. આ ઉપરાંત, મન કી બાત અને ભારતમાં મહિલા સશક્તિકરણ અંગે જ્ઞાનવર્ધક માહિતી મળી. વાસ્તવમાં, ન્યૂ ઈન્ડિયા સમાચાર યુવા, વૃદ્ધો તથા તમામ ભારતીય નાગરિકો માટે રાષ્ટ્રનિર્માણ સાથે સંકળાયેલી વિગતવાર માહિતી આપતું મજબૂત મેગેઝીન છે.

**પવનકુમાર ગુપ્તા**

**guptakpavan@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**


રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

## રાષ્ટ્રીય ગણિત દિવસ 22 ડિસેમ્બર પર વિશેષ

# અનંતના જ્ઞાની

એક વાર ક્લાસમાં ભણાવતી વખતે શિક્ષકે વિદ્યાર્થીઓને સમજાવતા કહ્યું કે જો તમે ત્રણ ફળોને ત્રણ વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચો તો પ્રત્યેકને એક ફળ મળે. એ જ રીતે છ ફળ છ વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવે તો પણ દરેકને એક ફળ મળશે. એટલે કે જેટલાં ફળ હોય એટલાં જ વિદ્યાર્થી હોય તો દરેકને એક ફળ મળે. એક વિદ્યાર્થી ઊભો થયો અને શિક્ષકને સવાલ કર્યો- ફળ પણ શૂન્ય હોય અને વિદ્યાર્થી પણ શૂન્ય હોય તો પણ શું દરેકના ભાગમાં એક ફળ આવશે? ક્લાસમાં બેઠેલાં તમામ વિદ્યાર્થી હસવા લાગ્યા, પણ આ સવાલે ગણિતના એ સૌથી અઘરા સવાલને ઉકેલવાનો રસ્તો તૈયાર કર્યો જેનો જવાબ એ સમયે આખી દુનિયા શોધતી હતી, કે થી 0ને 0થી ભાગવામાં આવે તો શું પરિણામ આવે.? આ પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થી હતો શ્રીનિવાસ રામાનુજન, જેણે આપેલા ગણિતના સિધ્ધાંતો પર આજે પણ દુનિયા સંશોધન કરી રહી છે...



જન્મઃ 22 ડિસેમ્બર, 1887 મૃત્યુઃ 26 એપ્રિલ, 1920

અમદાવાદના એક કાર્યક્રમમાં વડાપ્રન નરેન્દ્ર મોદીએ સંભળાવેલી આ કહાની ગણિતજ્ઞ રામાનુજનની પ્રતિભાનો આછો પરિચય છે. આ એ જમાનાની વાત છે જ્યારે ભારત ગુલામીમાં જકડાયેલું હતું. તામિલનાડુના ઈરોડમાં જન્મેલા રામાનુજને ગણિતની દુનિયામાં દરેક પ્રચલિત સિધ્ધાંતને પડકાર આપીને ભારતના ગૌરવનો સમગ્ર વિશ્વ સમક્ષ પરિચય કરાવ્યો. ગણિતના ક્ષેત્રમાં ધૂમકેતુની જેમ ચમકનાર શ્રીનિવાસ રામાનુજનના પરિવારનો ગણિત સાથે કોઈ સંબંધ નહોતો હતો. તેમના પિતા શ્રીનિવાસ આયંગર કાપડના વેપારીને ત્યાં મુનીમ હતા. રામાનુજન બાળપણથી જ કુશાગ્ર બુધ્ધિ ધરાવતા હતા અને મદ્રાસ યુનિવર્સિટીમાંથી 1903માં ધોરણ 10ની પરીક્ષામાં સારા માર્ક્સ મળતાં તેમને અનેક પુરસ્કારો પણ મળ્યા. એ જ વર્ષે તેમણે ક્યુબ અને બાયક્વાડ્રેટિક ઈક્વેશન હલ કરવાનું સૂત્ર શોધી કાઢ્યું. સમયની સાથે સાથે રામાનુજનને ગણિતમાં એટલો બધો રસ પડવા માંડ્યો કે 12માં ધોરણની પરીક્ષામાં ગણિત સિવાયના તમામ વિષયોમાં ફેઈલ થયા. બાદમાં તેમણે મદ્રાસની એક કોલેજમાં એડમિશન લીધું. અહીંયા પણ ગણિત સિવાયના બાકીના વિષયોમાં નિરાશા હાંસલ થઈ. આ દરમિયાન તેમનાં લગ્ન પણ થઈ ગયા. હવે તેમનાં પર પરિવારની જવાબદારી પણ હતી. તેઓ પોતાના ભૂતપુર્વ શિક્ષક પ્રોફેસર શેષુ ઐયરની ભલામણથી નેલ્લોરના તત્કાલીકન કલેક્ટર આર રામચંદ્ર રાવને મળ્યા, જેઓ એ સમયે ઈન્ડિયન મેથેમેટિકલ સોસાયટીના અધ્યક્ષ પણ હતા. આર રામચંદ્ર રાવે રામાનુજમની નોટબુક (જેમાં તેમણે પોતે શોધેલા સૂત્ર અને પ્રમેય લખ્યા હતા) જોઈ. ઘણું વિચાર્યા પછી તેમણે રામાનુજમ માટે પ્રતિ માસ 25 રૂપિયાના પુરસ્કારની વ્યવસ્થા કરી આપી. 1911માં બરનૌલી નંબર પર લખેલા રિસર્ચ પેપરથી તેમને ઘણી પ્રસિધ્ધિ મળી. 1912માં આર રામચંદ્ર રાવની મદદથી તેમને મદ્રાસ પોર્ટ ટ્રસ્ટના એકાઉન્ટ વિભાગમાં વર્ગ ત્રણ, ગ્રેડ ચારમાં ક્લાર્કની નોકરી મળી. 1913માં તેમણે પ્રસિદ્ધ અંગ્રેજ ગણિતજ્ઞ પ્રો. જી એચ હાર્ડીને 10 પાનાની ચિઠ્ઠી લખી. આ ઘટનાથી રામાનુજનના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું. પ્રથમ નજરે હાર્ડીને આ ચિઠ્ઠી શેખચલ્લીનાં ગપ્પા સમાન લાગી. પણ તેમણે ધ્યાનથી જોયું તો તેમાં ઘણાં પ્રમેય એવા હતા, જે તેમણે ક્યારેય જોયાં નહોતા કે વિચાર્યા નહોતા. હાર્ડીએ તેમનાં સહયોગી જેઇ લિટલવુડની સાથે મળીને રામાનુજનના કામની ગંભીરતાથી સમીક્ષા કરી. એ પછી હાર્ડીને એ સમજાઇ ગયું કે રામાનુજન ગણિતના બહુ મોટા વિદ્વાન છે. હાર્ડીએ રામાનુજનને કેમ્બ્રિજ આવવાનું આમંત્રણ આપ્યું. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં દરિયો પાર કરવા અંગેના અંધવિશ્વાસને તોડીને તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટી ગયા. રામાનુજન પહેલાંથી જ પ્રોફેસર હાર્ડીને 120 પ્રમેય મોકલી ચૂક્યા હતા. માર્ચ 1916માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં તેમનાં ગાણિતીક કાર્યોને ધ્યાનમાં રાખીને તેમને બીએની ડિગ્રી આપવામાં આવી. 1915થી 1918 દરમિયાન તેમણે અનેક રિસર્ચ પેપર લખ્યા. 6 ડિસેમ્બર, 1917નાં રોજ રામાનુજનને પ્રોફેસર હાર્ડીના પ્રયાસોથી 'રોયલ સોસાયટી ઓફ લંડન'ના ફેલો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ દરમિયાન, રામાનુજનની તબિયત ખરાબ થવા લાગી. 1919માં તેઓ ભારત પરત ફર્યા ત્યારે 'રાષ્ટ્રીય હીરો' તરીકે તેમનું સ્વાગત થયું. ગણિતમાં તેઓ સર્વોચ્ચ શિખર પર પહોંચી ગયા હતા. તેઓ ટીબીથી પિડાતા હતા. જાન્યુઆરી, 1920માં તેમણે પ્રોફેસર હાર્ડીને અંતિમ ચિઠ્ઠી લખી, જેમાં મોક થીટા ફંક્શન અંગે જણાવ્યું હતું. હાર્ડી તેનો જવાબ આપે તે પહેલાં રામાનુજનનું અવસાન થયું. 26 એપ્રિલ 1920નાં રોજ માત્ર 32 વર્ષની વયે તેમનું નિધન થયું. 1976માં કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કોલેજની રેન લાઈબ્રેરીમાં જ્યોર્જ ઇ એન્ડ્રુઝ નામના એક ગણિતજ્ઞને 100થી વધુ પાનાની નોટબુક એક પેટીમાં પડેલી જોવા મળી. આ નોટુબક રામાનુજનની હતી, જેમાં મોક થીટા ફંક્શનના સૂત્રો હતા.

શ્રીનિવાસન રામાનુજનના સૂત્રોનું વિસ્તરણ ક્યાં સુધી છે એ આપણને હજુ પણ ખબર નથી. સિગ્નલ પ્રોસેસિંગથી માંડીને બ્લેક હોલ ફિઝિક્સ સુધી તેમનાં સૂત્રો દરેક જગ્યાએ કામમાં આવી રહ્યા છે. દુનિયા 21મી સદીમાં એ સમજી શકી કે બ્લેક હોલને સમજવા માટે મોક થીટા ફંક્શન જરૂરી છે. ●



# બંધારણ દિવસ | બંધારણના કર્તવ્ય પથ પર અધિકારની ખાતરી

**રાષ્ટ્ર હિતને ઉપર રાખવામાં આવ્યું એટલાં માટે જ બંધારણનું ઘડતર થઈ શક્યું. આપણું બંધારણ માત્ર અનેક પ્રવાહોનો સંગ્રહ નથી, પણ હજારો વર્ષોની મહાન પરંપરા અને અખંડ પ્રવાહની આધુનિક અભિવ્યક્તિ છે. 2015માં બંધારણ દિવસ મનાવવાની શરૂઆત નાગરિકોના સશક્તિકરણમાં બંધારણની ભૂમિકાનું મૂલ્યાંકન કરવાની તક આપે છે. ડો. બી આર આંબેડકરની 125મી જન્મજયંતીની ઉજવણીના ભાગ રૂપે 2015માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી.**

બંધારણ સભાએ 26 નવેમ્બર, 1949નાં રોજ ભારતના બંધારણને અંગીકાર કર્યું હતું અને 26 જાન્યુઆરી, 1950નાં રોજ લાગુ થયું હતું, "નાગરિકો તરીકે આપણી ફરજ એ સમૃધ્ધ મૂલ્યોનું રક્ષણ કરવાની છે જેને ભારતીય બંધારણે આપણા માટે નક્કી કર્યા છે." બંધારણ દિવસની સાતમી વર્ષગાંઠ પ્રસંગે સંસદના સેન્ટ્રલ હોલમાં વડાપ્રધાનના આ શબ્દો સૂચવે છે કે આપણું બંધારણ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવામાં આપણું માર્ગદર્શન કરે છે અને અખંડતા તથા ન્યાયના પાયાના મૂલ્યોને સમૃદ્ધ કરે છે. નાગરિકો માટે પણ એ જરૂરી બની જાય છે કે આપણે ફરજના માર્ગ પર આગળ વધીએ, જેથી આપણા અધિકારોનું રક્ષણ થઈ શકે. 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસની મહેનત પછી તૈયાર કરવામાં આવેલા બંધારણની 71મી વર્ષગાંઠ 26 નવેમ્બર, 2021નાં રોજ મનાવવામાં આવી હતી.

> **"બંધારણની રચનામાં ચર્ચા અને તર્ક વિતર્ક મહત્વપૂર્ણ છે. બંધારણમાં ચર્ચા મહત્વનું પાસું છે અને તેનાથી દેશની પ્રગતિ અને લોકોનું કલ્યાણ થાય છે.**
> મુખ્ય ન્યાયમૂર્તિ એનવી રમણા, સુપ્રીમ કોર્ટ

> **"આઝાદીના અમૃત મહોત્સવમાં આપણે ફરજ પાલન દ્વારા અધિકારોનું રક્ષણ કરવાના માર્ગે ચાલીએ એ આપણા માટે બહુ જરૂરી છે. કર્તવ્ય એ માર્ગ છે જેમાં અધિકારની ખાતરી છે. એટલાં માટે આજે જ્યારે આપણે બંધારણ દિવસ મનાવી રહ્યા છે ત્યારે આપણી અંદર એ ભાવ સતત જાગતો રહે કે આપણે કર્તવ્યના માર્ગ પર ચાલતા રહીએ. કર્તવ્યને આપણે મોટા પાયે નિષ્ઠા અને તપસ્યા સાથે મનાવીશું તો દરેકના અધિકારોનું રક્ષણ થશે."**
> -નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

## બંધારણ દિવસની ઉજવણી

- રાષ્ટ્રપતિએ બંધારણ સભામાં થયેલી ચર્ચાની ડિજિટલ આવૃત્તિ, ભારતના બંધારણની લેખિત નકલની ડિજિટલ આવૃત્તિ અને ભારતના બંધારણની સુધારેલી આવૃત્તિનું વિમોચન કર્યુ, જેમાં અત્યાર સુધીના તમામ સુધારા સામેલ છે. તેમણે બંધારણીય લોકશાહી પર ઓનલાઇન ક્વિઝનું પણ ઉદઘાટન કર્યું હતું.
- લોક અભિયાન અને લોક ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે સંસદીય બાબતોના મંત્રાલયે બે પોર્ટલ વિકસાવ્યા છે, જેમાં 22 ભાષા અને અંગ્રેજી સહિત 23 ભાષાઓમાં બંધારણની પ્રસ્તાવનાનું ઓનલાઇન વાંચન અને બંધારણીય લોકશાહી પર ઓનલાઇન પ્રશ્નોત્તરીનો સમાવેશ થાય છે.
- આ પોર્ટલ 26 નવેમ્બર, 2021થી શરૂ થઈ ગયા છે. આ પોર્ટલ પર કોઈ પણ વ્યક્તિ રજીસ્ટ્રેશન કરાવી શકે છે અને 23માંથી કોઈ પણ ભાષામાં બંધારણની પ્રસ્તાવના વાંચી શકે છે અને પ્રમાણપત્ર મેળવી શકે છે.
- દર વર્ષે 26 નવેમ્બરમાં રોજ મનાવવામાં આવતા બંધારણ દિવસની પૂર્વ સંધ્યાએ અને 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગ રૂપે કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજિજુએ નવી દિલ્હી સ્થિત ડો. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્રના ભીમ ઓડિટોરિયમમાં ભારતીય બંધારણના ઓનલાઇન અભ્યાસક્રમનો શુભારંભ કર્યો હતો.

સંકલ્પથી સિદ્ધિ

# અપેક્ષાઓને સાકાર કરતું વર્ષ 2021

નવું વર્ષ નવાં સંકલ્પ અને નવી આશાઓ જગાવે છે, તો વર્ષના અંતિમ વર્ષમાં અપેક્ષાઓ કેટલી સાકાર થઈ તેની સમીક્ષા કરવી પણ જરૂરી છે. વળી, વિદાય લઈ રહેલાં વર્ષમાં કોવિડ જેવી કટોકટીની સ્થિતિમાં ભારતે આત્મનિર્ભરતાના માર્ગે ચાલવાનો જે સંકલ્પ લીધો હતો તેને પૂરો કરવો સહેજ પણ સરળ નહોતો, પણ આ સંકલ્પે આવનારા સમયમાં દેશની દશા અને દિશા નક્કી કરી. આત્મનિર્ભરતાનો આ સંકલ્પ આપણે બજેટમાં પણ જોયો. નાણાંકીય વર્ષ પૂરું થવામાં હજુ ત્રણ મહિનાનો સમય બચ્યો છે ત્યારે ગયા બજેટની મોટા ભાગની જાહેરાતો પર અમલ થઈ ગયો છે. સંકલ્પથી સિદ્ધિનું આનાથી મોટું ઉદાહરણ બીજું ક્યાં મળી શકે? આ સરકારમાં "ચલતા હૈ નહીં" પણ "બદલા હૈ, બદલ સકતા હૈ" ના અભિગમ દ્વારા કામ થઈ રહ્યું છે. નવા ભારતનો આ વિશ્વાસ દર વર્ષના પ્રારંભમાં કરવામાં આવતા સંકલ્પની સાથે એ અપેક્ષાઓને સાકાર કરી રહ્યો છે...



> “ અમે બજેટને એક મહિનો વહેલું કર્યું છે. એક મહિના પહેલાં કરવાનો મતલબ છે મારે દેશની આર્થિક વ્યવસ્થાને એક મહિનો પહેલાં દોડાવવી છે. ”

કુરુક્ષેત્રના યુધ્ધના મેદાનમાં અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને અનેક પ્રશ્નો પૂછ્યાં, ત્યારે કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું, “જેવો મનનો ભાવ હોય છે, તેવું જ કામનું પરિણામ હોય છે.” મનુષ્ય જે વાત પર વિશ્વાસ મૂકે છે, એ જ તેને પરિણામમાં દેખાય છે. નવા ભારત માટે પણ જો મનમાં પાકો વિશ્વાસ હોય, ઉજ્જવળ ભારત માટે સમગ્ર રાષ્ટ્ર સંકલ્પબધ્ધ હોય તો, એ વિશ્વાસ પ્રમાણે...સાધન, સામર્થ્ય અને સંસાધનોના ઉપયોગથી અને ત્યાગ તથા તપસ્યા દ્વારા ઈરાદા મજબૂત બની જાય છે અને આપો આપ મોટું પરિવર્તન આવી જાય છે અને સંકલ્પો સિધ્ધિમાં બદલાઈ જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિચાર સાથે સુધારાની યાત્રા પર આશાની ગાડી દોડાવવાની શરૂઆત કરી ત્યારે દેશની જનતાને પણ પોતાનાં નેતૃત્વના ઈરાદાઓ પર ભરોસો હતો. આને કારણે જ કોવિડે સર્જેલી પરિસ્થિતિમાં ભારતે જે સંકલ્પ લીધો હતો તે સમય કરતાં વહેલો સિધ્ધ થતો આજે દેખાઈ રહ્યો છે. કોવિડ જેવા વૈશ્વિક પડકારો વચ્ચે 2021ના પ્રારંભમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું, “આપણો દેશ 2021માં સફળતાનાં નવા શિખર સર કરે, વિશ્વમાં ભારતની ઓળખ વધુ મજબૂત થાય તેનાથી મોટી અપેક્ષા બીજી શું હોઈ શકે?” આ સંદેશમાં દેશની જનતાએ કોવિડ દરમિયાન વેઠેલી મુશ્કેલીઓ અને પડકારોનો પણ અહેસાસ હતો. ભારતે દરેક સમસ્યામાંથી

> “
> **21મી સદીમાં ભારતના સપના અને અપેક્ષાઓને પૂરી કરતાં હવે કોઇ વિધ્ન આપણને રોકી નહીં શકે. આપણી તાકાત આપણી જીવંતતા છે, આપણી તાકાત આપણી એકતા છે, આપણી પ્રાણશક્તિ ‘રાષ્ટ્ર પ્રથમ-સદૈવ પ્રથમ’ની ભાવના છે. આ સમય છે સામૂહિક સ્વપ્ન જોવાનું, આ સમય છે સામૂહિક સંકલ્પ કરવાનો.. અને આ સમય છે કે આપણે વિજય તરફ આગળ વધીએ.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



**બેટી બચાવો, બેટી પઢાઓ જેવા મહાઅભિયાનને કારણે દેશમાં પ્રથવાર સેક્સ રેશિયો 1000 પુરુષો સામે 1020 મહિલાઓનો રહ્યો.**

**નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પ્રમાણે ભારતમાં સંસ્થાકીય પ્રસુતિથી માંડીને બાળકોનાં રસીકરણ અને શિશુ જન્મદરમાં ક્રાંતિકારી ફેરફાર આવ્યો છે.**

નવો પાઠ શીખ્યો અને વિશ્વ સમક્ષ પોતાની નવી તાકાતનો પરિચય કરાવ્યો. આ તાકાતનું નામ છે-આત્મનિર્ભરતા. દેશે ભારતમાં જ બનેલી ચીજોને અપનાવવાનો સંકલ્પ લીધો, જે તેમની વિચારશૈલીમાં આવેલા પરિવર્તનનો જીવંત પુરાવો છે. દેશવાસીઓની વિચારશૈલીમાં આવેલાં આ પરિવર્તનને આંકવું સરળ નથી. અર્થશાસ્ત્રીઓ પણ પોતાના માપદંડોમાં તેનું મૂલ્યાંકન કરી શકે તેમ નથી. વર્ષ 2021માં રાષ્ટ્રની આ ભાવના 'સંકલ્પથી સિધ્ધિ'ના મંત્રમાં બદલાઈ ગઈ. આ વર્ષમાં સૌથી મોટી આશા ફળીભૂત થઈ હોય તો એ છે બે-બે સ્વદેશી રસી. એ વખતે ભાગ્યેજ કોઈ કહી શકતું હતું કે આ જ વર્ષે ભારત વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવનાર દેશ બની જશે. 16 જાન્યુઆરીનાં રોજ શરૂ થયેલા રસીકરણ અભિયાને માત્ર 9-10 મહિનાના ટૂંકા સમયગાળામાં 116 કરોડથી વધુ ડોઝ આપીને વિશ્વ વિક્રમ સર્જ્યો. આ અભિયાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરનાં રોજ અઢી કરોડથી વધુ લોકોને રસી લગાવીને ઈતિહાસ સર્જ્યો.

જાન્યુઆરીમાં શરૂ થયેલા રસીકરણ અભિયાન બાદ 1 ફેબ્રુઆરીનાં રોજ કોવિડનાં સમયમાં પ્રથમ ડિજિટલ સામાન્ય બજેટ રજૂ થયું ત્યારે સ્વાભાવિક રીતે જ 'જાન હૈ તો જહાન હૈ' અને 'જાન ભી જહાન ભી' તેનો આધાર બન્યું. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામને 21મી સદીના ત્રીજા દાયકાના પ્રથમ સામાન્ય બજેટમાં દુરોગામી અસર ધરાવતા સુધારાઓની જાહેરાત કરી, જેનો હેતુ આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને લઘુ-મધ્યમ અને લાંબા ગાળાના ઉપાયો દ્વારા ભારતીય અર્થતંત્રને મજબૂત બનાવવાનો હતો. નવા ભારતની દશા-દિશા નક્કી કરનારા આ બજેટના છ આધારસ્તંભ હતા. એવા મહત્વાકાંક્ષી ભારતનું નિર્માણ જ્યાં સમાજના તમામ વર્ગો માટે આરોગ્ય, શિક્ષણની પહોંચ વધે, રોજગારીની તકો પૂરી પાડવામાં આવે અને સાથે સાથે જીવનધોરણ ઊંચું આવે. એવા ભારતનું નિર્માણ જ્યાં બધાં માટે સમાન આર્થિક વિકાસની તકો હોય. એક એવા જવાબદાર સમાજનું નિર્માણ જ્યાં માનવીય, સહૃદય, અંત્યોદય, આસ્થાનો આધાર હોય. ભ્રષ્ટાચારમુક્ત નીતિ અને સક્ષમ શાસન હોય, મજબૂત નાણાકીય વ્યવસ્થા હોય. કેન્દ્ર સરકારે બજેટને માત્ર ઔપચારિક પ્રક્રિયા પૂરતું મર્યાદિત ન રાખ્યું, પણ જોગવાઈને સાકાર કરવાની પહેલ પણ કરી. રસીકરણ માટે રૂ. 35,000 કરોડની જોગવાઈ, આરોગ્ય ક્ષેત્રમાં ડિજિટલ વ્યવસ્થાને પ્રોત્સાહન, શાળામાં પોષણ અભિયાનને પાંચ વર્ષ માટે એક્સ્ટેન્શન, જલ જીવન મિશન, ઉજ્જવલા 2.0, શહેરોમાં સ્વચ્છતા માટે 2.0, અમૃત 2.0, સ્વચ્છ પર્યાવરણની દિશામાં સ્ક્રેપ પોલિસીનો અમલ, ભારતને પ્રોડક્શન હબ બનાવવા માટે 13 સેક્ટરમાં રૂ. બે લાખ કરોડની પીએલઆઈ, સાત ટેક્સટાઈલ પાર્કની પહેલ, નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન, હાઈવે, રેલવે, જળ માર્ગ, વીજળી, શહેરોમાં માળખાગત સુવિધા જેવા તમામ ક્ષેત્રો માટે પ્રધાનમંત્રી ગતિશક્તિ, લઘુતમ ટેકાના ભાવ પર કૃષિ ઉપજની ખરીદી, કૃષિ ઈન્ફ્રા ફન્ડની નીતિઓમાં

> **"અમારી વિચારધારા દેશ હિત માટે હોય છે. અમે એ વિચારધારામાં ઉછર્યા છીએ, જે રાષ્ટ્ર પ્રથમ (નેશન ફર્સ્ટ)ની વાત કરે છે. અમને રાજકારણના પાઠ રાષ્ટ્રનીતિની ભાષામાં ભણાવવામાં આવે છે એ અમારી વિચારધારા છે. અમારા રાજકારણમાં પણ રાષ્ટ્રનીતિ સર્વોપરી છે. અમને એવા સંસ્કાર મળ્યાં છે કે અમારે રાજકારણ અને રાષ્ટ્રનીતિમાંથી કોઇ એકની પસંદગી કરવાની હોય તો રાષ્ટ્રનીતિને સ્વીકારવી અને રાજકારણને નંબર બે પર મૂકવું. અમને ગર્વ છે કે અમારી વિચારધારા 'સબકા સાથ, સબકા વિકાસ સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ની વાત કરે છે અને એ જ મંત્રને જીવે છે.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન




**માત્ર 11 મહિનામાં કોવિડની બે સ્વદેશી રસી અને 9 મહિનામાં જ 100 કરોડના આંકડા પર પહોંચવું એ સંકલ્પથી સિધ્ધિનું પ્રમાણ છે.**

પરિવર્તન, સ્વામિત્વ યોજનાનું વિસ્તરણ, એક દેશ-એક રેશન કાર્ડ યોજનાનું વિસ્તરણ, ઈ-શ્રમ પોર્ટલ, દેશમાં 100 સૈનિક સ્કુલ શરૂ કરવાની પહેલ, લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, કૌશલ્ય વિકાસ, નાણાંકીય સુધારાઓના ઉપાય, મિનિમમ ગર્વમેન્ટ, મેક્સિમમ ગર્વનન્સ અને માત્ર નવ મહિનાની મુદતમાં બજેટની મોટા ભાગની જાહેરાતો પર અમલ થઈ ગયો છે.

### હિતધારકો સાથે વડાપ્રધાનનો સંવાદ

વીતેલા વર્ષમાં સરકારના કામકાજમાં ગતિ આવવા પાછળનું કારણ એ છે કે મે 2014માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ પોતાની સરકારની કામ કરવાની પધ્ધતિ અંગે રોડમેપ તૈયાર કરી રાખ્યો હતો. તેમનું કહેવું હતું કે, સરકારો લોકોને નવા અધિકાર આપતાં પહેલાં બહુ વાતો કરે છે, પણ બંધારણે તો પહેલાંથી જ ઘણાં બધાં અધિકાર આપેલાં છે, તેથી કાયદાની નહીં, પણ એક્શન એટલે કે નીતિઓ અને યોજનાઓ સાથે સંકળાયેલી જાહેરાતોનો વાસ્તવિક અમલ કરવાની જરૂર છે. લાલ કિલ્લા પરથી તેમનું પ્રથમ સંબોધન હોય કે 2021માં આઠમું સંબોધન. તેઓ સુશાસનના અભિગમ સાથે કડક નિર્ણયો લઈને તેને સમયબધ્ધ રીતે લાગુ કરવાની તરફેણમાં છે. વર્તમાન કેન્દ્ર સરકારની શાસનની ગતિનો અંદાજ તેનાં પરથી લગાવી શકાય કે સંસદમાં બજેટ રજૂ થયા પછી વડાપ્રધાન મોદીએ જાતે ડઝનથી વધુ સેક્ટરના હિતધારકો સાથે સીધો સંવાદ કર્યો. 1 ફેબ્રુઆરીનાં રોજ બજેટ રજૂ થયાના પખવાડિયાની અંદર 16 ફેબ્રુઆરીથી શરૂ થયેલી સંવાદ શ્રૃંખલામાં વડાપ્રધાને ઉદ્યોગપતિઓ સાથે વેબિનાર પર જોડાઈને ડિસઇન્વેસ્ટમેન્ટની તરફેણ કરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા, નાણાંકીય સંસાધનોનું એકત્રીકરણ, આરોગ્ય સુવિધાઓની જરૂર, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા, મોનેટાઇઝેશન, નાણાંકીય સેવા, કૃષિ, ખેડૂત, શિક્ષણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન માટેની પીએલઆઇ સ્કીમ

# રૂ. 107 લાખ કરોડની ગતિ શક્તિ જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નેશનલ માસ્ટર પ્લાન દ્વારા દેશમાં સંકલિત વિકાસને ગતિ

પર ભવિષ્યનાં રોડમેપ પર ચર્ચા કરી હતી.

## 'સંકલ્પથી સિધ્ધિ'ના માર્ગે સાતત્યપૂર્ણ વિકાસનો માર્ગ ચીંધ્યો

આજે ભારતને ગૌરવ અપાવનાર ખેલાડીઓનું સન્માન થઈ રહ્યું છે. રમતગમતમાં યુવાનોએ ભારતનું નામ ઉજળું કર્યુ છે. પ્રગતિના માર્ગે આગળ વધી રહેલા દેશ અને વિશ્વમાં સમગ્ર માનવ જાત સમક્ષ કોવિડના સમયગાળામાં બહુ મોટો પડકાર આવ્યો. પણ, ભારતે ખૂબ સંયમ, ધીરજ સાથે આ લડાઈ લડી છે. આ લડાઈમાં અનેક પડકારો આવવા છતાં દેશવાસીઓએ દરેક ક્ષેત્રમાં અસાધારણ ગતિથી કામ કર્યું. જો કે અહીં યાત્રા પૂરી નથી થતી. દેશે હજુ ઘણુ આગળ વધવાનું છે. તમામ ગામડાંમાં રસ્તા હોય, તમામ પરિવારોનાં બેન્ક ખાતા હોય, તમામ લાભાર્થીઓ પાસે આયુષ્યમાન ભારતનું કાર્ડ હોય. તમામ પાત્ર વ્યક્તિઓને ઉજ્જવલા યોજનામાં ગેસનાં જોડાણ મળે એ જરૂરી છે. સરકાર વીમા યોજના, પેન્શન યોજના, આવાસ યોજના સાથે દરેક પાત્ર વ્યક્તિને જોડવા માગે છે. વિકાસના ફળથી વંચિત રહી ગયેલા વર્ગ અને વિસ્તારને સાથે લઈને દેશ આગળ વધી રહ્યો છે. કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ,વર્ગ, કોઈ વિસ્તાર, દેશનો ખૂણો પાછળ ન રહી જાય. સર્વાંગી વિકાસના સંકલ્પ સાથે આધુનિક માળખાકીય સુવિધાઓ માટે પ્રયાસ ચાલી રહ્યો છે. આ દ્રષ્ટિકોણ સાથે પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

આધુનિક વિશ્વમાં પ્રગતિનો પાયો આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જ બને છે, જે મધ્યમ વર્ગની જરૂરિયાતો, આકાંક્ષાઓ પણ પૂરી કરે છે. આ વાતને સમજીને સરકારે જમીન, જળ અને આકાશ એમ દરેક ક્ષેત્રમાં અસાધારણ ઝડપ અને મોટા પાયા પર કામ કરીને બતાવ્યું છે. નવા જળમાર્ગ તથા સી પ્લેન સેવા શરૂ કરવામાં આવી છે. ભારતીય રેલવે પણ ઝડપથી આધુનિક અવતાર ધારણ કરી રહી છે. કોવિડ બાદ સર્જાયેલી આર્થિક પરિસ્થિતિમાં મેક ઈન ઈન્ડિયાને વેગ આપવા માટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઇ) યોજના પરિવર્તનનું માધ્યમ બની રહી છે. આ યોજનાને કારણે આવેલા પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ ઈલેક્ટ્રોનિક ક્ષેત્ર છે. મોટાં પરિવર્તન લાવવા અને

### બજેટ સુધારોઃ એક નવી દિશા

દેશમાં 'બજેટ પૂર્વે પરામર્શ'ની જ પરંપરા હતી. પણ સંસદીય ઈતિહાસમાં પ્રથમ વાર કોઈ સરકારે બજેટ પછી પણ તમામ હિતધારકોને એક મંચ પર લાવીને કામ શરૂ કર્યું, જેથી બજેટ માટે આવેલાં સૂચનોને અમલના તબક્કા સુધી લઈ જવાય. વડાપ્રધાન મોદી કહે છે, "દરેક ભારતવાસી પ્રગતિ માટે અધીરો છે. 130 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ અમને ઝડપથી આગળ વધવા માટે પ્રેરણા આપે છે. નવા ભારત સાથે સંકળાયેલી અપેક્ષાઓ જેટલી સરકાર પાસે છે, એટલી જ દેશનાં ખાનગી ક્ષેત્ર પાસે પણ છે." જીવનમાં ના સરકારનો અભાવ હોય, ના સરકારનો પ્રભાવ હોય. આ વિચાર સાથે સરકારે સામાન્ય બજેટને રાષ્ટ્ર નિર્માણનું માધ્યમ બનાવ્યું છે. આની શરૂઆત 2016માં કેબિનેટના એક મહત્વનાં નિર્ણય સાથે થઈ હતી, જ્યારે બજેટ રજૂ કરવાની તારીખને ફેબ્રુઆરીના છેલ્લાં દિવસથી આગળ કરીને પ્રથમ દિવસ કરવામાં આવી હતી. સરકારનું માનવું છે કે 1 એપ્રિલથી નવું બજેટ અમલી થાય તો એ જ દિવસથી તમામ યોજનાઓ પણ લાગુ કરી દેવી જોઇએ અને ફેબ્રુઆરી-માર્ચમાં તેની તૈયારી પૂરી કરી લેવી જોઇએ. સરકારની આ તૈયારીઓને પરિણામે કોવિડ મહામારી બાદ આવેલું ઐતિહાસિક બજેટ 'ન્યૂ ઈન્ડિયા'ના પાયાને મજબૂત કરવા અને ભારતને આર્થિક મહાસત્તા તરીકે સ્થાપિત કરવાનું સંકલ્પ પત્ર બન્યું. આ બજેટ પર અમલ કરીને દેશ હવે પ્રગતિનાં માર્ગે અગ્રેસર છે.

સુધારા કરવા માટે રાજકીય ઈચ્છાશક્તિની જરૂર પડે છે અને લોકો જોઈ રહ્યા છે કે ભારત સરકારમાં રાજકીય ઈચ્છાશક્તિની કોઈ કમી નથી. આજે દુનિયા જોઈ રહી છે કે ભારત કઈ રીતે સુશાસનનો નવો અધ્યાય લખી રહ્યું છે. પર્યાવરણના સંરક્ષણમાં ભારતનો અવાજ બુલંદ બની રહ્યો છે. 21મી સદીના ભારતમાં મોટાં લક્ષ્ય નિર્ધારિત કરીને તેને હાંસલ કરવાનું સામર્થ્ય છે. વિદાય લઈ રહેલા વર્ષની સમીક્ષા કરીએ તો, 2021નાં વર્ષમાં સરકારે અનેક સફળતા મેળવી. 'ભારત સર્વોપરિ'ના મંત્રના આ વર્ષમાં સમગ્ર રાષ્ટ્રએ સાબિત કરી દીધું છે કે ભારત કોઈનાથી ઉતરતું નથી. ભારતવાસીઓનો આ સંકલ્પ છે કારણ કે સંકલ્પની સાથે મહેનત અને પરાકાષ્ઠા ના હોય ત્યાં સુધી સંકલ્પ સિધ્ધિમાં પરિવર્તિત નથી થતો. વર્ષ 2021ના પ્રારંભમાં દેશની અપેક્ષાઓ કઈ રીતે સાકાર થઈ તે અંગે આ કવર સ્ટોરીમાં વાંચી શકશો.

# આત્મનિર્ભરતા દ્વારા ક્રાંતિકારી પરિવર્તનની પહેલ

કોવિડે આપણને એક પાઠ શીખવ્યો છે કે રોગચાળા સામેની લડાઈ આજ પૂરતી મર્યાદિત નથી, ભવિષ્યમાં આવનારી આ પ્રકારની પરિસ્થિતિ માટે પણ દેશને તૈયાર કરવાનો છે. તેથી, હેલ્થકેર સંબંધિત દરેક સેક્ટરને મજબૂત બનાવવું પણ એટલું જ જરૂરી છે. આ માટે ભારતના ખૂણે ખૂણે, છેવાડાના વિસ્તારોમાં શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓની જરૂર હતી. આ દિશામાં સૌથી મોટી અને નિર્ણાયક પહેલ આ વખતે સામાન્ય બજેટમાં કરવામાં આવી હતી, જ્યારે નાણામંત્રીએ ઈતિહાસમાં 137 ટકાના સૌથી મોટા વધારા સાથે આરોગ્ય ક્ષેત્રે ભારતની આત્મનિર્ભરતાની બ્લુ પ્રિન્ટ દેશ સમક્ષ રજૂ કરી હતી. પ્રથમ વખત આરોગ્ય ક્ષેત્રને સ્વચ્છતા સાથે જોડવામાં આવ્યું હતું. સર્વગ્રાહી અભિગમ સાથે આરોગ્ય ક્ષેત્ર સંબંધિત માળખાકીય સુવિધાઓને સુધારવાનો સરકારનો હેતુ હતો અને ચાર ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો-

1. રોગોને ડામવા માટે સ્વચ્છતા પર વિશેષ ધ્યાન
2. ગરીબોને સસ્તી અને અસરકારક સારવાર મળે
3. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોફેશનલની સંખ્યા અને ગુણવત્તામાં વધારો
4. સમસ્યા ઉકેલવા માટે મિશન મોડમાં કામ



**137** ટકા વધારો બજેટની જોગવાઇઓમાં. તેને વધારીને રૂ. 2,23,846 કરોડ કરવામાં આવ્યું

## આત્મનિર્ભર ભારત ડિજિટલ સ્વાસ્થ્ય મિશનની શરૂઆત...


**જાહેરાત** દેશના દરેક નાગરિકને ડિજિટલ હેલ્થ આઈડી આપવામાં આવશે, જેમાં તેમનો સંપૂર્ણ સ્વાસ્થ્ય રેકોર્ડ છે

**શું થયું** બજેટ પહેલાં જ વડાપ્રધાન મોદીએ 15 ઓગસ્ટ 2020ના રોજ લાલ કિલ્લા પરથી 6 રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે તેની શરૂઆત કરી હતી. 2021-22નાં બજેટમાં જોગવાઈ કર્યા બાદ 27 સપ્ટેમ્બરથી સમગ્ર દેશમાં તેની શરૂઆત કરવામાં આવી છે.

**પરિણામ**

તે દરેક નાગરિકને આપવામાં આવશે જે તેમના આરોગ્ય ખાતા તરીકે પણ કાર્ય કરશે. આ આરોગ્ય ખાતામાં દરેક ટેસ્ટ, દરેક રોગ, ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ, લીધેલી દવાઓ અને નિદાનની વિગતો હશે.

આરોગ્ય આઈડી મફત અને સ્વૈચ્છિક છે. તે આરોગ્ય ડેટાનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે અને આરોગ્ય કાર્યક્રમોના વધુ સારા આયોજન, બજેટ અને અમલીકરણની ખાતરી કરશે





# કોવિડ સામેની લડાઈમાં સફળતાની રસી



આ તસવીર હરદોઈ જિલ્લાના બડારા ગામની છે. કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત 'હર ઘર દસ્તક' કાર્યક્રમ અંતર્ગત આ રસીકરણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ હેઠળ વ્યક્તિ જ્યાં પણ છે, તેની પાસે જઈને તેનું રસીકરણ કરવામાં આવી રહ્યું છે.


જાહેરાત

**35,000 કરોડ રૂપિયાની જોગવાઈ કોવિડન રસી અને રસીકરણ અભિયાન માટે**

પરિણામ..


**16 જાન્યુઆરીએ બે સ્વદેશી રસીઓ સાથે વિશ્વનું સૌથી મોટું અને મફત રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. 100 કરોડ રસીકરણનો આંકડો પાર કરનાર ભારત વિશ્વનો બીજો દેશ બન્યો. 5 ડિસેમ્બર સુધીમાં 128 કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. આ આંક ઘણાં દેશોની વસતિ કરતા વધુ છે.**

ગયા વર્ષે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલાં જનતા કર્ફ્યુ અને પછી સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી, ત્યારે આપણે આફતના એવા વંટોળમાં ફસાયા હતા, જેના વિશે કોઈને કંઈ ખબર ન હતી. વિશ્વનો કોઈ દેશ આ મહામારી સામે લડવાના ઉપાય જાણતો ન હતો. દરેકના મનમાં સેંકડો પ્રશ્નો હતા. પરંતુ મહામારી શરૂ થયાના 11 મહિનાની અંદર જ ભારતમાં બે સ્વદેશી રસી શોધાઈ ગઈ અને રસીકરણ શરૂ થયાનાં માત્ર 9 મહિનામાં અમે 100 કરોડ રસીના ડોઝને પાર કરીને વિશ્વવિક્રમ સર્જી દીધો.



મધ્યપ્રદેશનાં દાતિયામાં જિલ્લા વહીવટીતંત્ર ઘરે-ઘરે જઈને માહિતી એકત્ર કરી રહ્યું છે.જેમણે હજુ સુધી રસી નથી લીધી. એવાં લોકોને તેમને તેમનાં ઘરે અને ખેડૂતોને ખેતરોમાં રસી આપવામાં આવી રહી છે. દેશમાં રસીકરણની જાગૃતિ લાવવા અને વધુને વધુ લોકો સુધી પહોંચવાના પ્રયાસ અંગેના અહેવાલ તમે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'માં વાંચ્યા હશે. ભારતની લગભગ 94 કરોડ પુખ્ત વસતિને રસીકરણ કરવા માટે જ્યારે 16મી જાન્યુઆરીથી હેલ્થકેર વર્કર્સથી આ મહાઅભિયાન શરૂ થયું ત્યારે કોઈને ખ્યાલ નહોતો કે માત્ર 9 મહિનામાં ભારત 100 કરોડ રસીના ડોઝનું સીમાચિહ્ન હાંસલ કરશે. વિશ્વ આરોગ્ય સંગઠનના ડેટા અનુસાર, ભારત આવી ક્ષમતા દર્શાવનાર વિશ્વનો માત્ર બીજો દેશ છે.

### આ રીતે ભારતમાં રસીકરણ અભિયાને વેગ પકડ્યો






## કોવિડના નવા વેરિન્ટ અને રસીકરણ અંગે વડાપ્રધાનની ઉચ્ચ સ્તરીય બેઠક

કોવિડના નવા વેરિન્ટ 'ઓમિક્રોન' અંગે વધતી જતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં નવા વેરિઅન્ટથી બચવા માટે ટ્રેકિંગ, ટેસ્ટિંગ, ટ્રેસિંગ પર ભાર મૂકવાનું જણાવવામાં આવ્યું છે. આની સાથે કેટલીક નવી માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે. જોખમી દેશો (એટ રિસ્ક)માંથી આવતા મુસાફરો માટે RTPCR ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. જ્યાં સુધી ટેસ્ટનું પરિણામ ન આવે ત્યાં સુધી મુસાફરો એરપોર્ટની બહાર નીકળી શકશે નહીં. તમામ એરપોર્ટ પર RTPCRની વધારાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જોખમ ધરાવતા દેશો સિવાયના અન્ય દેશોના મુસાફરોએ 14 દિવસ સુધી સ્વ-નિરીક્ષણ કરવું પડશે. એર સુવિધા પોર્ટલ પર ઉપલબ્ધ ડેક્લરેશન ફોર્મ પણ ભરવું પડશે અને છેલ્લાં 14 દિવસ ક્યાં ક્યાં પ્રવાસ કર્યો હતો તેની વિગતો પણ આપવાની રહેશે.

**માર્ગદર્શિકાની મુખ્ય વાતો-**

જો પોઝિટિવ રિપોર્ટ આવે તો જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવશે. સાત દિવસ એકાંત (સેલ્ફ આઈસોલેશન)માં રહેવું પડશે. વિદેશથી આવતા મુસાફરોની માહિતી મેળવવા માટેની સિસ્ટમ મજબૂત કરવામાં આવશે. આ ઉપરાંત, પોઝિટિવિટી રેટને પાંચ ટકાથી નીચે રાખવાનો લક્ષ્યાંક પણ આપવામાં આવ્યો છે.



# બાળકોને સલામતી કવચ

જાહેરાત

**સમગ્ર દેશમાં ન્યૂમોકોકલની સ્વદેશી રસીના અભિયાનની શરૂઆત**

**પરિણામ... 29 ઑક્ટોબરે આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ સમગ્ર દેશમાં ન્યુમોકોકલ કોન્જુગેટ રસીનું અભિયાન શરૂ કર્યું. તેનાથી દર વર્ષે 50 હજાર નિર્દોષ બાળકોનાં જીવ બચશે.**

બાળકો દેશનું ભવિષ્ય છે, તેથી તેમને સુરક્ષિત જીવન પ્રદાન કરવું એ પણ દેશનું મહત્વપૂર્ણ લક્ષ્ય છે. પરંતુ ભારતમાં, પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ન્યુમોકોકકલથી થતો ન્યુમોનિયા મૃત્યુનું મુખ્ય કારણ છે. તેથી જ બજેટમાં નાણામંત્રીએ આ વર્ષે ભારતના રસીકરણ કાર્યક્રમમાં સ્વદેશી ન્યુમોકોકલ રસીનો સમાવેશ કરવાની જાહેરાત કરી હતી. 29 ઓક્ટોબરે ભારતના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત હવે સમગ્ર દેશમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ન્યૂમોકોકલની સ્વદેશી રસી મફતમાં લગાવવામાં આવી રહી છે.

- સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ (યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામ-UIP) સૌથી મોટા જાહેર આરોગ્ય કાર્યક્રમોમાંનો એક છે, જે વાર્ષિક આશરે 2.67 કરોડ નવજાત શિશુઓ અને 2.9 કરોડ સગર્ભા સ્ત્રીઓને આવરી લે છે.

**12** **રોગ વિરુધ્ધ મફતમાં રસી આપવામાં આવી રહી છે UIP અંતર્ગત**

**રાષ્ટ્રીય સ્તર પર 10 બિમારીઓ વિરુધ્ધ રસીકરણ કરવામાં આવી રહ્યું છે**

**• ડિપ્થેરીયા, • પર્ટુસિસ, • ટિટનેસ, • પોલિયો,ઓરી, • રૂબેલા (બાળકોમાં ટીબીનું ગંભીર સ્વરૂપ), • રોટાવાયરસ ડાયેરિયા, • હેપેટાઇટિસ બી, • હિમોફિલીસ ઇન્ફ્લુએન્ઝા ટાઇપ બીને કારણે થતો મેનેન્જાઇટીસ અને ન્યૂમોનિયા**

ઉપ-રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક સ્તરે ન્યૂમોક્કોકલ અને જાપાનીઝ એન્સિસિફિલિટીસ એમ બે રોગો સામે રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.



જાહેરાત

**ઓક્સિજન ઉત્પાદનમાં વધારો, જેથી કટોકટીના સમયમાં જરૂરિયાત પ્રમાણે ઓક્સિજનનો પૂરવઠો મળી રહે**

પરિણામ.. ઓક્ટોબર સુધીમાં દેશમાં 1,200થી વધુ પ્રેશર PSAને પીએમ કેર્સ અંતર્ગત ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે, જેમાંથી 1,100થી વધુ પ્લાન્ટ ચાલુ કરવામાં આવ્યા છે, જેનાથી પ્રતિ દિવસ 1,750 મેટ્રિક ટનથી વધુ ઓક્સિજનનું ઉત્પાદન થાય છે.

**ઓઇલ અને ગેસ કંપનીઓ દ્વારા 62 પીએસએ પ્લાન્ટની સ્થાપના. આમ હવે, ઓક્સિજન ઉત્પાદન ક્ષમતા 10 ગણાથી વધી ગઈ છે.**

**આઝાદી પછી આરોગ્ય અને આરોગ્ય સુવિધાઓ પર જોઇએ તેટલું ધ્યાન આપવું જોઇતું હતું, તેટલું નથી આપવામાં આવ્યું. હેલ્થકેર સિસ્ટમમાં અભાવને કારણે ગરીબ અને મધ્યમ વર્ગ ચિંતિત રહેતો હતો. આ યોજના આ ખામીને દૂર કરવાનો ઉપાય છે. અમે રોગચાળાનો સામનો કરવા માટે સક્ષમ બનીએ તે માટે આરોગ્ય તંત્રને તૈયાર કરવામાં આવી રહ્યું છે.**

**નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**
**(વારાણસીમાં આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની શરૂ કરતી વખતે)**

# આરોગ્ય માળખું બદલવાની શરૂઆત

જરૂરત 64,180 કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના દ્વારા બ્લોકથી માંડીને શહેરો સુધી આરોગ્ય સેવાઓનું આધુનિક માળખું તૈયાર કરવું

પરિણામ... 25 ઓક્ટોબરનાં રોજ વારાણસીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 6 વર્ષની યોજનાની શરૂઆત કરી દીધી છે.



કોવિડ સમયે સર્જાયેલી પરિસ્થિતિ પરથી બોધપાઠ લઈને કેન્દ્ર સરકારે સંક્રમક રોગનું નિદાન અને તેની રોકથામ માટે તપાસ અને સારવારનું મજબૂત માળખું સ્થાપવા પર ભાર મૂક્યો છે. પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત આ દિશામાં સૌથી મહત્વનું પગલું છે. ગામ, બ્લોક, જિલ્લા, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તર સુધી ક્રિટિકલ હેલ્થકેર મજબૂત થાય તેવો લક્ષ્ય છે. આ મિશનના ત્રણ પાસા છે

- ડાયગ્નોસ્ટિક સિસ્ટમ હેઠળ, આરોગ્ય અને વેલનેસ સિસ્ટમ સાથે મફતમાં રોગની તપાસ કરવામાં આવશે, જો સમસર રોગનું નિદાન થશે તો રોગ ગંભીર થવાની સંભાવના ઘટી જશે.
- તેની સારવાર માટે 600થી વધુ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર બેડ તૈયાર કરવામાં આવશે. 125 જિલ્લાઓમાં રેફરલ સેવા. તાલીમ, ક્ષમતા નિર્માણ અને હોસ્પિટલમાં સુવિધાઓમાં વધારો થશે. સર્જરી નેટવર્ક મજબૂત બનાવવા માટે રાજ્યોમાં ચોવીસ કલાક ચાલતા ઓપરેશન ઈમરજન્સી સેન્ટર પણ સ્થાપવામાં આવશે.
- રોગોની તપાસ સાથે સંકળાયેલું ટેસ્ટિંગ નેટવર્ક બીજો મહત્વનો મુદ્દો છે. જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે. 730 જિલ્લામાં ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ ડેવલપ થશે. આ નેટવર્કને વધુ મજબૂત બનાવવામાં આવશે. રિસર્ચ સંસ્થાઓને મજબૂત બનાવવામાં આવશે. આને કારણે દેશના ખૂણે ખૂણે સારવાર અંગેની ઈકો સિસ્ટમ વિકસાવવામાં આવશે.

## 602 જિલ્લામાં ક્રિટીકલ કેર યુનિટની શરૂઆત

- વિશેષ ફોકસ ધરાવતા 10 રાજ્યોમાં 17,788 ગ્રામીણ આરોગ્ય કેન્દ્રો માટે મદદ. તમામ રાજ્યોમાં 11,024 શહેરી આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રોની સ્થાપના
- દેશનાં તમામ જિલ્લાઓમાં સંકલિત જાહેર આરોગ્ય લેબોરેટરીની સ્થાપના કરવામાં આવશે અને 11 રાજ્યોના 3382 બ્લોક્સમાં જન આરોગ્ય એકમો પર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- દેશનાં 602 જિલ્લા અને 12 કેન્દ્રીય સંસ્થાઓમાં ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકની સ્થાપના. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ (NCDC)ની પાંચ પ્રાદેશિક શાખાઓ અને 20 મેટ્રોપોલિટન હેલ્થ સર્વેલન્સ યુનિટ્સને મજબૂત બનાવવામાં આવશે.
- જાહેર આરોગ્ય લેબોરેટરીઝને જોડવા માટે તમામ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઈન્ટીગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પોર્ટલનું વિસ્તરણ કરવામાં આવશે. 17 નવા જાહેર આરોગ્ય એકમોની સ્થાપના કરવામાં આવશે તથા 32 એરપોર્ટ, 11 સી પોર્ટ અને સાત લેન્ડ ક્રોસિંગ્સ પર સ્થિત વર્તમાન 33 જાહેર આરોગ્ય એકમોને મજબૂત કરવામાં આવશે.

# સ્વસ્થ ભારત તરફ આગેકૂચ

જાહેરાત

**દેશમાં આયુષ સંસ્થાઓમાં શિક્ષણ અને તાલીમનું વિસ્તરણ**

**પરિણામ..** 14 જુલાઈએ કેબિનેટે મંજૂરી આપી. આ અંતર્ગત દેશભરમાં આયુષ શિક્ષણ સંસ્થાઓને મજબૂત કરવા અને આયુષ સેવાઓ તથા દવાઓને સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે 'રાષ્ટ્રીય આયુષ મિશન'ને કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાનાં રૂપમાં રૂ. 4607 કરોડની જોગવાઈઓ સાથે 31 માર્ચ, 2026 સુધી ચાલુ રાખવામાં આવશે.

### પરિણામ



- આયુષ પ્રણાલિનાં શિક્ષણ અને તાલીમનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, જેથી સારવારને બદલે નિવારણ પર આધારિત તબીબી વ્યવસ્થાને વધુ સારો આકાર આપી શકાય.
- આનાથી આરોગ્ય પ્રણાલી પર રોગના ખર્ચનું ભારણ ઘટશે અને રોગોના નિવારણ સંબંધિત ભારતની સૌથી જૂની પ્રણાલિને દેશ અને વિદેશમાં વધુ લોકપ્રિય બનાવવામાં આવશે.
- 12 હજારથી વધુ આયુષ હેલ્થ-વેલનેસ સેન્ટર સ્થાપવાની શરૂઆત કરવામાં આવી છે. દેશભરમાં 6 આયુષ કોલેજો, 12 પીજી આયુષ સંસ્થાઓ, 10 અંડરગ્રેજ્યુએટ સંસ્થાઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે
- 50 બેડ, 30 બેડ, 10 બેડની નવી આયુષ હોસ્પિટલોના નિર્માણની શરૂઆત. આ ઉપરાંત 50 બેડ ધરાવતી 101 હોસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 152 આયુષ ડિસ્પેન્સરીને અપગ્રેડ કરવામાં આવી રહી છે.
- અરૂણાચાલના પાસીઘાટમાં આયુષના નેશનલ ઈસ્ટર્ન ઈન્સ્ટિટ્યુટ ઓફ ફોક મેડિસીન (NEIFM)માં આયુર્વેદ રિસર્ચને વેગ મળશે. તે ટ્રાન્સ હિમાલયન વિસ્તારોમાં હોવાથી આયુષના તમામ ક્ષેત્રોમાં રિસર્ચને પ્રોત્સાહન મળશે.

જાહેરાત

**રોગચાળા સામે અસરકારક અને ત્વરિત પ્રતિસાદ માટે જિલ્લા સ્તરની ક્ષમતાને મજબૂત બનાવવી**

**પરિણામ...** કેન્દ્રીય કેબિનેટે 8 જુલાઈના રોજ કોવિડ-19 ઈમરજન્સી રિસ્પોન્સ અને હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ'ના બીજા તબક્કાને મંજૂરી આપી હતી. આ અંતર્ગત રાજ્યોને સહાય આપવામાં આવશે. તમામ 736 જિલ્લામાં બાળ ચિકિત્સા એકમો અને દરેક રાજ્યમાં બાળ ચિકિત્સા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

### પરિણામ



- પબ્લિક હેલ્થકેર સિસ્ટમમાં 20,000 ICU બેડ વધારવામાં આવ્યા છે, જેમાંથી 20 ટકા બાળકોના ICU બેડ હશે.
- હાલના સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, 6-20 બેડ ધરાવતા પેટા આરોગ્ય કેન્દ્રોમાં વધારાના બેડ ઉમેરવામાં આવશે.
- ટિયર-2 અને ટિયર-3 શહેરો-જિલ્લા વડામથકોમાં 50-100 બેડની મોટી પ્રાદેશિક હોસ્પિટલો સ્થાપવામાં આવશે
- મેડિકલ ગેસ પાઈપલાઈન સિસ્ટમ સાથે 1050 લિક્વિડ મેડિકલ ઓક્સિજન સ્ટોરેજ ટેન્કની સ્થાપના. 8800 એમ્બ્યુલન્સનો પણ સમાવેશ કરવામાં આવશે.
- સેન્ટ્રલ હોસ્પિટલો, AIIMS અને રાષ્ટ્રીય મહત્વની અન્ય સંસ્થાઓ, નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC)ને મજબૂત કરવામાં આવશે.
- તમામ જિલ્લા હોસ્પિટલોમાં મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ અમલી બનાવવામાં આવશે, હાર્ડવેર ક્ષમતામાં વધારો થશે
- ઈ-સંજીવની પોર્ટલમાં દૈનિક ટેલિ-કન્સલ્ટેશનની સંખ્યા 50,000થી વધારીને પાંચ લાખ કરવામાં આવશે.

# સ્વચ્છતાની નવી સવાર સાથે હવે શહેરોને નવું જીવન

**ઉદ્દેશ** અમૃત મિશન અને સ્વચ્છ ભારત મિશન દ્વારા 'ઇઝ ઓફ લિવિંગ'ની દિશામાં આગળ વધવું.

**પરિણામ.. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 1 ઓક્ટોબરનાં રોજ અમૃત 2.0 અને સ્વચ્છ ભારત મિશન 2.0ની શરૂઆત કરી.**

ગામડાઓમાંથી ઘણા લોકો સારા જીવનની આકાંક્ષા સાથે શહેરોમાં આવે છે. પરંતુ તેમનું જીવનધોરણ ગામડાં કરતાં પણ મુશ્કેલ સ્થિતિમાં રહે છે. આ તેમનાં પર બેવડા માર સમાન છે. એક તો ઘરથી દૂર, અને ઉપરથી આવી સ્થિતિમાં રહેવાનું. સ્વચ્છતા અને સારું જીવન એ સારા સ્વાસ્થ્ય તરફનું પ્રથમ પગલું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વચ્છ ભારત અને ગુણવત્તાયુક્ત જીવન અને શહેરોમાં સુવિધાઓના વિસ્તરણના લક્ષ્યને પૂરો કરવા માટે સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 અને અમૃત યોજના 2.0 શરૂ કરવામાં આવી હતી.

## સ્વચ્છતા 2.0ની શરૂઆત

- 3.5 લાખથી વધુ વ્યક્તિગત, સામુદાયિક અને જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન શહેરી 2.0 દ્વારા એક લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોમાં પ્રવાહી કચરાનું સંપૂર્ણપણે વ્યવસ્થાપન કરવામાં આવશે.
- આ ઉપરાંત, તેમાં અમૃત અંતર્ગત ન આવતા શહેરોમાં દુષિત અને કાળા પાણીનું વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવશે. સાથે સાથે, તેની અંતર્ગત શહેરોની સ્થાનિક સુધરાઈઓને ઓડીએફ+ અને એક લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોને ઓડીએફ++ બનાવવાની યોજના છે, જેથી શહેરી વિસ્તારોમાં સલામત સ્વચ્છતાના લક્ષ્યને પૂરું કરી શકાય.
- ઘન કચરાના 100% નિકાલ સાથે સ્ત્રોતમાંથી જ કચરાને અલગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સિંગલ યુઝ પ્લાસ્ટીકને તબક્કાવાર રીતે બંધ કરવાની સાથે બાંધકામ અને તોડફોડ દરમિયાન ઉત્પન્ન થતા કચરાના પ્રોસેસિંગ માટેની સુવિધાઓ શરૂ કરવામાં આવી રહી છે.
- વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે, ખાસ કરીને 5 લાખની વસતિ ધરાવતા શહેરોમાં, મશીનો દ્વારા સફાઈ માટે કામદારોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન સાથે સંકળાયેલા કર્મચારીઓના કૌશલ્ય વિકાસની સાથે વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે



**1,41,600** કરોડ રૂપિયાનો ખર્ચ થશે સ્વચ્છ ભારત મિશન 2.0 હેઠળ, જે આ મિશનના પ્રથમ તબક્કા કરતાં અઢી ગણો વધારે છે

# મિશન અમૃત 2.0: ગટર અને સેપ્ટિક મેનેજમેન્ટ સાથે જળ સુરક્ષિત શહેરો

**2,97,000** કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે મિશન અમૃત 2.0 દ્વારા શહેરી પરિવારોને પીવાલાયક અને કિફાયતી જળ પુરવઠો તથા સ્વચ્છતા સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે



- અમૃત 2.0નું લક્ષ્ય આશરે 4,700 ગામ, શહેરોને 'જળ સુરક્ષિત'બનાવવાનું છે. તે પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા, જળ સંસ્થાઓને પુનર્જીવિત કરવા, જળાશયોનું વધુ સારી રીતે સંચાલન કરવા, ટ્રીટેડ વેસ્ટ વોટરનો પુનઃઉપયોગ કરવા માટે અમૃતની પ્રગતિ માટે કામ કરશે, જેનાથી જળ અર્થતંત્રને વેગ મળશે.
- રિસાઇકલિંગ અને ટ્રીટેડ વેસ્ટ વોટરના પુનઃવપરાશથી શહેરોની પાણીની 20 ટકા અને ઉદ્યોગજગતની 40 ટકા માંગ પૂરી થવાની સંભાવના છે.અભિયાન હેઠળ કુદરતી સંસાધનોને કાયમી બનાવવા માટે સ્વચ્છ જળાશયોને પ્રદૂષિત થવાથી બચાવવામાં આવશે.
- અમૃત 2.0 અંતર્ગત સર્ક્યુલર ઇકોનોમીના સિદ્ધાંતોને અપનાવવામાં આવશે અને ભૂગર્ભ જળ એકમોનાં સંરક્ષણ અને કાયાપલટને પ્રોત્સાહન મળશે. આ મિશન આધુનિક અને વૈશ્વિક ટેકનોલોજી અને કૌશલ્યનો ઉપયોગ કરીને ડેટા આધારિત ગવર્નન્સને પ્રોત્સાહન આપશે. શહેરો વચ્ચે પ્રગતિશીલ સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે 'પીવાના પાણીનો સર્વે' કરાવવામાં આવશે. અમૃત 2.0નો કુલ ખર્ચ આશરે રૂ. 2,97,000 કરોડ છે.

### અમૃત 2.0નો હેતુ

**2.68** કરોડ ઘરોમાં નળનાં જોડાણો આપીને 4,700 શહેરી સ્થાનિક સુધરાઈનાં તમામ ઘરોમાં પાણી પુરવઠાનું 100 ટકા કવરેજ

**100%** કવરેજ 500 અમૃત શહેરોમાં સીવરેજ અને સેપ્ટેજનું, આશરે 10.6 કરોડ લોકોને લાભ થશે.



તાજા પાણીના સતત પુરવઠામાં વધારો કરવા માટે જળ એકમોનો કાયાકલ્પ અને શહેરી જળ સંસ્થાઓનું સંચાલન


એક લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોને અમૃત અંતર્ગત આવરી લેવામાં આવ્યા. 100% શહેરી ભારતને આવરી લેવાનું લક્ષ્ય છે, તેમાં 500 શહેરોથી માંડીને તમામ કદનાં 4372 શહેર છે. આ અભિયાનનો હેતુ સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવામાં આવશે..

# જળ સલામતી તો દેશ સલામત

જાહેરાત

જલ જીવન મિશન (શહેરી) માટે પાંચ વર્ષમાં રૂ. 2,87,000 કરોડ. આ યોજના દ્વારા 2.86 કરોડ ઘરોમાં નળનું જોડાણ પૂરું કરવામાં આવશે. તમામ 4,378 શહેરી સુધરાઈમાં પાણી પુરવઠાની વ્યવસ્થા સાથે 500 અમૃત શહેરોમાં પ્રવાહી કચરાનાં નિકાલની વ્યવસ્થા.

પરિણામ...આઝાદીના 72 વર્ષ બાદ પણ દેશનાં 19 કરોડ ગ્રામીણ ઘરોમાંથી માત્ર 3.23 કરોડ ઘરો સુધી જ નળ દ્વારા પાણી પહોંચતું હતું. માત્ર 25 મહિનાઓમાં પાંચ કરોડથી વધુ પરિવારોને નળ દ્વારા પાણીનુ જોડાણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. 2024 સુધી તમામ ઘરોમાં જોડાણનો લક્ષ્ય છે.



## ઘરોની કુલ સંખ્યા
**19,22,41,339**


**15 ઓગસ્ટ 2019ની સ્થિતિ**

નળ જોડાણવાળા ઘર
**3,23,62,838**
**16.83%**

**23 નવેમ્બર 2021 સુધી**

નળ જોડાણવાળા ઘર
**8,53,62,376**
**44.40%**

મિશનના પ્રારંભ બાદ આપવામાં આવેલા કુલ નળ જોડાણ
**5,29,99,538**





6 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના 100 ટકા ઘરોમાં નળ દ્વારા પાણી ઉપલબ્ધ છે

## હર ઘર જલ...

| | |
|---|---|
| જિલ્લા 83 | બ્લોક 1,001 |
| પંચાયતો 61 હજાર | ગામડાં 1.24 લાખ |
| સ્કૂલ 80% | આંગણવાડી 76.4% |

## વિક્રમજનક જોડાણો




(આંકડા 23 નવેમ્બર, 2021 સુધીનાં)

# પીએલઆઇથી 'મેડ ઇન ઈન્ડિયા' મેક ફોર ધ વર્લ્ડ'નો માર્ગ મોકળો

જાહેરાત

**13 સેક્ટરમાં પાંચ વર્ષ માટે 1.97 લાખ કરોડ રૂપિયાની મદદથી પર્ફોમન્સ લિન્ક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ)ની શરૂઆત**

**પરિણામ... સામાન્ય બજેટનાં 23 દિવસ બાદ કેબિનેટે આઇટી સેક્ટરમાં પીએલઆઇ યોજનાને મંજૂરી આપી. એ પછી 15 સપ્ટેમ્બર સુધી એક પછી એક 12 સેક્ટર્સમાં પીએલઆઇને મંજૂરી આપવામાં આવી.**

**ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગ**
**10,900** કરોડ રૂપિયાની જોગવાઈ
**2.5** લાખ રોજગારની તકો

**આઇટી હાર્ડવેર**
**7,350** કરોડ રૂપિયાની જોગવાઈ
**1.8** લાખ રોજગારની તકો

**એસી/ એલઇડી બલ્બ**
**6,238** કરોડ રૂ.ની જોગવાઈ
**04** લાખ રોજગારની તકો

**ફાર્મા સ્યુટિકલ ઉદ્યોગ**
**15,000** કરોડ રૂ.ની જોગવાઈ
**1.00** લાખ રોજગારની તકો

**ટેલિકોમ ઉત્પાદન**
**12,195** કરોડ રૂ.ની જોગવાઈ
**40** હજાર રોજગારની તકો


### ડ્રોન અને તેની સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ

*__કુલ ખર્ચઃ__ આગામી ત્રણ વર્ષમાં 120 કરોડ રૂપિયા. __નવું રોકાણઃ__ રૂ. 15,000 કરોડનાં રોકાણનું અનુમાન. 900 કરોડ રૂપિયાનો બિઝનેસ અને વધારાના 10,000 રોજગારની તકો સર્જાશે*

### ટેક્સટાઇલ

*__કુલ ખર્ચઃ__ આગામી પાંચ વર્ષમાં 10,683 કરોડ રૂપિયા. ત્રણ લાખ કરોડથી વધુના બિઝનેસનું અનુમાન. 7.5 લાખ વધારાના રોજગારની તકો પેદા થશે*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અભિયાનનો આ મહત્વપૂર્ણ હિસ્સો છે. પીએલઆઇ યોજના દ્વારા એ ખાસ 13 સેક્ટર્સ પર ફોકસ કરવામાં આવ્યું છે, જેમાં ભારતને અત્યાર સુધી સૌથી વધુ આયાત પર આધાર રાખવો પડતો હતો. આ યોજના અંતર્ગત સરકાર ઉદ્યોગોને ઉત્પાદનનો સરેરાશ પાંચ ટકા ખર્ચ પ્રોત્સાહન તરીકે આપે છે. આ સ્કીમ દ્વારા મોટાં રોકાણકારોને રોકાણ માટે આકર્ષવામાં આવી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે પીએલઆઇ યોજનાને કારણે આ સેક્ટર્સની કાર્યક્ષમતા લગભગ બે ગણી થઈ જશે. તેનાથી ઉત્પાદન અને નિકાસ વધશે એટલું જ નહીં, પણ આવક વધવાથી





**ઉત્પાદન વધારવા માટે ઉદ્યોગોને અનેક પ્રકારની છૂટ અંગે તમે પહેલાં પણ તમે સાંભળ્યું હશે, પણ કોવિડ દરમિયાન મુશ્કેલીને તકમાં બદલવા માટે પ્રથમ વાર કેન્દ્ર સરકારે મેન્યુફેક્ચરિંગ સેક્ટર સાથે સંકળાયેલા 13 મહત્વનાં સેક્ટર્સ માટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવની જોગવાઈ સામાન્ય બજેટમાં કરી. તેનાં દ્વારા પાંચ વર્ષમાં આશરે 37 લાખ કરોડ રૂપિયાના ઉત્પાદનની સાથે એક કરોડ વધારાના રોજગાર સર્જવાનું લક્ષ્ય છે.**

**સોલર પીવી મોડ્યુલ્સ**
**4,500** કરોડ રૂ.ની જોગવાઈ
**1.5** લાખ રોજગારની તકો

**ફાર્મા સ્યુટિકલ એપીઆઇ**
**6,940** કરોડ રૂ.ની જોગવાઈ



**ઇલેક્ટ્રોનિક ઉત્પાદન**
**40,951** કરોડ રૂ.ની જોગવાઈ
**2.5** લાખ રોજગારની તકો

**મેડિકલ ઉપકરણ**
**3420** કરોડ રૂ.ની જોગવાઈ
**2.5** લાખ રોજગારની તકો

**ઓટો મોબાઇલ ઉપકરણો**
**42,500** કરોડ રૂ.નું નવું રોકાણ
**7.5** લાખ વધારાનાં રોજગાર

**સ્પેશિયલ સ્ટીલ**
*કુલ ખર્ચઃ રૂ. 6322 કરોડ.* ***ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુ બિઝનેસનો અંદાજ.***
*68,000 પ્રત્યક્ષ અને 5.25 લાખ નવી રોજગારીનું સર્જન થશે.*



માંગ ક્ષમતામાં પણ વધારો થશે. આમ બેવડો ફાયદો થશે. આ યોજનાની વ્યાપક અસર દેશના એમએસએમઈ સેક્ટર પર પણ થશે. હકીકતમાં, દરેક સેક્ટરમાં જે સહાયક યુનિટ બનશે, તેને સમગ્ર વેલ્યુ ચેઈનમાં નવા સપ્લાયર બેઝની જરૂર પડશે. આ પ્રકારના સહાયક એકમો મોટા ભાગે એમએસએમઈ સેક્ટરમાં જ બનશે. એમએસએમઈને આવી સંભાવનાઓ માટે તૈયાર કરવાનું કામ પહેલેથી શરૂ કરી દેવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે, પીએલઆઇ સ્કીમના અનેક સેક્ટર્સ ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરો પર ફોકસ કરી રહ્યા છે. ટેક્સટાઇલ અને ફુડ પ્રોસેસિંગ આવું જ એક સેક્ટર છે.

## ટેક્સટાઇલ સેક્ટર
# હવે સ્થિતિ બદલવાની તૈયારી

ભારત ટેક્સટાઇલ સેક્ટરમાં વિશ્વનું છઠ્ઠા ક્રમનું મોટું નિકાસકાર છે. ભારતના કુલ નિકાસમાં ટેક્સટાઇલનો હિસ્સો આશરે 11-12 ટકા છે અને કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં તેનો હિસ્સો 13-15 ટકા છે. આ સેક્ટરને વેગ આપવા માટે પીએલઆઇ યોજના અંતર્ગત બજેટમાં રૂ. 10,000 કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી, તો સાત નવા ટેક્સટાઇલ પાર્ક દ્વારા આ સેક્ટરને વિશ્વ સ્તરની માળખાગત સુવિધાઓ આપવાની શરૂઆત પણ કરવામાં આવી.

**જાહેરાત**

ત્રણ વર્ષમાં સાત નવા ટેક્સટાઇલ પાર્કની શરૂઆત. નિકાસને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ટેક્સટાઇલ ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધા માટે સજ્જ કરવો. રોજગારીની નવી તકો પેદા કરવી.

**પરિણામ...**

- વૈશ્વિક ટેક્સટાઇલ ઉદ્યોગમાં ભારતને મજબૂત કરવા માટે કેન્દ્રીય કેબિનેટે સાત પીએમ મિત્ર ટેક્સટાઇલ પાર્ક બનાવવા માટે 6 ઓક્ટોબરનાં રોજ મંજૂરી આપી.
- પીએમ મિત્ર એક જ સ્થળ પર કાંતણ, વણાટ, પ્રોસેસિંગ, રંગકામ અને છાપકામથી માંડીને તૈયાર કપડાં ઉત્પાદન સુધીની ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઇલ વેલ્યુ ચેઇન બનાવવાની તક પૂરી પાડશે.

**પ્રતિ પાર્ક રોજગાર**

**01** લાખ લોકોને પ્રત્યક્ષ રોજગાર

**02** લાખ લોકોને અપ્રત્યક્ષ રોજગાર



# ઈનોવેશન અને રિસર્ચથી પ્રગતિનો માર્ગ

ઈનોવેશન અને રિસર્ચ 21મી સદીની સૌથી મોટી જરૂરિયાત છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં 2014માં 81માં ક્રમ પરથી ભારત 46માં ક્રમે પહોંચી ગયું છે, જેનાં માટે ઈનોવેશન અને રિસર્ચને પ્રાથમિકતા આપવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અભિગમ જવાબદાર છે. એટલાં માટે જ કેન્દ્ર સરકારની યોજના હોય કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સરકારે ઈનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને મહત્વનું સ્થાન આપ્યું છે. સરકારે 2021-21નાં સામાન્ય બજેટમાં આરએન્ડડીનો સમાવેશ કર્યો છે.

**જાહેરાત**

- નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા રૂપિયા 50,000 કરોડનાં ખર્ચે દેશમાં રિસર્ચ સંલગ્ન ઈકો સિસ્ટમને મજબૂત બનાવવી.
- રાષ્ટ્રીય ભાષા અનુવાદ મિશનની શરૂઆત
- પીએસએલવી-સીએસ51નું લોચિંગ
- ડિસેમ્બર 2021માં પ્રથમ માનવરહિત ગગનયાન મિશન લોંચ કરવામાં આવશે

**પરિણામ...**

- નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપનાનો પ્રસ્તાવ 26 જુલાઈનાં રોજ મૂકવામાં આવ્યો હતો. પાંચ વર્ષ માટે તેનું બજેટ રૂ. 50,000 કરોડ છે.
- પહેલાં મોટા ભાગની ઓનલાઇન સામગ્રી માત્ર અંગ્રેજીમાં ઉપલબ્ધ રહેતી હતી, રાષ્ટ્રીય અનુવાદ મિશન હવે ઉચ્ચ શિક્ષણ અંગેની સંપૂર્ણ શૈક્ષણિક સામગ્રીનો 22 ભારતીય ભાષાઓમાં અનુવાદ કરાવી રહ્યું છે.
- વર્ષ 2021નાં પોતાનાં પ્રથમ મિશન અંતર્ગત 28 ફેબ્રુઆરીનાં રોજ ઇસરોએ પીએસએલવી-સીએસ51ને લોંચ કર્યુ. આ રોકેટ દ્વારા બ્રાઝીલના એમેઝોનિયા-1 ઉપગ્રહની સાથે બીજાં 18 ઉપગ્રહ પણ અવકાશમાં મોકલવામાં આવ્યા છે. સેટેલાઇટ ઉપરાંત ભગવદ ગીતાની ઇલેક્ટ્રોનિક કોપી પણ અવકાશમાં મોકલવામાં આવી છે. કોવિડને કારણે ગગનયાન મિશનમાં થોડો વિલંબ થયો છે. તેમ છતાં બહુ જલ્દી માનવરહિત મિશન લોંચ કરવાની સંભાવના છે.



# દેશની પ્રથમ સ્ક્રેપ નીતિ

**જાહેરાત** જૂના અને જર્જરિત વાહનોના નિકાલ માટે બજેટમાં પ્રથમ વાર સ્ક્રેપ નીતિની જાહેરાત કરવામાં આવી. પર્યાવરણની સલામતી સાથે રોજગાર સર્જનનું વચન

**પરિણામ...** 13 ઓગસ્ટે ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ સમક્ષા તેની બ્લૂ પ્રિન્ટ રજૂ કરી. તેનું નોટિફિકેશન 7 ઓક્ટોબરનાં રોજ બહાર પાડવામાં આવ્યું. ઉત્તરપ્રદેશના નોઈડામાં દેશનું પ્રથમ સ્ક્રેપ સેન્ટર થઈ ચૂક્યું છે.

દેશમાં જૂના અને જર્જરિત વાહનોના નિકાલ માટે કેન્દ્રીય બજેટમાં પ્રથમ વખત સ્ક્રેપ પોલિસીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ખાનગી વાહનો માટે 20 વર્ષ અને કોમર્શિયલ વાહનો માટે 15 વર્ષની મુદત નક્કી કરવામાં આવી હતી. તેનાથી પર્યાવરણમાં સુધારો થવાની અને રૂ. 10,000 કરોડના રોકાણ સાથે 50,000 નવી નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે

**05%**

**રાહત આપવામાં આવશે નવી કાર ખરીદતી વખતે નવી સ્ક્રેપ પોલિસી હેઠળ**

**4-6%**

**માલિકને આપવામાં આવશે કાર સ્ક્રેપ કરવાથી નવી સ્ક્રેપ પોલિસી હેઠળ. રજીસ્ટ્રેશન ફી માફ કરાશે**

**25%**

**સુધીની રાહત આપવામાં આવશે રોડ ટેક્સ પર ત્રણ વર્ષ માટે નવી સ્ક્રેપ પોલિસી હેઠળ**

**40,000**

**કરોડ જીએસટી આવક થશે, જ્યારે લોકો જૂની કાર ભંગારમાં આપીને નવી કાર ખરીદશે.**

- હવે કાર સ્ક્રેપિંગથી ઉત્પાદક સ્ક્રેપ મળશે અને કાર ઉત્પાદક કંપનીઓને સસ્તામાં કાચો માલ મળશે.
- વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસીથી તમામ હિતધારકોને ફાયદો થશે અને ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળશે. વળી, આ નીતિથી રોજગારીની તકો પણ વધશે.
- જૂની કાર ભંગારમાં આપવાથી અને રૂ. 5 લાખની કિંમતની નવી કાર ખરીદવા પર રૂ. 25,000નું ડિસ્કાઉન્ટ મળશે.
- જો કોઈ વ્યક્તિનું વાહન ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ જાય તો તેણે તેનું વાહન દેશભરમાં નોંધાયેલા 60 થી 70 સ્ક્રેપ સેન્ટર્સમાં જમા કરાવવાનું રહેશે.
- વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસીથી લોકો ઈલેક્ટ્રિક વાહનો અપનાવે અને જૂના વાહના દૂર થવાથી પ્રદૂષણમાં ઘટાડો થવાની અપેક્ષા છે.



કવર સ્ટોરી
આત્મનિર્ભર કૃષિ

# સમૃધ્ધ ખેડૂત, સશક્ત ભારત

**આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં આત્મનિર્ભર કૃષિ મહત્વપૂર્ણ છે. એટલાં માટે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનો યોગ્ય વિકાસ એ કેન્દ્ર સરકારની ટોચની પ્રાથમિકતાઓમાં સામેલ છે. દેશના 80 ટકાથી વધુ ખેડૂતો એવા છે જેમની પાસે 2 હેક્ટરથી ઓછી જમીન છે. દેશમાં અગાઉની નીતિઓમાં આ નાના ખેડૂતો પર જેટલું ફોકસ કરવું જોઈતું હતું તેટલું નહોતું થતું, પરંતુ આ સરકારમાં નાના ખેડૂતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આગામી વર્ષોમાં દેશના નાના ખેડૂતોની સામૂહિક શક્તિમાં હજુ વધારો કરવો પડશે. તેમને નવી સુવિધાઓ આપવી પડશે.** નાના ખેડૂત દેશનું ગૌરવ બને એ નવા ભારતનું સપનું છે.



જાહેરાત

## તમામ કૃષિ ઉત્પાદનો પર લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) દોઢ ગણા કરવા

- કૃષિ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ દોઢ ગણા સુનિશ્ચિત કરતી વખતે સરકાર દરેક પાકની મોસમમાં તેનું ધ્યાન રાખી રહી છે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ (CCEA) એ 8 સપ્ટેમ્બર 2021ના રોજ વાવણીની મોસમ પહેલા, રવી માર્કેટિંગ સિઝન (RMS) 2022-23 માટે તમામ નિર્દિષ્ટ રવિ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં વધારાને મંજૂરી આપી છે.
- રવી માર્કેટિંગ સિઝન 2022-23 દરમિયાન રવી પાક માટે મંજૂર કરાયેલી એમએસપી ઉત્પાદન ખર્ચ કરતાં 1.5 ગણી વધુ અથવા સમાન છે
- ખેડૂતોને તેમના ઉત્પાદન ખર્ચ પર સૌથી વધુ વળતર ઘઉં (100 ટકા) અને રેપસીડ/સરસવ (100 ટકા) બાદ મસૂર (79 ટકા), ચણા (74 ટકા) અને પછી જવ (60 ટકા) અને કુસુમ (50 ટકા) પર મળવાની સંભાવના છે

**MSP પર ખરીદી અને ચુકવણીની પ્રક્રિયા ઝડપી કરવામાં આવી, જેના કારણે ખેડૂતોને રેકોર્ડ ચુકવણી થઈ હતી.**

| પાક | 2013-14 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|
| ઘઉં | 33,874 | 62802 | 75060 |
| ચોખા | 63928 | 1,41,930 | 1,72,752 |
| દાળ | 236 | 8285 | 10,530 |

(તમામ આંકડા કરોડ રૂપિયામાં)

## ટોચનાં 10 દેશોમાં ભારત

**કૃષિ સુધારાઓનાં પરિણામે ભારત કોવિડ સમયગાળા દરમિયાન કૃષિ ઉત્પાદનોની નિકાસના સંદર્ભમાં વિશ્વના ટોચના 10 દેશોમાં સ્થાન પામ્યું હતું**





## સ્વામિત્વ યોજના

જાહેરાત

**આ યોજનાને તમામ રાજ્યોમાં વિસ્તારવામાં આવશે. 1241 ગામોમાં 1.80 લાખ મિલકત માલિકોને કાર્ડ આપી દેવામાં આવ્યા છે.**

- બજેટ રજૂ થયાના ત્રીજા મહિનામાં જ 24 એપ્રિલનાં રોજ પંચાયતી રાજ દિવસના પ્રસંગે આ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી. વડાપ્રધાને સ્વામિત્વ યોજના અંતર્ગત ઈ-સંપત્તિ કાર્ડના વિતરણનો શુભારંભ કર્યો.
- આ પ્રસંગે 5,000થી વધુ ગામોમાં 4.09 લાખ સંપત્તિ માલિકોને તેમનાં ઈ-સંપત્તિ કાર્ડ આપવામાં આવ્યા. આ યોજના 2021-2025 દરમિયાન દેશભરના લગભગ 6.62 લાખ ગામડાંને આવરી લેશે.
- ઓક્ટોબરમાં મધ્યપ્રદેશમાં સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓ સાથે વડાપ્રધાને સંવાદ કર્યો. આ પ્રસંગે 3,000થી વધુ ગામના 1.7 લાખથી વધુ લાભાર્થીઓને ઈ-સંપત્તિ કાર્ડ આપવામાં આવ્યા.

જાહેરાત

**ઓપરેશન ગ્રીન સ્કીમનો દાયરો વધારીને કુલ 22 નાશવંત ચીજો સમાવવામાં આવી, જેથી કૃષિ અને સંલગ્ન ચીજોના મૂલ્યવર્ધનને પ્રોત્સાહન મળે.**

- દેશમાં 38 મેગા ફુડ પાર્કને અંતિમ મંજૂરી તથા ત્રણ મેગા ફુડ પાર્કને સૈધ્ધાંતિક રૂપે મંજૂરી આપવામાં આવી. આમાંથી 22 મેગા ફુડ પાર્ક પ્રોજેક્ટ્સને કાર્યાન્વિત કરી દેવામાં આવ્યા છે.
- ખેડૂતોની આવક વધારવા માટે મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલાં કેરી, કેળાં, સફરજન, પાઈનેપલ, ફ્લાવર, બીન્સ સહિતની 22 નાશવંત ચીજોનાં મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા માટેનાં પ્રયાસ ચાલુ છે. 2021-22ના બજેટમાં સરકારે 'ઓપરેશન ગ્રીન્સ સ્કીમ'નો વ્યાપ ટામેટા, ડુંગળી અને બટાકા (TOP) થી વધારીને 22 નાશવંત ચીજો સુધી વધારવાની જાહેરાત કરી છે.
- પરિવહન સાધનોનાં અભાવે ખેતર કે રસ્તામાં ઉપજ બગડશે નહીં, કૃષિ ઉડાન 2.0 શરૂ કરવામાં આવી છે. મુખ્યત્વે દેશના 53 એરપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે



## મત્સ્યપાલન

જાહેરાત

**સમુદ્રમાં આધુનિક ફીશ પોર્ટ અને ફીશ લેન્ડિંગ સેન્ટર્સના વિકાસ માટે રોકાણ. પાંચ મોટાં ફીશ પોર્ટ કોચી, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, પારાદીપ અને પેટુઆઘાટને આર્થિક પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે.**

**1033** | **બાયોફ્લોક એક્મો અને 1553 રીસર્ક્યુલેટરી એક્વાકલ્ચર સિસ્ટમ્સને મંજૂરી**

**પરિણામ....** સરકારનું ફોકસ 2025 સુધીમાં 22 મિલિયન ટન માછલીનું ઉત્પાદન અને એક લાખ કરોડ રૂપિયાની નિકાસ કરવાનું છે. તમામ પાત્ર પશુપાલન, ડેરી અને મત્સ્ય ખેડુતોને કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા પૂરી પાડવા માટે રાષ્ટ્રવ્યાપી AHDF KCC અભિયાનની શરૂઆત કરવામાં આવી. ભારત સરકારે મે 2020માં 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' ના રૂપમાં એક મહત્વની યોજના શરૂ કરી, જેમાં આત્મનિર્ભર ભારત પેકેજ હેઠળ અત્યાર સુધીમાં અંદાજે રૂ. 20,050 કરોડનું રોકાણ કરવામાં આવ્યું. અભ્યાસક્રમ મોબાઈલ એપ મત્સ્ય સેતુ લોન્ચ કરવામાં આવી.

જાહેરાત

**નાણાકીય વર્ષ 2022માં કૃષિ ધિરાણનો લક્ષ્યાંક વધારીને રૂ.16.5 લાખ કરોડ કરવામાં આવ્યો છે. પશુપાલન ડેરી અને મત્સ્યપાલન ફોકસ ક્ષેત્રો હશે. રૂરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ રૂપિયા 30,000 કરોડથી વધારીને 40,000 કરોડ કરવામાં આવશે.**

**પરિણામ...** 8 જુલાઈએ કેન્દ્રીય કેબિનેટે 'એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ' હેઠળ ધિરાણ સુવિધાની કેન્દ્રીય ક્ષેત્રની યોજનામાં નીચેના સુધારાઓને મંજૂરી આપી હતી.

- પાત્રતાનું વિસ્તરણ કરીને રાજ્ય એજન્સીઓ, એપીએમસી સંઘો, રાષ્ટ્રીય અને રાજ્ય સહકારી મંડળીઓના સંઘો, ખેડૂત ઉત્પાદક સંસ્થાઓના સંઘો (FPOs) અને સ્વ-સહાય જૂથોના સંઘોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- એપીએમસી માટે એક જ માર્કેટ યાર્ડની અંદર કોલ્ડ સ્ટોરેજ, સોર્ટિંગ, ગ્રેડિંગ, એસેઈંગ યુનિટ્સ, સાઈલો (ગોડાઉન) વગેરેના પ્રત્યેક પ્રોજેક્ટ માટે રૂપિયા બે કરોડ સુધીના ધિરાણ માટે વ્યાજમાં રાહત આપવામાં આવશે.
- આ યોજનામાં સુધારા રોકાણ મેળવવામાં અનેક રીતે મદદરૂપ સાબિત થશે અને તેનાથી નાના અને સીમાંત ખેડૂતો સુધી લાભ પહોંચે તે પણ સુનિશ્ચિત થશે.

# રાષ્ટ્રની દિશા-દશા બંને બદલવાની તૈયારી

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક એવું ક્ષેત્ર છે, જે ફક્ત 'ઈઝ ઓફ લિવિંગ'સાથે જ સંબંધિત નથી, પરંતુ તે રોકાણ દ્વારા રોજગાર સર્જન અને રાષ્ટ્રની આર્થિક પ્રગતિ સાથે પણ જોડાયેલું છે. આ સ્થિતિમાં દાયકાઓથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સ અને સર્વગ્રાહી વિકાસની રાહ જોઈ રહેલા વિસ્તારોમાં હવે કેન્દ્ર સરકારે ટેક્નોલોજીને આધાર બનાવીને માળખાકીય કામોમાં નવા રેકોર્ડ બનાવ્યા છે. 107 લાખ કરોડ રૂપિયાની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અને ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન દ્વારા ભારત હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં ક્ષેત્રમાં નવી ઊંચાઈ હાંસલ કરવાની દિશામાં છે.**



## જાહેરાત

- બજેટ દરમિયાન નાણાંમંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા સેકટર્સ માટે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. જેમાં મહત્વનાં અનેક સેક્ટર્સમાં વિસ્તરણનો સમાવેશ થાય છે.
- 2025 સુધીમાં 7,400 પ્રોજેક્ટને આવરી લેવા માટે રૂ. 111 લાખ કરોડની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનનું વિસ્તરણ.
- મોનેટાઈઝેશન દ્વારા સરકારી સંપત્તિઓનાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા ભંડોળ એકત્રીકરણ
- ગતિશક્તિ યોજના દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા તમામ પ્રોજેક્ટ્સને એક પ્લેટફોર્મ પર લાવવાં
- રોડ, હાઈવે, રેલવે, ઈકોનોમિક કોરિડોર, એક્સપ્રેસ વે, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટ, જળમાર્ગોનું વિસ્તરણ, ઉજ્જવલા યોજનામાં એક કરોડ નવા લાભાર્થી જોડવા.

## પરિણામ

- માળખાકીય સુવિધાઓ સારી બનાવવી એ કેન્દ્ર સરકારનો મુખ્ય એજન્ડા રહ્યો છે. પ્રમાણમાં ઊંચા વૃદ્ધિ દરને ટકાવી રાખવાની ભારતની મહત્વાકાંક્ષા અને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું સ્વપ્ન મહદ્ અંશે આ એક પરિબળ પર આધાર રાખે છે. આ હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2019ના સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન 102 લાખ કરોડ રૂપિયાની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન કાર્યક્રમની જાહેરાત કરી હતી.
- આ વર્ષના સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે તેનું વિસ્તરણ કર્યું છે. 2030 સુધી ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવું સ્વરૂપ આપવાનો હેતુ છે. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા સેક્ટરનું વિસ્તરણ કરતાં પૂરતું ભંડોળ ઉપલબ્ધ કરવાની સાથે નિર્ધારિત મુદતમાં પ્રોજેક્ટ પૂરો કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.
- હાલમાં આ અંતર્ગત 155.51 લાખ કરોડ રૂપિયાના 14,912 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.

# 'મોનેટાઈઝેશન'થી આધુનિકીકરણ

- 23 ઓગસ્ટનાં રોજ નાણાં મંત્રી નિર્મલા સીતારામને દેશ સમક્ષ નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇનની રૂપરેખા રજૂ કરી હતી. આ યોજના અંતર્ગત વર્ષ 2022થી 2025 સુધી ખાનગી ક્ષેત્રને રૂ. છ લાખ કરોડની અસ્ક્યામતો ભાડાં પર આપવામાં આવશે. તેમાં રેલવે, વીજળીથી માંડીને રોડ સહિતની માળખાકીય સુવિધાઓ સાથે સંકળાયેલી અસ્ક્યામતોનો સમાવેશ થાય છે.
- એસેટ મોનેટાઇઝેશનમાં સંપૂર્ણ રીતે ઉપયોગ ન થયો હોય તેવી જાહેર ક્ષેત્રની અસ્ક્યામતો ભાડે આપીને આવકનાં નવા સંસાધનો એકત્ર કરવા. આને બ્રાઉનફીલ્ડ એસેટ્સ કહેવાય છે.
- આ એસેટ્સને એક ચોક્કસ મુદત માટે ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવશે. નિશ્ચિત સમય પૂરો થયા પછી તે સરકારને પાછી આપવામાં આવશે. ચાર વર્ષની મુદત એટલે કે નાણાંકીય વર્ષ 2022-25 દરમિયાન એનએમપી અંતર્ગત કુલ સંપત્તિનું અંદાજિત મૂલ્ય રૂ. છ લાખ કરોડ છે. મોનેટાઇઝેશન દ્વારા એકત્ર કરવામાં આવનારા રૂ. છ લાખ કરોડને લોકહિતના અન્ય કાર્યોમાં કરવામાં આવશે.



## મોનેટાઇઝેશનઃ આ સેક્ટરમાંથી નાણાં આવશે

- સરકારે આ કાર્યક્રમ હેઠળ રૂપિયા છ લાખ કરોડની જે સંપત્તિ ઓળખી કાઢી છે, તેમાં રોડ સૌથી ઉપર છે. તેનાં દ્વારા રૂ. 1,60,200 કરોડ એકત્ર કરવામાં આવશે.
- સરકારનો હેતુ હાઇવેને બિલ્ડ, ઓપરેટ, ટ્રાન્સફર (BOT) મોડલ પર ટ્રાન્સફર કરીને 1.5 લાખ કરોડ રૂપિયા ભેગાં કરવાનું લક્ષ્ય છે.
- એ પછી બીજો ક્રમ રેલવેનો છે, જેમાં સરકારે રૂ. 1.52 લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્ય રાખ્યો છે.
- એ પછી પાવર સેક્ટર, જેમાં પાવર ગ્રિડની ટ્રાન્સમિશન લાઇનનું મોનેટાઇઝેશન કરીને સરકારે રૂ. 45,200 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

**39,832**


કરોડ રૂપિયાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. NTPC, NHPC અથવા કોલ ઈન્ડિયાના હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સનાં મોનેટાઇઝેશન દ્વારા.

**24,000**

કરોડ રૂપિયાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ગેસ સેક્ટરમાં GAILની પાઇલાઇનનાં મોનેટાઇઝેશન દ્વારા.

> **સરકારની એ ફરજ છે કે તે દેશના વેપાર ઉદ્યોગને સંપૂર્ણ મદદ કરે. સરકાર પોતે ઉદ્યોગ ચલાવે અને માલિક બની જાય તે આજના સમયમાં શક્ય નથી. સરકારનું ફોકસ જન કલ્યાણ અને વિકાસ સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ પર હોવું જોઇએ.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન **(બજેટ પછી હિતધારકો સાથે સંવાદ દરમિયાન)**

# ગતિશક્તિ દ્વારા રાષ્ટ્રના વિકાસને વધુ વેગ



- તમે તમારી આસપાસનાં વિસ્તારોમાં ઘણી વાર એક પટ્ટી કે બોર્ડ જોયું હશે.. Work in progress..... ઘણી વાર રોડ બન્યા પછી સંબંધિત વિભાગનાં ધ્યાનમાં આવે છે કે અહીં ઓપ્ટિકલ ફાઈબર અથવા કોઈ કેબલ નાખવાનો તો બાકી રહી ગયો અથવા તો ગેસ પાઈપલાઈન માટે ફરીથી થોડાં દિવસો બાદ ખોદકામ શરૂ થઈ જાય છે. તેનું કારણ છે અલગ-અલગ વિભાગ, અલગ-અલગ રીતે કામ કરે છે. ટૂંકમાં, વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો અભાવ હોય છે.

**આને પરિણામે પ્રોજેક્ટમાં વિલંબ થાય છે, ખર્ચમાં વધારો થાય છે અને સામાન્ય માણસને મુશ્કેલી પડે છે. માળખાગત સુવિધાઓના નિર્માણમાં અભૂતપુર્વ પ્રગતિ કરી રહેલા ભારતના વિકાસમાં શું આ અવરોધરૂપ બાબત નથી? આ ખામીને દૂર કરવા માટે પ્રથમ વાર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 13 ઓક્ટોબરનાં રોજ 107 લાખ કરોડ રૂપિયાની નેશનલ માસ્ટર પ્લાન-ગતિશક્તિ યોજનાની શરૂઆત કરી.**

## આવી રીતે ભારતના વિકાસને ગતિ મળશે

- ગતિશક્તિ દેશ માટે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન હશે. પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના અંતર્ગત 16 મંત્રાલયો અને વિભાગોએ એ તમામ પ્રોજેક્ટ્સને જીયોગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ (GIS) મોડમાં મૂકી દીધા છે. જેને 2024-25 સુધી પૂરાં કરવાના છે. જેમ કે વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારોની ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ ભારતમાલા, સાગરમાલા, અંતર્દેશીય જળમાર્ગો, ડ્રાય/લેન્ડ પોર્ટ, ઉડાનને સામેલ કરવામાં આવશે.
- આ ડિજિટલ પ્લેટફોર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામોને પૂર્ણ ઝડપે હાથ ધરવામાં મદદ કરશે. આનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા વધશે, સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે. તે ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધારશે અને ભવિષ્યના આર્થિક ક્ષેત્રોના નિર્માણ માટે નવી શક્યતાઓ વિકસશે.
- પીએમ ગતિશક્તિ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના તમામ પક્ષકારો માટે સમગ્ર યોજનાને સંસ્થાકીય બનાવીને ભૂતકાળની તમામ સમસ્યાઓનું નિરાકરણ કરશે. એકબીજાથી અલગ રીતે આયોજન અને ડિઝાઈન કરવાને બદલે, પ્રોજેક્ટ્સને સંયુક્ત વિઝનથી તૈયાર કરીને અમલી કરવામાં આવશે.
- મોદી સરકારનું આ એક મહત્ત્વાકાંક્ષી અને વ્યાપક જિયો-સ્પેશિયલ ડિજિટલ પ્લેટફોર્મ હશે, જેના દ્વારા સંકલિત આયોજન અને પ્રોજેક્ટ્સ પર સંકલિત અમલીકરણ થશે. શરૂઆતમાં તેનાં દ્વારા કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ્સમાં નવા ફેરફારો શરૂ કરવામાં આવશે, બાદમાં આ ટ્રેન્ડને મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્તરે લઈ જવામાં આવશે.
- તેમાં વિવિધ ઈકોનોમિક ઝોનમાં મલ્ટિમોડલ કનેક્ટિવિટી, સિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સેન્ટ્રલ નેશનલ માસ્ટર પ્લાન હશે. તેમાં નેશનલ હાઈવે, રેલવેના ફ્રેઈટ કોરિડોર, ગેસ પાઈપલાઈન, એરપોર્ટ, ઉડ્ડયન, દવાઓ, ઈલેક્ટ્રોનિક ચીજો, ફૂડ પ્રોસેસિંગ, સંરક્ષણ ઉત્પાદન, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર વગેરેનો સમાવેશ થશે.
- પ્રારંભમાં આવા 16 મંત્રાલયોને ઓળખી કાઢવામાં આવ્યા છે જે વિશેષ રીતે માળખાગત વિકાસના કામ કરે છે અથવા જેની ઓળખ અર્થતંત્રના ચાલકબળ તરીકે કરવામાં આવે છે. આ અંતર્ગત પ્લોટ લેવલ 3D વિઝ્યુલાઈઝેશન મેપિંગથી ઓછા ખર્ચમાં અને વપરાશકાર માટે સાનુકુળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે.
- આ ડિજિટલ સિસ્ટમમાં, મંત્રાલયોને અલગ લોગ ઈન આઈડી આપવામાં આવશે, જેમાં તેઓ નિયમિતપણે તેમનો ડેટા અપડેટ કરી શકશે. આ તમામ ડેટા એક પ્લેટફોર્મ પર હશે



"ઇન્ફ્રાસ્ટ્રક્ચર અમારા માટે રાજકારણનો ભાગ નથી પરંતુ રાષ્ટ્ર નીતિનો ભાગ છે. ભારતનું ઉજ્જવળ ભવિષ્ય એક જવાબદારી છે. અમે એ સુનિશ્ચિત કરી રહા છીએ કે પ્રોજેક્ટ અટકી ન જાય, લટકી ન જાય, પ્રોજેક્ટ ખોવાઇ ન જાય.

નરેન્દ્ર મોદી, વડાપ્રધાન (જેવર ઇન્ટરનેશનલ એરપોર્ટના શિલાન્યાસ દરમિયાન)

# રોડ અને હાઇવે નિર્માણમાં અભૂતપુર્વ નિર્ણય

**લોકોનું જીવન સરળ બને, તે માટે સારા હાઇવેઝ હોવા અત્યંત જરૂરી છે. કેન્દ્ર સરકારે ભારતમાં વીતેલાં સાત વર્ષમાં નેશનલ હાઇવેઝના નિર્માણમાં અભૂતપુર્વ પહેલ કરી છે.**

- ભારતમાલાના પ્રથમ અન બીજા તબક્કા અંતર્ગત 65,000 કિલોમીટરના નેશનલ હાઇવેઝનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. 2025 સુધી બે લાખ કિલોમીટરનાં નેશનલ હાઇવેઝ બનાવવા માટેનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.
- માર્ચ 2022 સુધીમાં 8500 કિલોમીટરના હાઇવેના નિર્માણ માટે કોન્ટ્રાક્ટ બહાર પાડવામાં આવશે. ભારતમાલા પ્રોજેક્ટના ભાગ રૂપે 1,760 કિલોમીટર લાંબો મુંબઇ-કન્યાકુમારી ઇકોનોમિક કોરિડોર પણ વિકસાવવામાં આવી રહ્યો છે.
- માર્ચ 2023 સુધી સામાન્ય લોકો માટે 1380 કિ.મીનો દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે શરૂ થવાની સંભાવના છે. આ એક્સપ્રેસ વેને કારણે 50 લાખ માનવ દિન સાથે હજારો તાલીમબધ્ધ એન્જિનિયરોને રોજગારી મળી છે.
- ભારતમાલા પ્રોજેક્ટના ભાગ રૂપે દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે, દિલ્હી-અમૃતસર કટરા એક્સપ્રેસવે, ચેન્નાઇ-બેંગલુરુ એક્સપ્રેસ વે જેવા ઘણા મોટા કોરિડોર પણ વિકસાવવામાં આવી રહ્યા છે.

**100%** નો વધારો થયો સાત વર્ષોમાં નેશનલ હાઇવેઝના નિર્માણમાં

**13,327** કિ.મીનાં નેશનલ હાઇવેઝનું નિર્માણ થયું 2020-21માં. 2014-15માં તે 4410 કિ.મી હતું.

**109** ફાર્મા મેડિકલ ડિવાઇસ સેક્ટર બનાવવામાં આવશે.

**25** હજાર એકર વિક્સિત ક્ષેત્ર

**197** મેગા ફુડ પાર્ક બનાવવામાં આવશે, જેની ક્ષમતા **847** લાખ મેટ્રિક ટન હશે.




**90** ટેક્સટાઇલ સેક્ટર અને ટેક્સટાઇલ ક્લસ્ટરનું નિર્માણ થશે

**202** ફિશિંગ ક્લસ્ટર અને પોર્ટથી મત્સ્ય ઉત્પાદન બમણું થશે

**11** ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર

**02** ડિફેન્સ કોરિડોર

# ભવિષ્યને ધ્યાનમાં રાખીને રેલવેની તૈયારી



- વર્ષ 2014 પછીથી ભારતીય રેલવેમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે અનેક કડક નિર્ણયો લેવામાં આવ્યા. આ સંદર્ભમાં એક નોંધપાત્ર પગલું એ લેવામાં આવ્યું કે રેલવે બજેટને સામાન્ય બજેટમાં ભેળવી દેવામાં આવ્યું. આ રીતે, 93 વર્ષથી ચાલતી આવતી પ્રથામાં વ્યવહારિક પરિવર્તન કરવામાં આવ્યું. વર્ષ 2021માં પણ સામાન્ય બજેટમાં જ રેલવે બજેટને સમાવી લેવામાં આવ્યું હતું.
- ટ્રેનની ગતિ, તેની ક્ષમતા અને નેટવર્ક એટલે કે આ ત્રણ પાસા સાથે સંકળાયેલા નબળા પાસાઓને આયોજનબધ્ધ રીતે દૂર કરવા. આ ઉપરાંત, નેશનલ રેલ પ્લાન, 2030 હેઠળ વિસ્તૃત આયોજન દ્વારા રેલવે સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સારી રીતે જાળવવામાં આવશે.
- ઇસ્ટર્ન અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર 1100 કિ.મી.થી વધુ પૂરો થઈ ચૂક્યો છે અને બાકીના ભાગ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. ખુર્જા અને ભાઉપુર વચ્ચે ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના 351 કિ.મી. લાંબા સેક્શન અને એક ઓપરેશન કન્ટ્રોલ સેન્ટરનું ઉદઘાટન થઈ ચૂક્યું છે.



**આ દિશામાં આગળ વધતાં રેલવેએ હાઇડ્રોજન ઇંધણ સેલ આધારિત ટ્રેન માટે ટેન્ડર મગાવ્યા છે. પ્રથમ તબક્કામાં ઉત્તર રેલવેના 89 કિ.મી લાંબા સોનીપત-જીંદ ડિવિઝન પર હાઇડ્રોજન આધારિત ટ્રેન ચલાવવાની યોજના છે.**



**સલામતીને ધ્યાનમાં રાખીને ટ્રેનોમાં એલએચબી કોચ લગાવવામાં આવી રહ્યા છે. એલએચબી કોચમાં એન્ટી-ક્લાઇમ્બિંગ જેવી વિશેષતા હોય છે, જેથી અથડામણની સ્થિતિમાં કોચ એક-બીજા પર ન ચડી જાય.**



**ભોપાલમાં રાની કમલાપતિ રેલવે સ્ટેશન દેશનું પ્રથમ આઇએસઓ સર્ટિફાઇડ, પીપીપી મોડલ આધારિત રેલવે સ્ટેશન દેશને સમર્પિત કરવામાં આવ્યું. 175થી વધુ રેલવે સ્ટેશનોની કાયાપલટ કરવામાં આવી રહી છે.**



**રામાયણ સર્કિટ ટ્રેન શરૂ થઈ ચૂકી છે. પર્યટન સર્કિટને પ્રોત્સાહન આપવા માટે ભારત ગૌરવ ટ્રેનોની શરૂઆત કરવામાં આવી રહી છે. આઝાદીના અમૃત મહોત્સવમાં આગામી બે વર્ષોમાં દેશભરમાં 75 નવી વંદે ભારત ટ્રેનો ચલાવવાની રેલવેની યોજના છે.**

## જાહેર પરિવહનમાં મેટ્રો પ્રોજેક્ટ્સનું વિસ્તરણ

- **નાગપુર મેટ્રો પ્રોજેક્ટ આ વર્ષના અંત સુધીમાં પૂરો થઈ જશે. ઓગસ્ટમાં એક સેક્શન પર મેટ્રોની શરૂઆત પણ થઈ ચૂકી છે. ભોપાલમાં મેટ્રોનાં પ્રથમ તબક્કાનું 70% ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે. કોચી મેટ્રોના બીજા તબક્કાનું કામ શરૂ થઈ ચૂક્યું છે.**
- **2014 પહેલાં 250 કિલોમીટર ટ્રેક પર મેટ્રો ચાલતી હતી. હાલમાં તે વધીને 700 કિલોમીટર થઈ ચૂક્યાં છે અને 1000 કિલોમીટર પર કામ ચાલી રહ્યાં છે.**

# નેશનલ હાઇડ્રોજન મિશન દ્વારા હરિત ઊર્જાની શરૂઆત

- ગ્રીન એનર્જી એટલે કે હરિત ઊર્જા સમયની જરૂરિયાત છે અને ભારત આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.
- નાણાંમંત્રીએ સામાન્ય બજેટમાં હાઇડ્રોજન મિશનનો ઉલ્લેખ કર્યો હતો. 15 ઓગસ્ટે વડાપ્રધાને લાલ કિલ્લા પરથી તેના પ્રારંભની જાહેરાત પણ કરી દીધી.
- આઝાદીના 100 વર્ષ એટલે કે આગામી 25 વર્ષોમાં દેશને ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- 2014 સુધી આપણા દેશમાં માત્ર 25 લાખ પીએનજી જોડાણો હતા. આજે દેશમાં 72 લાખથી વધુ ઘરોના રસોડાંમાં પાઇપ દ્વારા ગેસ પહોંચી રહ્યો છે. સીએનજી સપ્લાય માટે 400 નવા શહેરોની પસંદગી થઈ ચૂકી છે.




# ઉજ્જવલાને પ્રોત્સાહન ધુમાડામુક્ત રસોડું

**12** કરોડ મફત સિલિન્ડર પૂરા પાડવામાં આવ્યા ઉજ્જવલા યોજના દ્વારા કોવિડના સમયમાં

## ઉજ્જવલા 2.0

**10 ઓગસ્ટે ઉત્તરપ્રદેશના મહોબાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા યોજનાના બીજા તબક્કાની શરૂઆત કરી છે. આ અંતર્ગત એક કરોડ નવા ઘરોમાં એલપીજી જોડાણો પૂરા પાડવામાં આવી રહ્યાં છે.**



- ઉજ્જવલા યોજના દ્વારા ઘર સુધી રાંધણ ગેસની સુવિધાથી સ્વચ્છ ઊર્જા પહોંચાડવાની સાથે સાથે સામાન્ય લોકો સુધી એલપીજી પહોંચાડીને પર્યાવરણની સાથે સાથે આરોગ્ય, સામાજિક સશક્તિકરણની દિશામાં અભૂતપૂર્વ કામ કરવામાં આવી રહ્યું છે. છ દાયકાથી દેશમાં એલપીજી સુવિધા સુખી વર્ગ અને શહેરો પૂરતી મર્યાદિત હતી.
- આઝાદીના છ દાયકા સુધી એલપીજી સુવિધા દેશનાં માત્ર 55 ટકા ઘરો પૂરતી મર્યાદિત હતી. આઠ કરોડ નવા કનેક્શન સાથે હવે 99 ટકાથી વધુ ઘરોમાં એલપીજી પર રસોઈ થઈ રહી છે.



# આત્મનિર્ભરતાના માર્ગ પર આગેકૂચ..

**અંગ્રેજીમાં એક કહેવત છે- "Size of the cake matters." એટલે કે જેટલી મોટી કેક હશે એટલો વધુ હિસ્સો લોકોનાં ભાગમાં આવશે ભારતીય અર્થતંત્રની ઝડપ અને ભવિષ્યમાં પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રના સપનાનું મહત્વ સમજાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "અર્થતંત્રનું લક્ષ્ય જેટલું મોટું હશે, એટલી વધુ સમૃધ્ધિ અને વિકાસ દેશનો થશે." કોવિડના સમયગાળામાં જ્યારે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયું હતું ત્યારે ભારતે આત્મનિર્ભરતાનો માર્ગ પસંદ કર્યો. સુધારાની નવી પ્રક્રિયા શરૂ થઈ અને સામાન્ય બજેટમાં તેની સ્પષ્ટ ઝલક જોવા મળી.**

## જાહેરાત

- એક વિશ્વસનીય ફિનટેક હબના વિકાસને સમર્થન
- વીમા ક્ષેત્રમાં મંજૂર એફડીઆઇ મર્યાદા 49 ટકાથી વધારીને 74 ટકા કરવા અને જરૂરી રક્ષણ સાથે વિદેશી માલિકી અને અંકુશને મંજૂરી આપવા માટે ઈન્શ્યોરન્સ એક્ટ, 1938માં સુધારો.
- વ્યૂહાત્મક નીતિઓ પર યોજના લાવવી. બીપીસીએલ, એર ઇન્ડિયા, શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, આઈડીબીઆઈ બેન્ક, બીઈએમએલ, પવનહંસ અને નીલાંચલ ઈસ્પાત નિગમ લિમિટેડમાં ડિસઈન્વેસ્ટમેન્ટ પૂરું કરવું. આઈડીબીઆઈ બેન્ક ઉપરાંત જાહેર ક્ષેત્રની અન્ય બે બેન્કો અને એક જનરલ ઈન્શ્યોરન્સ કંપનીનું ખાનગીકરણ પણ 2021-22માં પૂરું કરવાની યોજના છે.

"

**કોઇ પણ દેશની વિકાસ યાત્રામાં એવો સમય આવે છે, જ્યારે દેશ નવી છલાંગ લગાવવા સંકલ્પ લે છે અને પછી સમગ્ર રાષ્ટ્રની શક્તિ એ સંકલ્પોને હાંસલ કરવા માટે જોડાઈ જાય છે. મેં 15 ઓગસ્ટે લાલ કિલ્લા પરથી કહ્યું હતું, આ જ સમય છે, આ જ સમય છે. તમારી પાસે સંસાધનોની કોઈ અછત નથી, તમારી પાસે ડેટાની કોઈ અછત નથી. તમે જે રિફોર્મ ઇચ્છતા હતા તે સરકારે કર્યા પણ છે અને આગળ પણ કરતી રહેશે. હવે તમારે રાષ્ટ્રીય સંકલ્પોની સાથે, રાષ્ટ્રીય લક્ષ્યોની સાથે પોતાને સાંકળીને આગળ ચાલવાનું છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન **(બેન્કિંગ સેક્ટરના સંમેલનને સંબોધન કરતાં)**





# વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન

31 માર્ચ, 2021ની સ્થિતિએ ભારતમાં માત્ર 24 લાઇફ ઇન્શ્યોરન્સ અને 34 નોન-લાઇફ ડાયરેક્ટ ઇન્શ્યોરર્સ હતાં. જ્યારે રાષ્ટ્રીયકરણ (1956) વખતે દેશમાં 243 લાઇફ ઇન્શ્યોરન્સ કંપની અને 107 નોન-લાઇફ ઇન્શ્યોરન્સ કંપનીઓ (1973) હતી.

કોવિડ સમયમાં લોકોએ જીવન વીમાને બદલે રોકડ બચત પર વધુ ભાર મૂક્યો. એટલાં માટે વીમા ક્ષેત્રમાં સામાન્ય માણસને ફાયદાની સાથે નવા વિકલ્પ ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકારે વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણની મર્યાદા 49 ટકાથી વધારીને 74 ટકા કરી છે. સંસદના બંને સત્રોમાં વીમા એક્ટ, 1938માં સુધારા વિધેયક પસાર થયા બાદ 15 જૂનનાં રોજ તેનું જાહેરનામું પણ બહાર પડી ચૂક્યું છે.

## પરિણામ

**18,000** કરોડ રૂપિયામાં એર ઇન્ડિયાના ડિસઇન્વેસ્ટમેન્ટને મંજૂરી આપી 8 ઓક્ટોબરનાં રોજ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ

## ગુજરાતની ગિફ્ટ સિટીમાં વિશ્વસ્તરીય ફિનટેક હબ

- ફિનટેક (FinTech) ફાઈનાન્સિયલ ટેકનોલોજીનું ટૂંકું નામ છે. નાણાંકીય કામોમાં ટેકનોલોજીના ઉપયોગને ફિનટેક કહેવામાં આવે છે. ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું ઝડપથી વૃધ્ધિ કરી રહેલું ફિનટેક બજાર છે. સરકાર ડિજિટાઇઝેશન અંગે જે રીતે પગલાં ભરી રહી છે તેની સકારાત્મક અસર ફિનટેક સેક્ટર પર પણ જોવા મળી રહી છે.

- ગુજરાતની ગિફ્ટસિટીમાં વૈશ્વિક સ્તરના ફિનટેક હબનું કામ શરૂ થઈ ચૂક્યું છે. 20 નવેમ્બરનાં રોજ ગિફ્ટ સિટીની મુલાકાત પ્રસંગે નાણાંમંત્રી નિર્મલા સીતારામને ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે સુપરવાઇઝરી ટેકનોલોજી ફન્ડ અંતર્ગત રૂ. 269.05 કરોડ અને હેડક્વાર્ટરના બિલ્ડિંગ માટે રૂ. 200 કરોડના ફન્ડને મંજૂરી આપી હતી.

**એલઆઇસીનો આઇપીઓ આગામી વર્ષના પ્રથમ ક્વાર્ટર સુધી આવશે. સરકારે આ આઇપીઓ દ્વારા રૂ. 90,0000 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય મૂક્યું છે.**

## દેશમાં ડિસઇન્વેસ્ટમેન્ટ માટે નીતિની શરૂઆત

- કેન્દ્રીય મંત્રીમંડળે પસંદગીના જાહેર એકમોના ખાનગીકરણની પ્રક્રિયાને વેગ આપવા માટે વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટની નવી પ્રક્રિયાને મંજૂરી આપી છે. આનાથી મોટી ડિસઇન્વેસ્ટમેન્ટ યોજનાઓ આડેના અવરોધો દૂર થશે અને ડિસઇન્વેસ્ટમેન્ટ પ્રોસેસ પ્રક્રિયા સરળ કરવામાં મદદ મળશે.

- સરકાર ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)નું સંપૂર્ણ ખાનગીકરણ કરવા જઈ રહી છે. આ માટે આ વર્ષના અંત સુધી ફાઈનાન્સિયલ બિડ આમંત્રિત કરવામાં આવી શકે છે. આ માટે અનેક કંપનીઓએ રસ બતાવ્યો છે. તેમાં કેન્દ્ર સરકારના હિસ્સાનું બજાર મૂલ્ય આશરે રૂ. 52,200 કરોડ છે. માર્ચ 2022 સુધી આ પ્રક્રિયા પૂરી થવાની ધારણા છે.

- કેબિનેટે આઇડીબીઆઇ બેન્કમાં વ્યૂહાત્મક ડિસઇન્વેસ્ટમેન્ટ અને મેનેજમેન્ટ કન્ટ્રોલ ટ્રાન્સફર કરવા માટે મંજૂરી આપી દીધી છે. બેન્કમાં કેન્દ્ર સરકાર અને એલઆઇસી બંને મળીને 94 ટકા હિસ્સો ધરાવે છે. એલઆઇસી 49.24 ટકા અને સરકાર 45.48 ટકા હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, 5.29 ટકા હિસ્સો બીજાઓનો છે.

- આ ઉપરાંત, શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, પવનહંસ અને નીલાંચલ ઇસ્પાતના ડિસઇન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે. સેન્ટ્રલ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (CEL) ના વેચાણ માટે ઝડપી પ્રયાસ કરવામાં આવ્યા છે. આ કંપનીનાં વેચાણ માટે ફાઈનાન્સિયલ બિડ મળી ચૂક્યા છે.

# હવે સામાન્ય નાગરિકો માટે રોકાણ કરવું સલામત અને સરળ

**ગ્વાલિયરની સ્વરબાલા ત્રિવેદીએ ચાર વર્ષ પહેલાં એવું વિચારીને મ્યુચ્યુઅલ ફન્ડમાં રોકાણ કર્યું કે તેને સારું એવું ભંડોળ મળશે. પણ બજારના જોખમોને કારણે તેની પોલિસીની મુદત પૂરી થઈ ત્યારે રોકાણ કરતાં પણ ઓછી રકમ પાછી મળી. આવી, ઘટના તમે વારંવાર સાંભળી હશે. પણ હવે સરકાર અને આરબીઆઇએ વિશ્વાસપાત્ર પગલું ભર્યું છે, જેથી લોકોનું રોકાણ સલામત રહે અને તેઓ રાષ્ટ્રની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી શકે...**

આજે દેશમાં લોકો માટે ડિપોઝીટ્સ, બોન્ડ્સ, મ્યુચ્યુઅલ ફન્ડ, સોવરીન ગોલ્ડ બોન્ડ્સ જેવા રોકાણનાં અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. પણ આ રોકાણ સાધનો સલામત હોય એ જરૂરી છે. રોકાણકારોનું હિત વિચારીને આરબીઆઇએ રિટેલ ડાયરેક્ટ યોજના અને રિઝર્વ બેન્ક ઇન્ટીગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમ લોંચ કરી છે. નવેમ્બર મહિનામાં આ સ્કીમ લોંચ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "રિટેલ ડાયરેક્ટ સ્કીમ અર્થતંત્રમાં બધાંને મજબૂતી આપશે કારણ કે તે મધ્યમ વર્ગ, કર્મચારીઓ, નાના વેપારીઓ અને સિનિયર સિટિઝન્સને સરકારી જામીનગીરીમાં પોતાની બચતનું સીધું અને સલામત રીતે રોકાણ કરવાની તક આપશે." તેમણે જણાવ્યું હતું કે, 6-7 વર્ષ પહેલાં સુધી ભારતમાં બેન્કિંગ, પેન્શન અને વીમો એક વિશિષ્ટ ક્લબ જેવું ગણાતું હતું. પણ માત્ર સાત વર્ષમાં ભારતે ડિજિટલ વ્યવહારોમાં 19 ગણો વધારો નોંધાવ્યો છે અને આજે બેન્કિંગ પ્રણાલિ દેશનાં ખૂણે ખૂણે 24 કલાક, સાત દિવસ અને 12 મહિના કામ કરી રહી છે.

**સમાવેશી વિકાસનાં લક્ષ્ય અંગે ભારતીય રિઝર્વ બેન્કે કેટલાંક પગલાં લીધા છે, જે માહિતી અને ટેકનોલોજી દ્વારા લોકોને જોડીને સશક્ત અને સમૃધ્ધ દેશ બનાવવાનો પ્રયાસ છે.**

## આરબીઆઇ રિટેલ ડાયરેક્ટ યોજના

- સરકારી ક્ષેત્રમાં રોકાણ કરવાથી મૂડી સલામત રહે છે અને સારું વળતર મળે છે. છતાં પણ નાનાં રોકાણકારો, પગારદારો અને પેન્શનધારકો સરકારી જામીનીગીરીઓનાં ખરીદ-વેચાણને જટિલ માને છે.
- પ્રક્રિયાને સરળ બનાવવા માટે રિઝર્વ બેન્કે નાના રોકાણકારો માટે આરબીઆઇ રિટેલ ડાયરેક્ટ યોજના શરૂ કરી છે, જેનાં દ્વારા સરકારી જામીનગીરીઓમાં સરળતાથી રોકાણ કરી શકાશે.
- આ અંતર્ગત રોકાણકારો સંપૂર્ણ ખાતરી સાથે પોતાની બચતનું રોકાણ કરી શકશે એટલું જ નહીં પણ આર્થિક વિકાસમાં પણ પ્રદાન કરી શકશે.
- નાના રોકાણકારો rbireataildirect.org.in દ્વારા આરબીઆઇમાં જામીનગીરી ખાતું ખોલાવીને પોતાના બેન્ક ખાતામાંથી સીધું સરકારી યોજનાઓમાં રોકાણ કરી શકશે. જેનાં માટે કોઇ ચાર્જ નથી.




## રિઝર્વ બેન્ક ઇન્ટીગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમઃ

- નાણાંકીય સર્વસમાવેશિતાનું એક પાસુ મજબૂત ફરિયાદ નિવારણ તંત્ર છે અને તેને વધુ સરળ, સુવિધાજનક અને સુલભ બનાવવા માટે રીઝર્વ બેન્ક ઇન્ટીગ્રેટેડ ઓમ્બ્ડ્સમેન સ્કીમ શરૂ કરવામાં આવી છે, જે વર્તમાન ઓમ્બડ્સમેન સ્કીમને સંકલિત કરે છે.
- આ સ્કીમ અંતર્ગત સેવામાં ખામી સંબંધિત તમામ ફરિયાદોને સ્વીકારવામાં આવશે. આ યોજના ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નિયંત્રીત 11352 બેન્કો, એનબીએફસી અને પીપીઆઇ ઇશ્યુઅર્સને તબક્કાવાર રીતે એક છત્ર હેઠળ આવરી લેશે.
- આનાથી આશરે 44 કરોડ લોન, 220 ડિપોઝીટ એકાઉન્ટ હોલ્ડર્સ અને પેમેન્ટ સિસ્ટમ સહભાગીઓના ગ્રાહકોને લાભ થશે.
- ફરિયાદ નોંધાવવા અને તેનો ટ્રેક રાખવા માટે ગ્રાહકો પાસે પોર્ટલ, ઇ-મેલ અને સરનામાના વિકલ્પો રહેશે.
- ગ્રાહક પોતાની ફરિયાદ આરબીઆઇના ઓનલાઇન પોર્ટલ, ફરિયાદ સંચાલન વ્યવસ્થાતંત્ર એટલે કે cms.rbi.org.in પર પણ કરી શકે છે. આ ઉપરાંત, CRPCના ટોલ ફ્રી નંબર પર હિન્દી, અંગ્રેજી અને આઠ પ્રાદેશિક ભાષાઓમાં ફરિયાદ માટેની મદદ અને સંબંધિત માહિતી મેળવી શકે છે.

# નવી શિક્ષણ નીતિથી રાષ્ટ્રીય સ્તરે ક્રાંતિકારી પરિવર્તન




**સર્વગ્રાહી અભિગમ સાથે શરૂ થયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ છેલ્લાં એક વર્ષમાં વિવિધ પહેલ દ્વારા શિક્ષણ અને શીખવાની પદ્ધતિ બદલી નાખી છે. કારણ કે તે માત્ર એક નીતિ નથી પરંતુ પરિવર્તનની વિચારસરણી છે જે તે નવા ભારતનો પાયો નાખશે જ્યાં આવનારી પેઢી માત્ર આકાશને આંબવાનું સ્વપ્ન જ નહીં જોવે, પણ તે પોતાનું આકાશ બનાવશે અને તેમાં તારાઓની જેમ ચમકશે. મોટાં અને દૂરોગામી લક્ષ્ય હાંસલ કરવા માટે દ્રઢ નિશ્ચયનો સંકલ્પ લઈને રોકાયા વિના, થાક્યા વિના સતત ચાલવું પડે છે. આ સંકલ્પને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહેલી કેન્દ્ર સરકાર શિક્ષણ ક્ષેત્રમાં નવી ક્રાંતિ માટે સતત નવી પહેલ કરી રહી છે.**

## જાહેરાત

- 5,000થી વધુ શાળાઓમાં ગુણવત્તાની દ્રષ્ટિથી સુધારો કરવામાં આવશે, જેથી ત્યાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં તમામ પાસાઓનું પાલન કરી શકાય. તે પોતપોતાના ક્ષેત્રમાં રોલ મોડલ તરીકે ઊભરી આવશે અને અન્ય શાળાઓને પણ મદદ કરશે.

## પરિણામ

### શાળા શિક્ષણ: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ કેટલીક નવી પહેલ કરવામાં આવી

- **ભારતીય સાંકેતિક ભાષા શબ્દકોષ:** 10,000 શબ્દોનો ભારતીય સાંકેતિક ભાષા શબ્દકોષ બહાર પાડવામાં આવ્યો છે. 13 લાખ વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક,
- **બોલતું પુસ્તક (ટોકિંગ બુક્સ):** એનસીઈઆરટીના તમામ પાઠ્યપુસ્તકોને ટેક્સ્ટ ટુ સ્પીચને અનુકુળ બનાવવામાં આવી છે. એનસીઈઆરટીએ 2,000 પાઠ પર આધારિત ઓડિયો પણ બનાવ્યાં છે. આ તમામ સામગ્રી એનસીઈઆરટીની વેબસાઈટ, ઈ-પાઠશાળા અને દીક્ષા પોર્ટલ તથા મોબાઈલ એપ પર ઉપલબ્ધ છે. તે 25 લાખ દિવ્યાંગ વિદ્યાર્થી, ખાસ કરીને અંધજનો માટે વરદાન સાબિત થશે.
- **નિષ્ઠા 2.0 :** પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ બાદ નિષ્ઠા હવે પોતાના નવનિર્મિત 68 મોડ્યુલ દ્વારા માધ્યમિક સ્તરના 10 લાખથી વધુ શિક્ષકોને તાલીમ આપવા માટે તૈયાર છે.
- **નિષ્ઠા 3.0 :** એનસીઈઆરટી દ્વારા ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યુમરસી (FLN) શિક્ષકો માટે ગીતો, રમતગમત, કળા અને રમકડાં આધારિક શીખવાની પ્રક્રિયાની તાલીમ આપવા માટે વિશેષ કોર્સ વિક્સાવવામાં આવ્યો છે. દીક્ષા પ્લેટફોર્મ પર નિષ્ઠા 3.0 તાલીમ પૂરી પાડવામાં આવશે, જે પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આનાથી 25 લાખ શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને લાભ થશે.
- **વિદ્યાંજલિ 2 -** વિદ્યાંજલિ પોર્ટલ સમુદાય અને સ્વયંસેવકોને તેમની પસંદગીની સરકારી અને સરકારી અનુદાન મેળવતી શાળાઓ સાથે સીધું જોડાણ કરીને યોગદાન આપવા સક્ષમ બનાવશે.
- **શાળા ગુણવત્તા મૂલ્યાંકન અને ખાતરી (સ્કુલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ):** નવી શિક્ષણ નીતિ પ્રમાણે CBSE કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો માટે સ્ટાન્ડર્ડ સેટિંગ ઓથોરિટી (SSA) તરીકે કાર્ય કરશે. CBSEએ શાળાઓની કામગીરીના તમામ ક્ષેત્રોને આવરી લેતું SQAA આધારિત માળખું વિકસાવ્યું છે. આમાં 25,606 શાળાઓ (25 દેશોમાં

250 શાળાઓ સહિત) આશરે 20 મિલિયન બાળકો અને 10 લાખ શિક્ષકોનો સમાવેશ થાય છે.

- વિદ્યા પ્રવેશઃ NCERT દ્વારા બાળકો માટે ત્રણ મહિનાનું સ્કૂલ પ્રીપેર્ડનેસ મોડ્યુલ- વિદ્યા પ્રવેશ તૈયાર કરવામાં આવ્યું છે. આ કોર્સમાં અક્ષર, અવાજ, શબ્દ, રંગ, આકાર અને સંખ્યા શીખવા માટેની રસપ્રદ પ્રવૃત્તિઓ સમાવવામાં આવી છે.
- ભારતીય સાંકેતિક ભાષાઃ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ધોરણે 1 થી 12 માટે ભારતીય સાંકેતિક ભાષામાં 1200થી વધુ શૈક્ષણિક વિડિયો કાર્યક્રમો દીક્ષા મંચ પર ઉપલબ્ધ છે.
- સફલઃ સ્ટ્રક્ચર્ડ એસેસમેન્ટ ફોર એનલાઈઝિંગ લર્નિંગ હેઠળ CBSEની 25,000 સ્કૂલમાંથી ધોરણ ત્રણ, પાંચ અને આઠના 50 લાખ બાળકોને તૈયાર કરવામાં આવ્યા છે.

## અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ

### જાહેરાત

- આદિવાસી વિસ્તારોમાં 750 એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ સ્થાપવાનો લક્ષ્યાંક. આવી શાળાઓનો એકમ ખર્ચ વધારીને રૂ.38 કરોડ કરવો.
- પર્વતીય-દુર્ગમ વિસ્તારો માટે તેને વધારીને રૂ. 48 કરોડ કરવી. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો પુનઃ પ્રારંભ

- વડાપ્રધાન મોદીએ 15 નવેમ્બરના રોજ, સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના 27 જિલ્લાઓમાં 50 નવી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલના નિર્માણ માટે શિલાન્યાસ કર્યો. સમગ્ર ભારતમાં 740 એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલની સ્થાપના કરવામાં આવશે. 50% થી વધુ અનુસૂચિત જનજાતિ વસતિ ધરાવતા અને ઓછામાં ઓછા 20,000 આદિવાસી લોકો ધરાવતા દરેક બ્લોકમાં આવી શાળાઓ હશે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના 2021 શરૂ કરવામાં આવી છે. જેમના માતા-પિતાની વાર્ષિક આવક રૂ.8 લાખથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકશે.

## ઉચ્ચ શિક્ષણ

### જાહેરાત

- ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગની સ્થાપના માટે આ વર્ષે કાયદો લાવવામાં આવશે. આ આયોગ એસેસમેન્ટ, એક્રિડિટેશન, રેગ્યુલેશન અને ફન્ડિંગ એમ ચાર વિશેષ ઘટકો ધરાવતી છત્ર સંસ્થા હશે.
- તમામ સરકારી કોલેજો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા અનેક શહેરોમાં માળખું બનાવવામાં આવશે, જેનાથી વધુ સારી રીતે સંકલન થઈ શકે.
- આ હેતુ માટે એક ગ્લુ ગ્રાન્ટ અલગથી રાખવામાં આવશે.
- લડાખમાં ઉચ્ચ શિક્ષણ આપવા માટે લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.

### પરિણામ



- ઉચ્ચ શિક્ષણનું આંતરરાષ્ટ્રીકરણઃ ભારતીય અને વિદેશી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહયોગ વધારવા માટે યુજીસીએ ક્રેડિટ ટ્રાન્સફર સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે પરસ્પર જોડાણ માટે દિશાનિર્દેશ આપ્યા છે.
- નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચરઃ ડિજિટલ ફર્સ્ટના વિચાર પર આધારિત શિક્ષણનું સૌથી મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનશે. આ એક એવું ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જ્યાં ટીચિંગ, લર્નિંગ, પ્લાનિંગ અને ગવર્નન્સને એક સાથે જોડવામાં આવશે.
- નેશનલ એજ્યુકેશન ટેકનોલોજી ફોરમઃ શિક્ષણના વિવિધ પાસામાં ટેકનોલોજીના ઉપયોગ માટેઆ રાષ્ટ્રીય મંચ છે. તે કેજીથી પીજી સુધી શિક્ષણ અને શીખવાની પધ્ધતિમાં રચનાત્મક પરિવર્તન લાવશે.
- લડાખની સેન્ટ્રલ યુનિવર્સિટીને સિંધુ નામ આપવામાં આવ્યું છે.

# નવી પેઢીનો કૌશલ્ય વિકાસ આત્મનિર્ભર ભારતનો પાયો

**કૌશલ્ય માટે સન્માન હોવું એ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે અને કોવિડ સમયગાળા દરમિયાન, કુશળ કર્મચારીઓએ આ આપત્તિ સામેની લડાઈમાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું હતું. કોવિડ પછી બદલાઈ ગયેલી સ્થિતિમાં તેનું મહત્વ વધી ગયું છે કારણ કે 'સ્કિલ ઈન્ડિયા મિશન'  છેલ્લાં છ વર્ષથી કરોડો યુવાનો અને નબળા વર્ગોને કૌશલ્ય સાથે રોજગારીની નવી તકો પૂરી પાડીને ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્વપ્નને સાકાર કરી રહ્યું છે.**

## જાહેરાત

- યુવાનો માટે રોજગારની તકો વધારવા એપ્રેન્ટિસશીપ એક્ટમાં સુધારાનો પ્રસ્તાવ
- એન્જિનિયરીંગમાં સ્નાતકો અને ડિપ્લોમાધારકોના અભ્યાસ અને એપ્રેન્ટિસશીપ તાલીમની દિશામાં વર્તમાન નેશનલ એપ્રેન્ટિસશીપ ટ્રેઇનિંગ સ્કીમ (NATS) માં ફેરફાર માટે રૂ. 3,000 કરોડની જોગવાઈ
- કૌશલ્યમાં અન્ય દેશો સાથે ભાગીદારીની પહેલને આગળ ધપાવવામાં આવશે.
- યુએઈ સાથે કૌશલ્ય યોગ્યતા, મૂલ્યાંકન, પ્રમાણપત્ર અને સર્ટિફાઇડ કામદારોની તૈનાતી
- જાપાન સાથે કૌશલ્ય, ટેકનોલોજી અને નોલેજ ટ્રાન્સફર માટે સહયોગપૂર્ણ આંતર-તાલીમ કાર્યક્રમ (TITP).

## પરિણામ

### નેશનલ એપ્રેન્ટિસશીપ ટ્રેઇનિંગ સ્કીમ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ 24 નવેમ્બરનાં રોજ નેશનલ એપ્રેન્ટિસશીપ ટ્રેઇનિંગ સ્કીમને વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી છે. આ મુદત માટે એપ્રેન્ટિસશીપ તાલીમ મેળવનાર તાલીમાર્થીઓને રૂપિયા 3054 કરોડનું સ્ટાઈપેન્ડ પૂરું પાડવાની મંજૂરી આપવામાં આવી છે.



- NATS પ્રોગ્રામ અંતર્ગત નવ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવશે. આને કારણે આગામી પાંચ વર્ષમાં સાત લાખ યુવાનોને રોજગાર આપવામાં મદદ મળશે. જે યુવાઓને તાલીમ આપવામાં આવશે તેમને રૂપિયા 8,000-9,000 સ્ટાઇપેન્ડ મળશે.
- આ ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં એન્જિનિયરીંગ, હ્યુમેનેટિઝ, સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવશે. સરકારની યોજના પ્રમાણે એપ્રેન્ટિસશીપ ટ્રેઇનિંગ પ્રોગ્રામમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને મોબાઇલ મેન્યુફેક્ચરિંગ, મેડિકલ ડિવાઇસ મેન્યુફેક્ચરિંગ, ફાર્મા સેક્ટર અને ઓટોમોબાઇલ સેક્ટરમાં તાલીમ આપવામાં આવશે.

## કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે દરેક સ્તર પર પહેલઃ જન શિક્ષણ સંસ્થાન- નવી તક

- સ્કિલિંગ અને અપ સ્કિલિંગથી પરંપરાગત કૌશલ્યને પ્રોત્સાહન
- નિરક્ષર, નવસાક્ષરોના કૌશલ્યનો વિકાસ, ધોરણ 8થી 12 સુધીના ડ્રોપઆઉટ્સ માટે.
- તેમનાં વય જૂથનું લક્ષ્ય 15-35 થી લંબાવીને 15-45 કરવામાં આવ્યું છે.
- એસસી. એસટી, દિવ્યાંગજન અને બીપીએલ કેટેગરી માટે મફત
- હાલમાં કુલ તાલીમાર્થીઓમાં 85 ટકા મહિલા છે, જ્યારે એસસી 28 ટકાથી વધુ અને એસટી આશરે 13 ટકા

## આઇઆઇટી સીટમાં વધારો

- 2014માં 11847 સંસ્થાઓ હતી, 2021માં 24 ટકા વધીને 14,690 થઈ
- 2014માં સીટની સંખ્યા 16.94 લાખ હતી, જે 2021માં 54 ટકા વધીને 26.13 લાખ થઈ
- એપ્રેન્ટિસશીપ એક્ટમાં સુધારા સાથે સપના સાકાર થયા
- એપ્રેન્ટિસ નિયમ-1992માં વ્યાપક સુધારાને પરિણામે તાલીમાર્થીઓના રજીસ્ટ્રેશનમાં વધારો થયો છે. આ ઉપરાંત, એપ્રેન્ટિસશીપ પોર્ટલ પર રજીસ્ટર્ડ સંસ્થાઓમાં પણ વધારો. એપ્રેન્ટિસની ભરતી કરવા માંગતી સંસ્થાઓની સંખ્યા 2016-17માં માત્ર 17,000ની આસપાસ હતી, જે હવે વધીને 1.26 લાખ થઈ છે.
- એપ્રેન્ટિસશીપમાં સામેલ થવા માગતા ઉમેદવારોની સંખ્યા 2016-17માં 11.9 લાખથી વધીને 2020-21માં 34 લાખ થઈ છે. હેલ્થકેર ફ્રન્ટલાઇન વર્કર્સ માટે ક્રેશ કોર્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી 2-3 મહિનાઓમાં એક લાખથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવશે.

**"ભારત વિશ્વને પ્રતિભાશાળી અને કુશળ માનવશક્તિ પ્રદાન કરી રહ્યું છે, જે આપણા યુવાનોને કુશળ બનાવવા માટે વ્યૂહનો મહત્વનો હિસ્સો હોવો જોઇએ.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન **( બજેટ બાદ હિતધારકો સાથે સંવાદ દરમિયાન)**



# પરપ્રાંતિય શ્રમિકોને આઝાદીના 70 વર્ષ બાદ લાભ મળ્યો



ભારતમાં કોવિડ મહામારી ફેલાઈ ત્યારે સૌથી વધુ નુકસાન પરપ્રાંતિય શ્રમિકોને થયું હતું. આ એ વર્ગ છે, જેમની ચોક્કસ સંખ્યા મેળવવા માટેનો પ્રયાસ આઝાદીના સાત દાયકા સુધી ક્યારેય ન કરવામાં આવ્યો. તેથી પરપ્રાંતિય શ્રમિકોનાં હિતમાં સૌથી મોટું પગલું ભરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડના સમયગાળામાં તેમને રાહત આપવા ગરીબ કલ્યાણ અભિયાન અને એક દેશ-એક રેશન કાર્ડ જેવી અનેક યોજનાઓ શરૂ કરી. બજેટમાં પણ ચાર લેબર કોડ અને અસંગઠિત મજૂરોના હિતમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી.

## જાહેરાત

- એક દેશ-એક રેશન કાર્ડ વ્યવસ્થાને સમગ્ર દેશમાં લાગુ કરવી. 4 લેબર કોડની 20 વર્ષથી ચાલી રહેલી પ્રક્રિયાને પૂરી કરીને વંચિત શ્રમિકો સુધી સામાજિક સલામતીનો લાભ પહોંચાડવો.
- શ્રમિકોને ઈએસઆઈસીના દાયરામાં લાવવાની સાથે મહિલાઓને રાતની શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવી.

**10**

**કરોડથી વધુ શ્રમિકો ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે.**

## પરિણામ

## એક દેશ-એક રેશન કાર્ડ

- આ યોજના હેઠળ કોઈ પણ નાગરિક પોતાનાં રેશન કાર્ડ દ્વારા કોઈ પણ રાજ્યમાંથી જાહેર વિતરણ પ્રણાલિ (પીડીએસ) ની દુકાનમાંથી રેશન મેળવી શકે છે. દેશનાં 34 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેની શરૂઆત થઈ ચૂકી છે. દેશનાં 80 કરોડથી વધુ લોકોને આ યોજનાનો લાભ મળી ચૂક્યો છે.
- એક દેશ-એક રેશન કાર્ડની સુવિધાને વધુ સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારે માર્ચમાં 'મેરા રેશન' એપ પણ લોંચ કર્યું હતું.. આ એપથી નજીકનાં પીડીએસ કેન્દ્ર અંગેની તમામ માહિતી મેળવી શકાય છે.
- એક દેશ-એક રેશન કાર્ડ અંતર્ગત મોબાઈલ નંબરની જેમ રેશન કાર્ડ પોર્ટેબિલિટી યોજના પણ શરૂ કરવામાં આવી છે.

**આજ તો સંકલ્પથી સિદ્ધિની યાત્રા છે. દેશનાં કરોડો શ્રમિકો અને કામદારોની તાકાત આજે નવા ભારતનો આધારસ્તંભ બની રહ્યો છે. તેમની સામાજિક સલામતીમાં જ દેશનું મજબૂત ભવિષ્ય છુપાયેલું છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

## 4 લેબર કોડ

કાયદાઓની ઝંઝાળમાંથી મુક્તિ અપાવતા કેન્દ્ર સરકારે ચાર કોડ અંતર્ગત 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને સમાવીને તેને વધુ તાર્કિક બનાવ્યા છે.

રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ તેને નોટિફાય કરવામાં આવ્યા છે. નવ રાજ્યોએ તેની સાથે સંકળાયેલા નિયમોને અંતિમ રૂપ આપ્યું છે. આ અંતર્ગત તમામ શ્રમિકોને ઈએસઆઈસીના દાયરામાં લાવવાની સાથે મહિલાઓને તમામ શ્રેણીઓમાં રાતની શિફ્ટમાં કામ કરવાની સુવિધા આપવામાં આવી છે. રાજ્યો તરફથી અંતિમ રૂપ આપવામાં આવે પછી તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.

## અસંગઠિત કામદારોને સામાજિક સુરક્ષાનો લાભ

આઝાદીનાં આટલા વર્ષો પછી પણ દેશમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોનો કોઈ સચોટ ડેટા નહોતો એ વિટંબણા કહેવાય. આને કારણે આવા શ્રમિકોને કેન્દ્ર સરકારની સામાજિક અને સલામતી યોજનાઓનો લાભ મળી શકતો નહોતો. આ શ્રમિકોના હિતમાં સૌથી મોટું પગલું ભરતા શ્રમ મંત્રાલયે 26 ઓગસ્ટનાં રોજ ઈ-શ્રમ પોર્ટલનો પ્રારંભ કર્યો. આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન બાદ દરેક શ્રમિકને ઈ-શ્રમ કાર્ડ આપવામાં આવી રહ્યું છે. આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન દ્વારા કેન્દ્ર સરકાર પાસે ચોક્કસ આંકડો આવશે એટલું જ નહીં, પણ 400થી વધુ વ્યવસાયમાં આવા શ્રમિકોને બે લાખ રૂપિયા સુધીની સામાજિક સલામતીનો લાભ પણ મળશે.

# મફત અન્ન યોજના લંબાવવામાં આવી, કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા



**ત્રણ કૃષિ કાયદા સામે છેલ્લાં એક વર્ષથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને પગલે વડાપ્રધાને રાષ્ટ્ર હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં ત્રણેય કૃષિ કાયદાને પાછાં લેવાની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી બાદ 29 નવેમ્બરનાં રોજ શિયાળુ સત્રનાં પ્રથમ દિવસે જ સંસદે તેને મંજૂરી આપી દીધી. કેબિનેટની મંજૂરી બાદ કોવિડ મહામારીના સમયમાં 80 કરોડથી વધુ લોકોને 15 મહિનાથી મફતમાં મળી રહેલા અનાજની યોજનાને વધુ ચાર મહિના માટે લંબાવી છે. આ ઉપરાંત, ગ્રામીણ વિકાસને ગતિ આપનાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, આકાંક્ષી જિલ્લાઓમાં મોબાઈલ સેવા જેવા અનેક નિર્ણયોને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી હતી...**

**નિર્ણયઃ કોવિડના સમયમાં શરૂ થયેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને આગામી ચાર મહિના માટે લંબાવતા વધારાના અનાજ ભંડોળને મંજૂરી આપી જેથી તમામ લોકોને પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે.**

**અસરઃ** માર્ચ 2020થી શરૂ થયેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને આગામી ચાર મહિના માટે લંબાવવામાં આવી છે. આ મહામારીને કારણે મુશ્કેલીનો સામનો કરનારા ગરીબોને મોટી રાહત મળશે.

- કેન્દ્ર સરકારનું માનવું છે કે કોઈ પણ ગરીબ પરિવાર ભૂખ્યો ન સૂવો જોઈએ. સરકારે ચાર મહિના (ડિસેમ્બર 2021થી માર્ચ 2022) માટે યોજનાને લંબાવી છે, જેનાથી લાભાર્થીઓના ભોજનની જરૂરિયાત સંતોષાશે.
- આ યોજનામાં પ્રતિ વ્યક્તિ પાંચ કિલો વધારાનાં મફત અનાજની ફાળવણી કરવામાં આવશે. તેનો લાભ 80 કરોડ લોકોને થશે અને તેનાં પર રૂ. 50,756 કરોડનો ખર્ચ થશે.
- મફત ખાદ્યાન્ન યોજના અંતર્ગત વીતેલા 15 મહિનામાં આપવામાં આવેલાં અને આગામી ચાર મહિના માટે અપાનારા અનાજ પાછળ કુલ રૂ. 2.60 લાખ કરોડનો ખર્ચ થશે.

**નિર્ણયઃ તમામ વિસ્તારો સુધી ડિજિટલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાની દિશામાં આકાંક્ષી જિલ્લામાં મોબાઈલ સેવાઓ માટે યુનિવર્સલ ઓબ્લિગેશન ફન્ડ (USOF) યોજનાને મંજૂરી.**



**અસરઃ** પાંચ રાજ્યોના 44 આકાંક્ષી જિલ્લાના 7287 ગામોમાં 4G આધારિત મોબાઈલ સેવાઓની વ્યવસ્થા.

- આશરે રૂ. 6466 કરોડના અંદાજિત ખર્ચે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશામાં અમલીકરણ કરવામાં આવશે અને 18 મહિનાની અંદર પૂરું કરવામાં આવશે.
- ડિજિટલ કનેક્ટિવિટીને વધારવા માટે જિલ્લાઓમાં રોજગારની તકો વધારવામાં આવશે.
- તેનાથી ડિજિટલ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરીને આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવામાં આવશે.

**નિર્ણયઃ હવામાન અને જળવાયુ આગાહી માટેનું તંત્ર મજબૂત બનાવવા નાણાંકીય વર્ષ 2021થી 2016 માટે 'એટમોસ્ફિયર એન્ડ ક્લાઈમેટ રિસર્ચ-મોડેલિંગ ઓબ્ઝર્વેશન્સ સિસ્ટમ એન્ડ સર્વિસિસ' (ACROSS) તથા તેની આ પેટા યોજનાઓને ચાલુ રાખવા મંજૂરી**

**અસરઃ** આનાથી હવામાન, જળવાયુ, સમુદ્ર સંબંધિત આગાહીની સેવા પૂરી પાડવામાં મદદ મળશે. આનાં પર રૂ 2135 કરોડનો ખર્ચ થશે અને રોજગારીની તકોમાં પણ વધારો થશે.

**નિર્ણયઃ બ્લુ ઇકોનોમી તરફ પહેલ કરતાં કેબિનેટે રૂ. 2177 કરોડનાં કુલ ખર્ચે ઓ-સ્માર્ટ યોજનાને 2021-26 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી.**

**અસરઃ** ઓશન સર્વિસિસ, મોડેલિંગ, એપ્લિકેશન્સ, રિસોર્સિસ એન્ડ ટેકનોલોજી (O-SMART) સ્કીમ ઓશનોગ્રાફીના ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણમાં મદદ કરશે. દરિયાઈ સંસાધનોના અસરકારક અને કુશળ ઉપયોગની સાથે દરિયાઈ ક્ષેત્ર માટે અત્યાધુનિક ટેકનોલોજી પૂરી પાડશે.

**નિર્ણયઃ યુવા પ્રતિભાઓના વિકાસ માટે રૂ. 3054 કરોડની સહાયથી આગામી પાંચ વર્ષ સુધી ધ નેશનલ એપ્રેન્ટિસશીપ ટ્રેઈનિંગ સ્કીમ (NATS) ચાલુ રાખવામાં આવશે.**

**અસરઃ** મોબાઈલ ઉત્પાદન, મેડિકલ ઉપકરણોનું ઉત્પાદન, ફાર્મા અને ઓટોમોબાઈલ સેક્ટરમાં એપ્રેન્સિટીસશીપને પ્રોત્સાહન મળશે.

- આ અંતર્ગત નવ લાખ એપ્રેન્ટિસને તાલીમ આપવામાં આવશે અને ટ્રેઈની એપ્રેન્ટિસને દર મહિને રૂ. 9,000 અને ડિપ્લોમા એપ્રેન્ટિસને રૂ. 8,000નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આનાથી આશરે સાત લાખ યુવાનોને રોજગારી મળી શકશે.

**નિર્ણયઃ કાર્યક્ષમ વીજ ક્ષેત્રની દિશામાં વધુ એક પહેલમાં, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજળી વિતરણ અને છૂટક પુરવઠાના વ્યવસાયના ખાનગીકરણને મંજૂરી આપવામાં આવી છે.**

**અસરઃ** વિતરણ અને છૂટક પુરવઠામાં કામગીરી અને કાર્યક્ષમતામાં સુધારો થશે. તેમજ સ્પર્ધા પણ વધશે. આનાથી

**નિર્ણયઃ વડાપ્રધાને 19 નવેમ્બરનાં રોજ ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચવાની જાહેરાત કરી હતી, જેને કેબિનેટે ઔપચારિક મંજૂરી આપી. સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે બિલને ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને રાષ્ટ્રને કરેલા સંબોધનના અંશઃ**

## 80 ટકા નાના ખેડૂતો

જ્યારે દેશે મને 2014માં વડાપ્રધાન તરીકે સેવા આપવાની તક આપી ત્યારે અમે કૃષિ વિકાસ, ખેડૂતોના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી. દેશના 100 ખેડૂતોમાંથી 80 નાના ખેડૂતો છે. તેમની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે. આ નાના ખેડૂતોની સંખ્યા 10 કરોડથી વધુ છે. જમીનનો આ નાનકડો ટુકડો જ તેના સમગ્ર જીવનનો આધાર છે. તેથી દેશના નાના ખેડૂતોના પડકારોને પહોંચી વળવા માટે અમે બિયારણ, વીમો, બજાર અને બચત માટે કામ કર્યું છે. સરકારે ખેડૂતોને નીમ કોટેડ યુરિયા, સોઈલ હેલ્થ કાર્ડ, સૂક્ષ્મ સિંચાઈ જેવી સુવિધાઓ સાથે પણ જોડ્યા છે. અમે ખેડૂતોને 22 કરોડ સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા છે.

## કિસાન સન્માન નિધિ

અમે પાક વીમા યોજનાને વધુ અસરકારક બનાવી છે. વધુ ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મુશ્કેલીના સમયમાં વધુને વધુ ખેડૂતો સરળતાથી વળતર મેળવી શકે તે માટે જૂના નિયમો પણ બદલાયા. એટલાં માટે છેલ્લાં ચાર વર્ષમાં આપણા ખેડૂત ભાઈ-બહેનોને એક લાખ કરોડ રૂપિયાથી વધુનું વળતર મળ્યું છે. નાના ખેડૂતોની જરૂરિયાતો પૂરી કરવા માટે તેમના બેંક ખાતામાં રૂ. 1.62 લાખ કરોડ સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા.

## એમએસપી

ખેડૂતોને તેમની મહેનતના બદલામાં ઉપજનાં યોગ્ય ભાવ મળે તે માટે પણ ઘણા પગલાં લેવામાં આવ્યા હતા. સરકારે ગ્રામીણ માળખાકીય સુવિધાઓ મજબૂત કરી. અમે એમએસપી વધારવાની સાથે સાથે વિક્રમ સંખ્યામાં સરકારી ખરીદ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. દેશની 1,000થી વધુ મંડી (બજારો)ને e-NAM યોજના સાથે જોડીને અમે ખેડૂતોને ક્યાંય પણ પોતાની ઉપજ વેચવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, કૃષિ મંડીઓના આધુનિકીકરણ પર પણ અમે કરોડો રૂપિયા ખર્ચ કર્યા છે.

## કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

આજે કેન્દ્ર સરકારનું કૃષિ બજેટ અગાઉની સરખામણીમાં પાંચ ગણું વધી ગયું છે. દર વર્ષે કૃષિ પાછળ રૂ. 1.25 લાખ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. એક લાખ કરોડ રૂપિયાના એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા ગામ અને ખેતરની નજીક ગોડાઉનની વ્યવસ્થા, કૃષિ સાધનો જેવી અનેક સુવિધાઓનું વિસ્તરણ જેવી સુવિધા ઝડપથી આપવામાં આવી રહી છે. નાના ખેડૂતોને સમર્થ કરવા માટે 10,000 એફપીઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનો બનાવવાનું અભિયાન પણ ચાલી રહ્યું છે. તેના પર પણ આશરે સાત હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

## કૃષિ સુધાર

ખેડૂતોની સ્થિતિ સુધારવાના મહા અભિયાનમાં સરકાર દ્વારા ત્રણ કૃષિ કાયદા લાવવામાં આવ્યા હતા. આનો હેતુ ખેડૂતોને, ખાસ કરીને નાના ખેડૂતોને ઉત્પાદનના યોગ્ય ભાવ અને ઉત્પાદન વેચવાના વધુને વધુ વિકલ્પો મેળવવા માટે સમર્થ બનાવવાનો હતો. અગાઉ પણ ઘણી સરકારોએ આ અંગે વિચારણા કરી હતી. આ વખતે પણ સંસદમાં ચર્ચા થઈ, મંથન થયું અને આ કાયદા લાવવામાં આવ્યા. દેશના ખૂણે ખૂણે અનેક ખેડૂત સંગઠનોએ તેનું સ્વાગત કર્યું અને સમર્થન કર્યું.



બાકી રકમની વસૂલાતમાં પણ મદદ મળશે. DNH-DD પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડને સરકારની સંપૂર્ણ માલિકીની કંપની તરીકે સ્થાપિત કરવામાં આવશે. આનાથી 1.45 લાખથી વધુ ગ્રાહકોને સારી સેવાઓ મળશે.

**નિર્ણયઃ દરેક ગામ સુધી માર્ગ સુનિશ્ચિત કરવા PM ગ્રામ સડક યોજના (PMGSY) ના પ્રથમ અન દ્વિતીય તબક્કા સાથે ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ ચાલુ રાખવા માટે મંજૂરી.**

**અસરઃ** સમગ્ર દેશમાં આયોજન વિનાના રહેણાંક વિસ્તારોને 'ઓલ વેધર રોડ' દ્વારા જોડાણ પ્રદાન કરવાનો લક્ષ્યાંક છે. તમામ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે 2021-22 થી 2024-25 સુધી 11.24 લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.



## અમે કેટલાંક ખેડૂતોને ન સમજાવી શક્યા

અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે, ખાસ કરીને નાના ખેડૂતોના કલ્યાણ માટે, દેશના કૃષિ જગતના હિતમાં, દેશના હિતમાં, ગામડાના ગરીબોના ઉજ્જવળ ભવિષ્ય માટે, સંપૂર્ણ નિષ્ઠાથી, સંપૂર્ણ ખેડૂતો પ્રત્યે સમર્પણ ભાવ અને સારા હેતુથી આ કાયદો લાવી હતી. પરંતુ આટલી પવિત્ર વાત, સંપૂર્ણપણે ચોખ્ખી, ખેડૂતોના હિતની વાત, અમે અમારાં પ્રયત્નો છતાં કેટલાંક ખેડૂતોને ન સમજાવી શક્યા. ભલે ખેડૂતોનો એક વર્ગ વિરોધ કરી રહ્યો હતો, છતાં અમારા માટે તે મહત્વપૂર્ણ હતું.

## કાયદો પાછો ખેંચાશે

આજે દેશવાસીઓની માફી માંગતાં હું સાચા દિલથી અને પવિત્ર હૃદયથી કહેવા માંગુ છું કે કદાચ અમારી તપસ્યામાં કોઈક ખામી રહી હશે, જેના કારણે અમે દીવાના પ્રકાશનું જેવું સત્ય ખેડૂત ભાઇઓને ન સમજાવી શક્યા. આજે ગુરૂ નાનક દેવજીનું પવિત્ર પ્રકાશ પર્વ છે. આ સમય કોઈને દોષ આપવાનો નથી. આજે, હું તમને, સમગ્ર દેશને કહેવા આવ્યો છું કે અમે ત્રણેય કૃષિ કાયદાઓને પાછા લેવાનો, રદ કરવાનો નિર્ણય લીધો છે. હવે તમે પોતપોતાના ઘરે પાછા ફરો, ખેતરમાં પાછા ફરો, તમારા પરિવાર પાસે પાછા ફરો. ચાલો, એક નવી શરૂઆત કરીએ. નવેસરથી આગળ વધીએ.

## કૃષિ સુધારા પર કમિટી

સરકારે કૃષિ સંબંધિત વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. પાકની પદ્ધતિને વૈજ્ઞાનિક રીતે બદલવા, MSPને વધુ અસરકારક અને પારદર્શક બનાવવા સહિતના તમામ વિષયો પર નિર્ણય લેવા માટે ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ હશે, ખેડૂતો, કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિ અર્થશાસ્ત્રીઓ હશે. અમે તેમને અત્યંત નમ્રતાથી, ખુલ્લા મનથી સમજાવતા રહ્યા. અનેક માધ્યમો સાથે સામૂહિક બેઠકો પણ કરી. અમે ખેડૂતોની દલીલો સમજવામાં કોઈ કચાશ બાકી નથી રાખી. જે મુદ્દે તેમને વાંધો હતો, તે જોગવાઈઓમાં ફેરફાર કરવા પણ સરકાર સંમત થઈ હતી. અમે આ કાયદાઓને બે વર્ષ માટે સ્થગિત કરવાની દરખાસ્ત પણ કરી હતી.

## કૃષિ સંબંધિત ત્રણેય કાયદા પાછા લેવાનું વિધેયક પસાર



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને નામ કરેલા સંબોધનમાં કહ્યું હતું કે આ સંસદ સત્ર દરમિયાન જ ત્રણેય કૃષિ કાયદાઓ પાછા ખેંચી લેવામાં આવશે. સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે એટલે કે 29 નવેમ્બરે બંને ગૃહોમાં કૃષિ કાયદા પાછા લેતું બિલ પસાર કરવામાં આવ્યું છે. સત્રના પહેલા દિવસે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે આ બિલ લોકસભા અને રાજ્યસભામાં રજૂ કર્યું હતું. જ્યાં તેને ધ્વનિ મત દ્વારા પસાર કરી દેવામાં આવ્યું.

- અત્યાર સુધીમાં 1,78,184 માંથી 1,71,494 વસાહતો ઉમેરવામાં આવી છે અને 1968 વસાહતો બાકી છે.
- કૃષિ, આરોગ્ય, શિક્ષણ, શહેરીકરણ અને રોજગાર સર્જન વગેરે પર સકારાત્મક અસર પડશે. જોડાયેલી વસાહતોની આર્થિક ક્ષમતાનો ઉપયોગ કરવા પ્રોત્સાહ મળશે.
- પરિવહન સેવાઓ માટે માર્ગ નેટવર્કની એકંદર કાર્યક્ષમતામાં સુધારો થવાની સાથે સાથે સ્થાનિક વસતિ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને પ્રકારની નોકરીઓનું સર્જન થશે.
- ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં બાકીના કામો પૂર્ણ કરવા માટે આ યોજના માર્ચ 2023 સુધી લંબાવવામાં આવી છે.
- 1887 કિલોમીટર લાંબો રોડ અને 40 પુલને મંજૂરી આપવામાં આવી રહી છે.
- 2016થી અત્યાર સુધી નવ રાજ્યોના 44 જિલ્લામાં 4,490 કિલોમીટર લાંબા રસ્તાઓ અને 105 પુલોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.




# જેવર: ઉત્તરપ્રદેશને મળ્યું અનોખું નજરાણું

**દેશમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે વાહનવ્યવહારના સાધનો વધે ત્યારે વિકાસને નવી ગતિ મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં રેલવે, માર્ગ અને હવાઈ પરિવહનની વ્યવસ્થાને સરળ અને વધુ સારી બનાવવા માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ ઉત્તરપ્રદેશને પૂર્વાંચલ એક્સપ્રેસ વેની ભેટ આપનાર વડાપ્રધાને દિલ્હી પાસેના જેવર (ઉત્તરપ્રદેશ)માં વિશ્વનાં ચોથા મોટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો શિલાન્યાસ કરીને ઉત્તર ભારતમાં હવાઈ પરિવહનને એક નવી ઝડપ આપવાનો પાયો નાખ્યો. તેનાથી જેવર સહિત નોઇડા અને યુપીના વિસ્તારોમાં રોકાણ વધવાની સાથે સાથે લાખો લોકોને રોજગારી મળશે...**

'નેશન ફર્સ્ટ'ના મંત્ર પર ચાલનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને રાજકારણનો નહીં, પણ રાષ્ટ્રનીતિનો ભાગ માને છે. એટલાં માટે જ તેઓ વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મૂકે છે અને કહે છે, "21મી સદીનું નવું ભારત આજે એકથી એક ચડિયાતી માળખાકીય સુવિધાનું નિર્માણ કરી રહ્યું છે. સારા માર્ગ, સારું રેલવે નેટવર્ક, સારા એરપોર્ટ એ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પણ સમગ્ર વિસ્તારની કાયાપલટ કરી નાખે છે, લોકોનું જીવન બદલી નાખે છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો સારી માળખાકીય સુવિધાઓનાં મહત્વ અને તેનાં પ્રત્યે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે. આ કારણસર જ આજે દેશમાં ઝડપી ગતિથી

# જેવર આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી વિકાસને વેગ મળશે

**5730** કરોડથી વધુનું રોકાણ, પ્રથમ તબક્કામાં 3300 એકર જમીન પર નિર્માણ. એક લાખથી વધુ લોકોને રોજગારી મળશે.

### રોકાણ વધશે

રોકાણની સંભાવનાઓ વધશે, ફિલ્મ સિટી, મેડિકલ ડિવાઇસ પાર્ક, એપેરેલ પાર્ક અને ઉત્તરપ્રદેશ ડિફેન્સ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર, નોડના નિર્માણથી ઉત્તરપ્રદેશને વિશેષ લાભ મળશે.

### સમયની બચત

ભારતમાં પ્રથમ વાર ઇન્ટીગ્રેટેડ મલ્ટી-મોડલ કાર્ગો હબના કન્સેપ્ટ સાથે એરપોર્ટનું નિર્માણ, આનાથી લોજિસ્ટીક ખર્ચમાં ઘટાડો થશે અને સમયની બચત થશે.

**સમગ્ર એનસીઆરને ફાયદો:** આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્થાનિક ચીજો અને પાકની નિકાસ કરી શકાશે, સ્પર્ધાને વેગ મળશે. દિલ્હી, નોઇડા, ગાઝીયાબાદ, અલીગઢ, આગ્રા, ફરીદાબાદ જેવા શહેરોના કરોડો લોકોને લાભ.

### પર્યટનને પ્રોત્સાહન

હોસ્પિટાલિટી અને ટુરિઝમ સેક્ટરને પ્રોત્સાહન. દેશનું પ્રથમ નેટ ઝીરો ઉત્સર્જન ધરાવતું એરપોર્ટ બનશે . ડિજિટલ ટેકનોલોજી આધારિત સંચાલન

### 1.25 કરોડ યાત્રી

દર વર્ષે આશરે સવા કરોડ પ્રવાસીઓની અવરજવર થશે. ઉત્તર ભારતના લોજિસ્ટીક ગેટવે તરીકે સ્થાન પામશે. ઉત્તરપ્રદેશ ગ્લોબલ લોજિસ્ટીક મેપ પર સ્થાન મેળવશે.

**2024 સુધી બાંધકામ પૂરું થશેઃ** એરપોર્ટની સાથે ગ્રાઉન્ડ ટ્રાન્સપોર્ટેશનનો પણ વિકાસ, જેમાં એરપોર્ટ સુધી રોડ, રેલ અને મેટ્રો દ્વારા સીધી કનેક્ટિવિટી.2024 સુધી નિર્માણ પૂરું કરવાનું લક્ષ્ય. લોકેશનની રીતે જેવર એરપોર્ટ આગ્રાથી 130 કિ.મી અને દિલ્હીથી માત્ર 72 કિ.મી. દૂર હશે. ગ્રેટર નોઇડાથી 28 કિ.મી અને નોઇડાથી 40 કિ.મી. દૂર હશે.



**34,000**

**કરોડ રૂપિયાનો ખર્ચ થશે આ એરપોર્ટ બનાવવાનો. સપ્ટેમ્બર 2024માં પ્રથમ ફ્લાઇટ ઉપડશે**

**"આ એરપોર્ટથી સમગ્ર વિસ્તારનાં વિકાસને નવી ગતિ મળશે. એક નવી ઉડાન મળશે. આપણે બધાં એ જાણીએ છીએ કે જે રાજ્યોની સરહદ દરિયા સાથે સંકળાયેલી હોય છે તેમનાં માટે બંદર મોટી એસેટ હોય છે. પણ યુપી જેવા લેન્ડલોક રાજ્યો માટે આ ભૂમિકા એરપોર્ટ ભજવે છે. અહીં અલીગઢ, મથુરા, મેરઠ, આગ્રા, બીજનૌર, મુરાદાબાદ, બરેલી જેવા અનેક ઔદ્યોગિક વિસ્તારો છે. અહીં સર્વિસ સેક્ટરની ઇકોસિસ્ટમ પણ છે અને કૃષિ ક્ષેત્રમાં પશ્ચિમ યુપીની મહત્વની ભાગીદારી છે. હવે આ ક્ષેત્રો પણ મજબૂત બનશે. હવે અહીંના ખેડૂત ભાઇઓ ફળ, શાકભાજી, માછલી જેવી નાશવંત ચીજોની સીધી નિકાસ કરી શકશે."**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

રોડ, મેટ્રો, રેલ નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે. 'ઉડે દેશકા આમ નાગરિક' એટલે કે UDAN યોજના હેઠળ સામાન્ય માણસનું વિમાન પ્રવાસનું સપનું સાકાર થઈ રહ્યું. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ' મંત્રનું પાલન કરતા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે યોજનાઓ અટકી ના પાડે, લટકી ના પડે જેથી નિર્ધારિત સમયમર્યાદાની અંદર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ પૂરું કરી શકાય. જ્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર સારું હોય છે ત્યારે દરેકને તેનો લાભ મળે છે અને લોકો સક્ષમ બને છે. સપ્ટેમ્બર 2024ના અંત સુધીમાં જેવર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક રન-વે સાથે ઉડ્ડયન સેવા શરૂ થવાની સાથે દિલ્હી દેશનું પ્રથમ શહેર બની જશે, જ્યાં 70 કિ.મી.ની રેન્જમાં ત્રણ એરપોર્ટ હશે. આમાંથી બે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હશે. દિલ્હી અને જેવર ઉપરાંત ત્રીજું એરપોર્ટ ગાઝીયાબાદનું હીંડન એરપોર્ટ છે, જ્યાંથી સ્થાનિક વિમાનોનું સંચાલન થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેવરમાં એરપોર્ટનું શિલારોપણ ઉપરાંત ત્યાં એક પ્રદર્શન નિહાળ્યું અને પછી જાહેર સભાને પણ સંબોધન કર્યું. ●

# ઝાંસીની શૌર્ય ભૂમિથી રાષ્ટ્રની સલામતીની નવી પહેલ

**શસ્ત્રોની ખરીદી કરતા વિશ્વના સૌથી મોટા દેશોમાં સ્થાન પામતા ભારતમાં હવે મોટા ભાગના સંરક્ષણ સાધનોનું ઉત્પાદન થશે. લશ્કરની તાલીમ વધારવા અને ભવિષ્યમાં દેશની સલામતી માટે સક્ષમ યુવાનો માટે માળખું તૈયાર કરીને લશ્કરી પાંખોને આત્મનિર્ભર બનાવવા માટે દેશ આગળ વધી રહ્યો છે. આ દિશામાં 19 નવેમ્બરનાં રોજ ઉત્તરપ્રદેશના ઝાંસીમાં રાષ્ટ્ર રક્ષા સમર્પણ પર્વ પ્રસંગે વડાપ્રધાને ડિફેન્સ કોરિડોરના ઝાંસી વિભાગનું શિલારોપણ કર્યું અને લાલ કિલ્લા પરથી 100 નવી સૈનિક સ્કુલ ખોલવાની કરેલી જાહેરાતના અમલની શરૂઆત કરાવી...**



"ભારત શૌર્ય અને વીરતાની ખામીને કારણે ક્યારેય કોઈ યુધ્ધ નથી હાર્યું. રાણી લક્ષ્મીબાઈ પાસે અંગ્રેજો જેટલાં સંસાધન અને આધુનિક શસ્રો હોત તો દેશની આઝાદીનો ઈતિહાસ કંઈક અલગ જ હોત." રાષ્ટ્ર રક્ષા સમર્પણ પર્વ પ્રસંગે ઉત્તરપ્રદેશની શૌર્ય ભૂમિ ઝાંસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ વિચાર આઝાદીના એ છ દાયકાઓનુ કડવું સત્ય છે, જ્યારે દેશ સંરક્ષણ ઉત્પાદનોનો માત્ર આયાતકાર જ હતો. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2014 બાદ દેશને સરદાર પટેલના સપનાનું આત્મનિર્ભર ભારત બનાવવાનું બીડું ઝડપ્યું અને આજે ભારત 84 દેશોમાં તેની સંરક્ષણ સામગ્રીની નિકાસ કરી રહ્યો છે. હવે આ શ્રૃંખલામાં બુંદેલખંડમાં યુપી ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અભિયાનમાં સારથીની ભૂમિકા ભજવવા જઇ રહ્યો છે. બુંદેલખંડ એક સમયે ભારતના શૌર્ય અને સાહસ માટે જાણીતુ હતું. તેની ઓળખ હવે ભારતની વ્યૂહાત્મક શક્તિના મુખ્ય કેન્દ્ર તરીકે પણ થશે.

**“ લાંબા સમયથી ભારતની ગણના શસ્રનાં મોટાં ગ્રાહક દેશોમાં થતી આવી છે. પણ આજે દેશનો મંત્ર છે-"મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ." આજે ભારત પોતાની સેનાઓને આત્મનિર્ભર બનાવવા માટે કામ કરી રહ્યું છે. અમે દેશના સંરક્ષણ ક્ષેત્રને દેશના ખાનગી શ્રેત્રના ટેલેન્ટ સાથે પણ જોડી રહ્યા છીએ. નવા સ્ટાર્ટઅપને હવે આ ક્ષેત્રમાં પણ પોતાની પ્રતિભા દર્શાવવાની તક મળી રહી છે.**

-નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

## રાષ્ટ્રને સમર્પિત નવી પહેલઃ લાલ કિલ્લા પરથી જાહેરાત, ઝાંસીથી શરૂઆત

- એનસીસી કેડેટ માટે 'એનસીસી ભૂતપુર્વ વિદ્યાર્થી સંગઠન' અને રાષ્ટ્રીય કાર્યક્રમનો શુભારંભ, જેમાં વડાપ્રધાને આ સંગઠનના પ્રથમ સભ્ય તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યું
- 100 નવી સૈનિક સ્કુલ, 'એનસીસી બોર્ડર એન્ડ કોસ્ટલ પ્લાનિંગ'નું વિસ્તરણ. 33 સૈનિક સ્કુલમાં આ શૈક્ષણિક સત્રથી એડમિશન પણ શરૂ થઈ ગયુ છે.
- ઝાંસીમાં રૂ. 3,425 કરોડથી વધુના વિકાસ તથા અન્ય પ્રોજેક્ટ્સ.
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની 193મી જન્મજયંતી પ્રસંગે ઝાંસીના કિલ્લામાં તેમની પ્રતિમાનું અનાવરણ
- એનસીસી કેડેટ્સ માટે રાષ્ટ્રીય નિરંતર તાલીમ કાર્યક્રમનો શુભારંભ.
- સ્વદેશમાં ડિઝાઈન અને વિક્સિત કરવામાં આવેલા હળવા લડાકુ હેલિકોપ્ટર (LCH), ડ્રોન અને નૌકા દળના જહાજો માટે એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિક્સ વોરફેર સુટ 'શક્તિ' સશસ્ત્ર દળોને સોંપ્યા.
- શહીદોને શ્રધ્ધાંજલિ આપવા માટે રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક મોબાઈલ એપ લોંચ કરવામાં આવી

## અટલ એકતા પાર્કનું ઉદઘાટન અને સૌર ઊર્જા પાર્કનું શિલારોપણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર રક્ષા સમર્પણ પર્વ દરમિયાન ઝાંસીમાં અટલ એકતા પાર્કનું ઉદઘાટન કર્યું. ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની સ્મૃતિમાં બનાવવામાં આવેલા એકતા પાર્ક પર રૂ. 11 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જે આશરે 40,000 ચોરસ મીટરમાં ફેલાયેલો છે. આ પાર્કમાં પુસ્તકાલયની સાથે સાથે અટલ બિહારી વાજપેયીની પ્રતિમા પણ હશે. આ પ્રતિમાનું નિર્માણ જાણીતા મૂર્તિકાર રામ સુથારે કર્યુ છે, જેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવી છે. વડાપ્રધાને ઝાંસીના ગરૌઠામાં 600 મેગાવોટના અલ્ટ્રામેગા સોલર ઉર્જા પાર્કનું પણ શિલારોપણ કર્યું હતું. આ ઉર્જા પાર્કનું નિર્માણ રૂ. 3,000 કરોડનાં ખર્ચે કરવામાં આવી રહ્યું છે અને તેનાથી સસ્તી વીજળી અને ગ્રિડ સ્થિરતા એમ બંને લાભ થશે.

### સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા પર ભાર

- સશસ્ત્ર દળોની સેવાના વડાઓને ભારતમાં નિર્મિત અને ડિઝાઈન કરાયેલા ઉપકરણો સોંપવામાં આવ્યા. સંરક્ષણ ઉદ્યોગ કોરિડોરના ઝાંસી નોડ પર રૂ. 400 કરોડનાં પ્રોજેક્ટ્સનું શિલારોપણ કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક પર ડિજિટલ કિયોસ્કની શરૂઆત. આનાથી મુલાકાતીઓ બટન દબાવીને શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી શકશે.

### દાયકાઓથી અટકેલો પ્રોજેક્ટ મહોબામાં શરૂ

ઉત્તરપ્રદેશના મહોબામાં વિકાસને વેગ આપવા માટે રૂ. 3,259 કરોડનાં ખર્ચે બનેલા મલ્ટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરવામાં આવ્યો. અર્જુન સહાયક યોજના, રતૌલી વિયર યોજના, ભવાની બાંધ યોજના, અને મઝગાંવ-ચિલી સ્પ્રિંકલર યોજનાનું ઉદઘાટન કરવામાં આવ્યું. આનાથી ખેડૂતોને મોટી રાહત મળશે અને આ વિસ્તારમાં પાણીની અછતની સમસ્યાને દૂર કરવામાં મદદ મળશે.

સંરક્ષણ નીતિમાં પરિવર્તન કરતાં ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ પ્રગતિ કરી છે. એટલાં માટે જ છેલ્લાં બે વર્ષોમાં તેમાં મહત્વની સફળતા હાંસલ થઈ છે. ભારત હવે બીજા દેશોના શસ્ત્રોની મદદથી યુધ્ધ લડવાના મૂડમાં નથી. તેનું સમગ્ર ફોકસ હવે પોતાની ક્ષમતા વધારવા પર છે. આપણે ભવિષ્યનાં યુધ્ધ લડવા અને જીતવા હોય તો આયાત પર આધાર ન રાખી શકીએ. આ માટે આગામી માર્ગ સ્વદેશીકરણનો છે. એટલાં માટે જ ભારતે સંરક્ષણ ઉપકરણોની આયાત રોકવાનો અને આગામી દાયકામાં લક્ષ્ય હાંસલ કરવાનો નિર્ણય લીધો છે. આ લક્ષ્ય દ્વારા દેશ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધશે. આ દિશામાં આગળ વધતાં સ્વદેશી કંપનીઓને ઓર્ડર આપવાની પહેલ શરૂ કરવામાં આવી છે અને અનેક ઓર્ડિનન્સ ફેક્ટરીઓને કંપનીઓમાં બદલવામાં આવી છે, જેથી ભારત આત્મનિર્ભર બનીને વિશ્વની સૌથી મોટી લશ્કરી તાકાત બને. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્ર રક્ષા સમર્પણ પર્વ અને મહારાણી લક્ષ્મીબાઈની જયંતી પ્રસંગે ઉત્તરપ્રદેશના ઝાંસીના કિલ્લાના પ્રાંગણમાં આયોજિત એક સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંરક્ષણ મંત્રાલયની અનેક નવી પહેલ રાષ્ટ્રને સમર્પિત કરી.





## આંતરિક સલામતીની મજબૂતી માટે

# હવે પોલિસ દળમાં ટેકનિકલ મિશનની સ્થાપના કરાશે

**કોવિડના સમયમાં કરેલા પ્રશંસનીય કાર્યોને કારણે પોલિસની છબી બદલાઈ છે, ત્યારે બદલાતા સમયમાં ટેકનોલોજી દ્વારા પોલિસ વહીવટીતંત્રને મજબૂત કરવાની સાથે સાથે ભવિષ્યની ટેકનોલોજીને પોલિસની મુળભૂત જરૂરિયાતો પ્રમાણે વિક્સાવવા માટે વડાપ્રધાને કેન્દ્રીય ગૃહ મંત્રીના વડપણમાં પોલિસ ટેકનોલોજી મિશનની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો.**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં માનવ સંસાધન પણ રહ્યું છે. તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે અગાઉની સરકારોમાં પોલિસ મહાનિદેશકો (ડીજીપી) અને પોલિસ મહાનિરીક્ષકો (આઈજીપી)ની વહીવટી બેઠકોના ઉદઘાટન કે સમાપન સમારોહમાં વડાપ્રધાન અથવા ગૃહ મંત્રી ઔપચારિકતા માટે હાજર રહેતા હતા. પણ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમાં ફેરફાર કર્યો અને તમામ રાજ્યોના ડીજીપી અથવા આઈએએસ-આઈપીએસ અધિકારીઓ સાથેના સંવાદમાં તેમણે પોતે અથવા ગૃહ મંત્રી અમિત શાહે સંપૂર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ટોચના અધિકારીઓ સાથે સમન્વય સાધીને માળખું ઊભું કર્યું. ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉમાં 20-21 નવેમ્બરનાં રોજ આયોજિત 56માં પોલિસ મહાનિદેશક-પોલીસ મહાનિરીક્ષક સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલિસ સંબંધિત તમામ ઘટનાઓનાં વિશ્લેષણ અને શિક્ષણ પ્રક્રિયાને સંસ્થાકીય કરવા પર ભાર મૂક્યો.

આ બેઠકનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કર્યું, જ્યાં તેમણે દેશના ત્રણ સર્વશ્રેષ્ઠ પોલિસ સ્ટેશનોને ટ્રોફી આપીને તેનાં કાર્યોની પ્રશંસા કરી. કેન્દ્રીય ગૃહ મંત્રી બે દિવસના આ સંમેલનમાં હાજર રહ્યા. સમાપન સત્રમાં વડાપ્રધાન મોદીએ સામાન્ય લોકોના જીવનમાં કો-વિન, જેમ (GeM) અને યુપીઆઈ જેવી ટેકનોલોજીનાં મહત્વનો ઉલ્લેખ કરતાં દેશભરનાં પોલિસ દળોના લાભ માટે આંતર-સંચાલિત (inter-operable) ટેકનોલોજીના વિકાસ પર ભાર મૂક્યો. વડાપ્રધાને ખાસ કરીને ટેકનોલોજીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્દેશ કર્યો કે ગૃહ મંત્રીના વડપણમાં ઉચ્ચ સત્તાધારી પોલિસ ટેકનોલોજી મિશનની રચના કરવામાં આવે જેથી ભવિષ્યની ટેકનોલોજીને પોલિસ દળોની પાયાની જરૂરિયાત પ્રમાણે તૈયાર કરી શકાય. પોલિસની દૈનિક સમસ્યાઓના ઉકેલ માટે તેમણે ઉચ્ચ ટેકનોલોજીનો અભ્યાસ કરનાર યુવાનોને સામેલ કરવા જણાવ્યું જેથી હેકાથોન દ્વારા ટેકનોલોજીકલ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. ●

### સંમેલન માટે આ વિષયો પર કોર ગ્રુપ બન્યું

જેલ સુધારણા, આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, સાયબર ગુના, નાર્કોટિક્સ ટ્રાફિકિંગ,. એજીઓને વિદેશી ફન્ડિંગ, ડ્રોન સંબંધિત મુદ્દા, સરહદી ગામોના વિકાસ જેવા રાષ્ટ્રીય સલામતી સંબંધિત મહત્વનાં વિષયોનાં મુખ્ય પાસાઓ પર ચર્ચા માટે પોલિસ મહાનિદેશકનાં અનેક કોર ગ્રુપ રચવામાં આવ્યા હતા.

| 2020 | 2019 | 2018 | 2017 | 2016 | 2015 | 2014 |
|---|---|---|---|---|---|---|
| નું ડીજીપી સંમેલન કોવિડને કારણે વર્ચ્યુઅલી થયું | માં સંમેલન પૂણેમાં યોજવામાં આવ્યું હતું | માં કેવડિયા, ગુજરાતમાં યોજવામાં આવ્યું હતું | માં બીએસએફ એકેડેમી, ટેકનપુરમાં યોજાયું હતું | માં રાષ્ટ્રીય પોલિસ એકેડેમી, હૈદરાબાદમાં યોજાયું હતું | માં ધોરડો, કચ્છના રણમાં યોજાયું હતું | માં ગુવાહાટી, આસામમાં યોજાયું હતું |

# ભારતના આઈટી નિષ્ણાતોને કારણે વિશ્વનું અર્થતંત્ર ડિજિટલ થઈ રહ્યું છે






**ટેકનોલોજીના ઉપયોગથી લોક કલ્યાણની સાથે સાથે બિઝનેસ, રોકાણ અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટેની કેન્દ્ર સરકારની નીતિઓ વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે. ભારત ડેટાનાં મુદ્દે વિશ્વનું સૌથી મોટું ગ્રાહક છે, તો સૌથી સસ્તો ડેટા પણ ભારતમાં જ ઉપલબ્ધ છે. 18 નવેમ્બરનાં રોજ યોજાયેલા સિડની ડાયલોગમાં વડાપ્રધાને લોકશાહી દેશો સાથે કામ કરવા માટે રોડ-મેપ રજૂ કર્યો, જે રાષ્ટ્રીય અધિકારોને માન્યતા આપે અને વ્યાપક જન કલ્યાણને પ્રોત્સાહન આપે.**

ટેકનોલોજી વિકાસની ગતિ વધારીને જીવનમાં સરળતા લાવે છે, પણ તેનાં દુરુપયોગની સંભાવનાઓ પડકારો પણ સર્જે છે. ડિજિટલ યુગમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધા, શક્તિ અને નેતૃત્વનુ સ્વરૂપ બદલાઈ ગયું છે. ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અને સૌથી ઝડપથી આગળ વધનારી ઈકો-સિસ્ટમ છે, જેમાં દર બીજા સપ્તાહમાં નવા યુનિકોર્ન બની રહ્યા છે. ભારત સસ્તી અને સાર્વત્રિક આરોગ્ય સંભાળ માટે નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની દિશામાં પણ કામ કરી રહ્યું છે. ભારતની કૌશલ્ય ક્ષમતાને વૈશ્વિક વિશ્વાસનો લાભ થયો છે. પીએલઆઈ સ્કીમ ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકમ્યુનિકેશન્સમાં વૈશ્વિક કંપનીઓને આકર્ષી રહી છે.

ડેટા એ ટેકનોલોજીની સૌથી મોટી પ્રોડક્ટ છે. ભારતમાં નાગરિકોના સશક્તિકરણ માટે ઝડપથી ડેટાનો ઉપયોગ થઈ રહ્યો છે. નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજીક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ‘ટેકનોલોજી ડેવલપમેન્ટ એન્ડ રીવોલ્યુશન’ વિષય પર ‘સિડની ડાયલોગ’નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના નેતાઓ, ઉદ્યોગ જગતન પ્રતિનિધિઓ અને સરકારી વડાઓ સમક્ષ આઈટીના મહત્વ અંગે ભારતનાં વિચાર રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, “ભારતની આઈટી પ્રતિભાએ વૈશ્વિક ડિજિટલ અર્થતંત્ર રચવામાં મદદ કરી છે અને ટેકનોલોજી તથા સેવાઓના વિકાસમાં પ્રદાન કર્યું છે. અમે સમગ્ર વિશ્વને ઓપન-સોર્સ સોફ્ટવેર તરીકે કો-વિન પ્લેટફોર્મ ઉપલબ્ધ બનાવ્યું છે. અમે ક્લાઉડ પ્લેટફોર્મની ક્ષમતા વધારવા કામ કરી રહ્યા છીએ. અમે વિવિધ બહુરાષ્ટ્રીય કંપનીઓને સાયબર સિક્યોરિટી સોલ્યુશન્સ પણ પૂરા પાડીએ છીએ.”

### ભારતમાં સૌથી સસ્તો ડેટા

ભારતે વિકાસની ગતિમાં ટેકનોલોજીના ઉપયોગની સાથે સાથે ડેટા સલામતી, ગુપ્તતા અને સલામતીનું મજબૂત માળખું ઘડ્યું છે. ભારત પ્રતિ વ્યક્તિ ડેટાનું સૌથી મોટું ગ્રાહક છે અને દેશમાં વિશ્વમાં સૌથી સસ્તો ડેટા પણ ઉપલબ્ધ છે. આપણી લોકશાહી અને અર્થતંત્રની પ્રગતિમાં ભારતની ડિજિટલ ક્રાંતિની સફળતા મદદરૂપ છે. તેથી, વૈશ્વિક મંચમાં વડાપ્રધાને પુનરોચ્ચાર કર્યો હતો કે ટેકનોલોજી અને ડેટા આજના નવા શસ્ત્રો છે અને તેનો દુરુપયોગ ન થવો જોઈએ. તેમણે જણાવ્યું કે, સિડની ડાયલોગનો ભાગ હોવાના નાતે આપણી સહકાર ક્ષમતા પ્રદર્શિત થઈ રહી છે. ડિજિટલ યુગ અર્થતંત્ર અને સમાજની સાથે સાથે આપણી આસપાસની દરેક વસ્તુને બદલી રહ્યું છે. ●



# વીરોને અભિનંદન

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 22-23 નવેમ્બરનાં રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સંરક્ષણ અલંકરણ સમારોહ કાર્યક્રમમાં વર્ષ 2020 માટે વીરતા અને શૌર્ય પુરસ્કાર પ્રદાન કર્યા.આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. વિશ્વમાં જ્યાં પણ સર્વોચ્ચ બલિદાનની વાત કરવામાં આવશે ત્યાં ભારતના શૂરવીર જવાનોનં નામ હંમેશા સુવર્ણ અક્ષરોમાં લખાશે. ઉત્તરમાં કાશ્મીરથી માંડીને દક્ષિણમાં કન્યાકુમારી સુધી, પૂર્વમાં બંગાળના અખાતથી માંડીને પશ્ચિમમાં કચ્છના રણ સુધી ભારતની વિશાળ સરહદનું રખોપું કરનાર જાંબાજોને સર્વોચ્ચ બલિદાન અને વીરતા માટે રાષ્ટ્રપતિએ સન્માનિત કર્યા. કુલ ચાર સત્રમાં આયોજિત આ કાર્યક્રમમાં વર્ષ 2020 માટે વીરતા અને શૌર્ય પુરસ્કાર અર્પણ

## વર્ધમાનને અભિનંદન

ફેબ્રુઆરી 2019માં બાલાકોટ એર સ્ટ્રાઈક દરમિયાન પાકિસ્તાનના એફ-16 લડાકુ વિમાનોને તોડી પાડનાર ગ્રુપ કેપ્ટન અભિનંદન વર્ધમાનને વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા



આજે સંરક્ષણ અલંકરણ સમારોહમાં ભાગ લીધો. હું મારા સાથી નાગરિકોને એ લોકો અંગે વધુ વાંચવાનો આગ્રહ કરું છું જેમને વીરતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની વીરતા આપ સૌને પ્રેરણા આપશે. આ એવી ઉત્કૃષ્ટ વ્યક્તિઓ છે જેમણે દરેક બાબત કરતાં કર્તવ્યને પ્રાથમિકતા આપી. ભારતને તેમનાં પર ગર્વ છે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

કરવામાં આવ્યા. બે દિવસના આ કાર્યક્રમ દરમિયાન લશ્કર, અર્ધલશ્કરી દળો ઉપરાંત તટરક્ષક દળ અને સશસ્ત્ર દળોના વીરોને તેમની ઉત્કૃષ્ટ વીરતા માટે વિવિધ ચંદ્રકોથી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં એક મહાવીર ચક્ર, 11 વીર ચક્ર (8 મરણોપરાંત), 8 કીર્તિ ચક્ર (6 મરણોપરાંત). 38 શૌર્ય ચક્ર (19 મરણોપરાંત) પ્રદાન કરવામાં આવ્યા. રાષ્ટ્રપતિએ અસાધારણ સ્તરની વિશિષ્ટ સેવા માટે 13 પરમ વિશિષ્ટ સેવા ચંદ્રક, બે ઉત્તમ યુધ્ધ સેવા ચંદ્રક અને 24 અતિ વિશિષ્ટ સેવા ચંદ્રક પણ એનાયત કર્યા. વિશિષ્ટ વીરતા, અદમ્ય સાહસ અને કર્તવ્ય પ્રત્યે સમર્પણ માચે કર્મીઓને વીરતા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા. રાષ્ટ્રપતિએ અસાધારણ સ્તરની વિશિષ્ટ સેવા માટે 14 પરમ વિશિષ્ટ સેવા ચંદ્રક, બે ઉત્તમ યુધ્ધ સેવા ચંદ્રક અને 26 અતિ વિશિષ્ટ સેવા ચંદ્રક પણ એનાયત કર્યા. સંરક્ષણ અલંકરણ સમારોહમાં પુરસ્કાર અર્પણ કરતાં પહેલાં વીરતાની કહાની સંભળાવવામાં આવે છે. આ સમારોહ દરમિયાન, રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલમાં રાષ્ટ્રના રક્ષણમાં વીરો અંગે ઉદઘોષકોના ગુંજતા શૌર્યપૂર્ણ શબ્દોને સાંભળીને ત્યાં હાજર લોકો ભાવુક થઈ ગયા હતા. ●




ગલવાનમાં ચીન સામે લડનાર કર્નલ બી સંતોષ બાબુને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મરણોપરાંત બીજો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર મહાવીર ચક્ર અર્પણ કર્યો. તેમની માતા અને પત્નીએ પુરસ્કાર સ્વીકાર્યો.




- ગયા વર્ષે મે મહિનામાં જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ સામે લડતાં શહીદ થયેલા મેજર અનુજ સુદને મરણોપરાંત શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા



- જમ્મુ કાશ્મીરના એસપીઓ બિલાલ અહેમદ મેગરેને મરણોપરાંત શૌર્ય ચક્ર આપવામાં આવ્યો. બિલાલ અહેમદે 20 ઓગસ્ટ, 2019નાં રોજ સામાન્ય નાગરિકોને આતંકવાદીઓના હૂમલાથી બચાવવા લશ્કરના અભિયાનમાં સ્વેચ્છાએ ભાગ લીધો અને આતંકવાદીનો ખાત્મો બોલાવીને શહીદ થઈ ગયા



- 3 મિડિયમ રેજિમેન્ટના હવાલદાર તેજીન્દર સિંહ ગલવાન ખીણમાં થયેલી અથડામણમાં લશ્કરની ટીમના સભ્ય હતા. તેમને વીરચક્રથી સન્માનિત કરવામં આવ્યા





- ચાર શહીદોને વીર ચક્ર- ગલવાન ખીણન ચાર અન્ય સૈનિકો નાયબ સુબેદાર નુદુરમ સોરેન, હવાલદાર (ગુન્નુર) કે પલાની, નાયક દીપક સિંહ અને સિપાહી ગુરતેજ સિંહને મરણોપરાંત વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. નાયબ સોરેનનાં પત્ની લક્ષ્મી મણિ સોરેન, હવાલદાર પલાનીનાં પત્ની વનાથી દેવી અને નાયક સિંહનાં પત્ની રેખા સિંહે પુરસ્કાર ગ્રહણ કર્યો હતો.



# આઝાદી અને સામાજિક સુધારામાં મહત્વની ભૂમિકા નિભાવનારા અમર સેનાની

ભારતમાં સ્વતંત્રતા સંગ્રામનો સમય એક યુગ સમાન છે. આ સમયગાળામાં દેશને આઝાદી અપાવવા માટે લડાઈ લડવામાં આવી, તો તેની સાથે સાથે લોકોના જીવનમાં સુધારણા માટેનાં પણ ઘણાં સારા કાર્યો થયા. આપણા સ્વતંત્રતા સેનાનીઓએ નિરક્ષરતા, અંધવિશ્વાસ, શિક્ષણ, પર્યાવરણ, સ્વાભિમાન તથા જનજાતિઓના ઉત્થાન અને કલ્યાણ માટે પણ કામ કર્યું. એ પણ એવા સમયે જ્યારે આ સમસ્યાઓ અંગે કોઈ વિચારતું પણ નહોતું. આ તમામ સમસ્યાઓ પર છેલ્લાં સાત વર્ષથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકાર કામ કરી રહી છે અને આ માર્ગ પર ચાલીને રાષ્ટ્ર સર્વાંગી વિકાસની દિશામાં અગ્રેસર છે. સ્વતંત્રતાના 75 વર્ષનો ઉત્સવ મનાવવા અને આપણા ગૌરવશાળી ઈતિહાસને વાગોળવા માટે આઝાદી કા અમૃત મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે ત્યારે સ્વતંત્રતા સંગ્રામમાં સહભાગી બનવાની સાથે સાથે સામાજિક ક્ષેત્રમાં પ્રદાન આપનાર નાયકોનું સન્માન કરવાની પણ જરૂર છે. સાથે સાથે, યુવાનોને આપણી સંસ્કૃતિ અને વારસા સાથે જોડવા એ આઝાદી કા અમૃત મહોત્સવનો મહત્વનો હેતુ છે, જેથી આપણે સમગ્ર દેશને 'એક ભારત,શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાથે આગળ લઈ જઈ શકીએ.



## જ્યારે મહામનાએ નિઝામને પાઠ ભણાવવા તેમના જૂત્તાં નિલામ કરાવ્યા..

જન્મઃ 25 ડિસેમ્બર, 1861 મૃત્યુઃ 12 નવેમ્બર, 1946

પોતાની વિદ્વતા અને આદર્શ દ્વારા દેશવાસીઓને હંમેશા પ્રેરણા આપનાર મહામના મદન મોહન માલવીયએ ભારત માતાની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. તેમણે શિક્ષણના ક્ષેત્રમાં અમૂલ્ય પ્રદાન આપવાની સાથે સાથે આઝાદીના આંદોલનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. 1916માં તેમણે બનારસ હિન્દુ યુનિવર્સિટી (બીએચયુ)ની સ્થાપના કરી હતી.

યુનિવર્સિટી સ્થાપવાનું સ્વપ્ન પુરું કરવા ભંડોળ એકત્ર કરવા મહામનાએ પેશાવરથી માંડીને કન્યાકુમારી સુધીની યાત્રા કરી હતી. આ માટે તેમણે અનેક જગ્યાએ ફરીને કુલ રૂ. એક કરોડથી વધુ રકમ ભેગી કરી હતી. ભંડોળ લેવા માટે તેઓ હૈદરાબાદ પણ ગયા હતા. ત્યાં તેમની ચાદર પર હૈદરાબાદના નિઝામે પોતાનાં જૂત્તા મૂકાવ્યા, તો મહામનાએ જૂત્તાંની નીલામીની જાહેરાત અખબારોમાં છપાવી. નિઝામને આ વાતની જાણ થઈ. ભોંઠા પડેલા નિઝામે મહામનાને મોટી રકમ આપીને વિદાય કર્યા. સંસ્કૃત-સંસ્કૃતિ, હિન્દી અને શિક્ષણના પ્રચાર પ્રસારમાં પડતી અને અંગ્રેજોનું શાસન ચરમસીમા પર હતું તેવા સમયે તેમણે આ ક્ષેત્રોમાં અભૂતપુર્વ કામ કર્યું. બીએચયુની સ્થાપના પહેલાં પણ તેમણે ઘણાં સમાજ ઉપયોગી કામ કર્યા હતા. એ જમાનામાં અંગ્રેજોનું શાસન હતું અને અંગ્રેજી તથા ફારસી ભાષાની બોલબાલા હતી. તેમણે હિન્દી ભાષાની તરફેણ કરી. પત્રકાર, સમાજ સુધારક, વકીલ, માતૃભાષાના સંરક્ષક અને ભારત માતાના ચરણોમાં પોતાનું જીવન ન્યોછાવર કરનાર મદન મોહન બાળપણથી જ નિડર સ્વભાવના હતા. તેમનાં આ ગુણોને કારણે તેમને 'મહામના' નું ઉપનામ આપવામાં આવ્યું હતું. 25 ડિસેમ્બર. 1861નાં રોજ અલ્હાબાદમાં જન્મેલા મદન મોહન માલવીય સમગ્ર ભારતમાં એક માત્ર એવી વ્યક્તિ છે જેમને 'મહામના'ની ઉપાધિ આપવામાં આવી હતી. માલવીય બાળપણથી પિતાની જેમ કથાવાચક બનવા માંગતા હતા અને તેઓ શ્રીમદ ભગવદ ગીતાનું વાંચન કરતા હતા. પંડિત મદન મોહન માલવીયએ હંમેશા દેશના સ્વતંત્રતા આંદોલનની સાથે સાથે સમાજના ઉત્થાન માટે આદર્શ પ્રસ્તુત કરીને લોકોનો પ્રેમ હાંસલ કર્યો. સ્વતંત્રતા સંગ્રામમાં તેમણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. 1930ના સવિનય કાનૂન ભંગની ચળવળમાં કલમ 144ના બદલ બ્રિટીશ સરકારે તેમની ધરપકડ કરી હતી. તેઓ 1909, 1918, 1930 અને 1932 એમ ચાર વાર કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા. તેમણે પત્રકારત્વ, વકીલાત, સમાજ સુધારા, માતૃભાષા અને ભારત માતાની સેવામાં પોતાનું જીવન ખપાવી દીધું. હિન્દી ભાષા અને પત્રકારત્વ પ્રત્યે વિશેષ રૂચિ હોવાથી માલવીયએ 1907માં 'અભ્યુદય' હિન્દી સાપ્તાહિકની શરૂઆત કરી. 1909માં તેમણે અંગ્રેજી અખબાર 'ધ લીડર'ની સ્થાપના કરી, જે અલ્હાબાદથી પ્રકાશિત થતું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે 24 ડિસેમ્બર, 2014નાં રોજ તેમને મરણોપરાંત ભારત રત્ન એનાયત કર્યો. એક જ પરિસરમાં પ્રાચીન વિદ્યાની સાથે સાથે આધુનિકતાનો પણ અભ્યાસ થાય એ મહામનાનું સ્વપ્ન હતું. કેન્દ્ર સરકારે થોડાં વર્ષો પહેલાં તેમનાં આ સપનાને સાકાર કરવા 1300 એકરમાં ફેલાયેલી બીએચયુનું વિસ્તરણ કર્યું અને અનેક નવા કેન્દ્રો શરૂ કર્યા, જ્યાં વેદના જ્ઞાનથી માંડીને 21મી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીની શાખાઓ જોડી.

**મદન મોહન માલવિયએ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો અને 1930માં નાગરિક અસહકાર ચળવળમાં ભાગ લેવા બદલ બ્રિટીશ સરકારે તેમની ધરપકડ કરી હતી**

# સ્વતંત્રતા સંગ્રામના પ્રખર સેનાની અને પર્યાવરણપ્રેમી કનૈયાલાલ મુન્શી



જન્મઃ 30 ડિસેમ્બર, 1887 મૃત્યુઃ 8 ફેબ્રુઆરી, 1971


વર્ષ 1950નાં જુલાઈ મહિનામાં તત્કાલીન કેન્દ્રીય કૃષિ અને અન્ન મંત્રી કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ દેશભરમાં વન મહોત્સવ મનાવવાની શરૂઆત કરી હતી. તેમની પહેલ પરથી તત્કાલીન રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને વૃક્ષો વાવ્યાં હતાં. આ ઉપરાંત, રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓએ પણ વૃક્ષો વાવીને જનતાને પર્યાવરણની સુરક્ષા કરવાનો સંદેશ આપ્યો હતો. ત્યારથી કેન્દ્ર સરકારો જુલાઈના પ્રથમ સપ્તાહમાં દેશભરમાં વન મહોત્સવ મનાવતી આવી છે. આપણાં માટે વન અને પર્યાવરણ જીવનદાયી છે અને તેનું મહત્વ સમજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર પર્યાવરણ સંરક્ષણના મુન્શીના સપનાને સાકાર કરવા સતત પ્રયાસ કરી રહી છે. કે એમ મુન્શીના નામે જાણીતા કનૈયાલાલ મુન્શીનો જન્મ 30 ડિસેમ્બર, 1887નાં રોજ ગુજરાતના ભરૂચમાં થયો હતો. તેમણે અરવિંદ ઘોષ જેવા મહાપુરુષો પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. તેઓ સ્વતંત્રતા સેનાની, રાજકારણી, લેખક, શિક્ષાવિદ અને વકીલ હતા. તેમણે સરદાર પટેલ સાથે મળીને આણંદમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટી સ્થાપી હતી, જે હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. સ્વતંત્રતા સંગ્રામમાં તેઓ ઘણાં સક્રિય રહ્યા અને અનેક વાર જેલમાં ગયા. બારડોલી સત્યાગ્રહમાં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે મળીને કામ કર્યું. બંધારણના ઘડતરમાં પણ તેમની મોટી ભૂમિકા હતી અને તેઓ સૌથી વધુ 11 બંધારણીય સમિતિઓના સભ્ય હતા. તેમણે ડો. ભીમરાવ આંબેડકરની સાથે મળીને બંધારણ ઘડતરની મુસદ્દા સમિતિમાં રહીને કાયદામાં દરેક વ્યક્તિને સમાન સંરક્ષણ સિધ્ધાંતનો મુસદ્દો તૈયાર કર્યો હતો. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીના પ્રસિધ્ધ સાહિત્યકાર તરીકે પણ તેમનું મોટું યોગદાન હતું. ભારતની રાજભાષા તરીકે હિન્દી અને દેવનાગરીને માન્યતા અપાવવામાં પણ તેમની મહત્વની ભૂમિકા હતી. તેમની કુશળતાને કારણે જ હૈદરાબાદના વિલયની સમસ્યા ઉકેલવા તેમને હૈદરાબાદમાં ભારત સરકારના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા હતા. હૈદરાબાદના વિલય બાદ સરદાર પટેલે તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. સોમનાથ મંદિરની પુનર્સ્થાપનાના મુદ્દે તત્કાલીન વડાપ્રધાન નહેરુ સાથે તેમનાં મતભેદ થયા હતા. બાદમાં કોંગ્રેસમાંથી રાજીનામું આપીને તેઓ સ્વતંત્ર પાર્ટીમાં જોડાઈ ગયા. જો કે, થોડાં સમય બાદ તેઓ ભારતીય જનસંઘમાં જોડાયા હતા.

# હસતાં હસતાં ફાંસીનાં માંચડે ચડી ગયા પંડિત રામપ્રસાદ બિસ્મિલ



જન્મઃ 11 જૂન, 1897 શહીદી દિવસઃ 19 ડિસેમ્બર, 1927

ગોરખપુર જેલમાં 19 ડિસેમ્બર, 1927નાં રોજ અંગ્રેજો કેટલાંક યુવકોને ફાંસીની સજા આપવા માટે લઈ જઈ રહ્યા હતા ત્યારે તેઓ 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ' અને 'મેરા રંગ દે બસંતી ચોલા' જેવી દેશભક્તિની ધુન ગાતા હતા. આમાં એક 30 વર્ષીય યુવાન પણ હતો, જેનું નામ હતું પંડિત રામપ્રસાદ બિસ્મિલ. 11 જૂન, 1897નાં રોજ શાહજહાંપુરમાં જન્મેલા પંડિત રામપ્રસાદ બિસ્મિલ, બ્રિટીશ સંસ્થાનવાદ વિરુધ્ધ સંઘર્ષ કરી રહેલા ટોચના ક્રાંતિકારીઓમાંના એક હતા. બિસ્મિલે માત્ર 11 વર્ષની ઉંમરમાં સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. તેમનું નામ એ સ્વતંત્રતા સેનાનીઓમાં લેવાય છે જેમણે પોતાના અંતિમ શ્વાસ સુધી બ્રિટીશ સંસ્થાનવાદનો વિરોધ કર્યો. તેમણે ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારી નેતાઓ સાથે મળીને હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનની રચના કરી. તેમનું માનવું હતું કે લોહી રેડ્યા વિના સ્વતંત્રતા નહીં મેળવી શકાય. 19 વર્ષની ઉંમરથી જ તેમણે બિસ્મિલ નામે ઉર્દુ અને હિન્દીમાં 'બિસ્મિલ' નામથી દેશભક્તિની કવિતાઓ લખવાનું શરૂ કર્યું હતું. તેમણે 1918માં મૈનપુરી ષડયંત્ર અને 1925ના કાકોરી કાંડમાં ભાગ લીધો હતો. થોડાં સમય સુધી પોલિસથી ભાગતા રહ્યા પણ છેવટે પકડાઈ ગયા. કાકોરી કાંડમાં તેમનાં પર કેસ ચલાવવામાં આવ્યો. 18 મહિના સુધી આ માટેની કાયદાકીય પ્રક્રિયા ચાલી. રામપ્રસાદ બિસ્મિલ, અશ્ફાક ઉલ્લા ખાન, રાજેન્દ્ર લાહિડી અને રોશન સિંહેને મોતની સજા સંભળાવવામાં આવી. બાકીના ક્રાંતિકારીઓને આજીવન કેદ થઈ, જ્યારે બિસ્મિલને 19 ડિસેમ્બર, 1927નાં રોજ ફાંસી આપવામાં આવી. રાપ્તી નદીના કિનારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા અને તે સ્થળનું નામ રાજઘાટ રાખવામાં આવ્યું. તાજેતરમા જ સંસ્કૃતિ મંત્રાલયે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે રામપ્રસાદ બિસ્મિલની જન્મજયંતી મનાવવા ઉત્તરપ્રદેશના શાહજહાંપુરમાં એક વિશેષ સમારોહનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પ્રહલાદ પટેલે જણાવ્યું હતુ કે શહીદ બિસ્મિલે પોતાના આદર્શોનું પાલન કરીને પોતાના જીવનને સાર્થક બનાવ્યું.



# ઠાકુર પ્યારેલાલ સિંહ

જન્મઃ 21 ડિસેમ્બર, 1891
મૃત્યુઃ 20 ઓક્ટોબર, 1954

- ઠાકુર પ્યારેલાલ સિંહે ગરીબોની સેવા કરવાની સાથે સાથે તેમનાં અધિકારો માટે આજીવન સંઘર્ષ કર્યો.
- ઠાકુર પ્યારેલાલ સિંહ છત્તીસગઢમાં સહકારી આંદોલનના પ્રણેતા તરીકે ઓળખાય છે. તેઓ વિદ્યાર્થીકાળથી જ સ્વતંત્રતા આંદોલન સાથે જોડાયેલા રહ્યા.
- તેમણે અત્યાચાર અને અન્યાયના વિરોધમાં અવાજ ઉઠાવ્યો અને લોકોની સમસ્યાઓને વાચી આપી. રાજનંદગાંવમાં મીલ મજૂરોને સંગઠિત કરીને તેમને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું.
- છત્તીસગઢમાં વિદ્યાર્થીઓને સંગઠીત કરીને તેમને આંદોલનમાં જોડવાનો શ્રેય પણ ઠાકુર પ્યારેલાલ સિંહને જાય છે. તેમણે લોકોને જાગૃત કરવા માટે અનેક કામ કર્યા હતા.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સંસ્કૃતિ મંત્રાલયની પહેલ

- કાશીની પ્રાચીન અને ભવ્ય સંસ્કૃતિની ઉજવણી કરવા માટે વારાણસીમાં 16થી 18 નવેમ્બર સુધી ત્રણ દિવસના કાર્યક્રમ 'કાશી ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં ગોસ્વામી તુલસીદાસ, સંત કબીર, સંત રવિદાસ, ભારતેન્દુ હરિશ્ચન્દ્ર, મુન્શી પ્રેમચંદ અને જયશંકર પ્રસાદ જેવા સદીઓ જૂના કવિઓ અને લેખકો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.
- કેન્દ્રીય સાંસ્કૃતિક રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ 18 નવેમ્બર, 2021નાં રોજ લલિત કલા અકાદમીમાં એક સપ્તાહ સુધી ચાલેલા પ્રદર્શનનું ઉદઘાટન કર્યું.
- સંસ્કૃતિ મંત્રાલયે એમપી કપ પોલો ચેમ્પિયનશીપ –સર પ્રતાપ સિંહ કપ 2021ની ફાઇનલ મેચનું આયોજન કર્યું
- સંસ્કૃતિ મંત્રાલયે આઝાદી કા અમૃત મહોત્સવ મોબાઇલ એપ શરૂ કરી, જેમાં ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠના સમારોહ સંબંધિત તમામ માહિતીઓ એક જ જગ્યાએ પ્રાપ્ત થઈ શકે.
- સંસ્કૃતિ મંત્રાલય અખિલ ભારતીય નૃત્ય સ્પર્ધા "વંદે ભારતમ-નૃત્ય ઉત્સવ'નું આયોજન કરશે. આ સ્પર્ધાનો હેતુ એ નર્તકોની પસંદગી કરવાનો છે, જેઓ 2022ની પ્રજાસત્તાક દિવસ પરેડમાં સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન નૃત્ય રજૂ કરશે.

દેશભરમાં દેશભક્તિ ગીત લેખન, રંગોળી અને હાલરડા લેખન માટે સંસ્કૃતિ મંત્રાલય તાલુકા સ્તરથી માંડીને રાષ્ટ્રીય સ્તર સુધી સ્પર્ધાઓનું આયોજન કરી રહ્યું છે. ભાગીદારી માટે વિગતવાર માહિતી 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની વેબસાઇટ amritmahotsav.nic.in પર ઉપલબ્ધ છે.

# માતૃભૂમિ માટે યુ કિઆંગ નાંગબહે અંગ્રેજો વિરુધ્ધ બળવાનું નેતૃત્વ કર્યું હતું

જન્મઃ ઉપલબ્ધ નથી, મૃત્યુઃ 30 ડિસેમ્બર, 1862


યુ કિઆંગ નાંગબહ મેઘાલયના ખાસી પ્રાંતના એવા સ્વતંત્રતા સેનાની હતા જેમણે અંગ્રેજો સામે બળવાનું બ્યુગલ વગાડ્યું. 19મી સદીની મધ્યમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આસામ પ્રાંતનું વિસ્તરણ કરવાના હેતુથી જૈંતિયા સામ્રાજ્ય પચાવી પાડ્યું હતું. જૈંતિયા આદિવાસી જૂથના યોધ્ધાઓએ બ્રિટિશ સરકારના આ અતિક્રમણનો તીવ્ર વિરોધ કર્યો. અંગ્રેજોએ પશ્ચિમ જૈંતિયા પહાડના વિસ્તારમાં લોકો પર અત્યાચાર શરૂ કરતાં નાંગબહે 1860માં અંગ્રેજો વિરુધ્ધ બળવાનું નેતૃત્વ કર્યું. અંગ્રેજો દ્વારા બેફામ કર વસૂલી અને ધાર્મિક પરંપરામાં અડચણ સામે તેમણે અવાજ ઉઠાવ્યો. માતૃભૂમિની રક્ષા માટે અને યુ કિઆંગ નંગબાહના વડપણમાં બ્રિટીશ સરકારનો વિરોધ કરી રહેલા લોકોએ સશસ્ત્ર બળવો પોકાર્યો. અંગ્રેજોનો સામનો કરવા માટે તેમણે પોતાનું સંગઠન બનાવ્યું. નાંગબહના સંગઠનના યોધ્ધા છાપામાર હુમલા કરવામાં પાવરધા હતા, જેને કારણે બ્રિટીશ સરકારને આ વિસ્તારમાં બળવાને ડામવા માટે વધારાનાં સૈનિક દળોને બોલાવવાની ફરજ પડી. નાંગબહના સંગઠનના સભ્યોની સક્રિયતાએ અંગ્રેજોની ઊંઘ હરામ કરી દીધી હતી. અંગ્રેજો નાંગબહની પાછળ હાથ ધોઈને પડી ગયા. નાંગબહની ટૂકડીના એક સભ્યએ દગો કરીને માહિતી આપી દેતાં ડિસેમ્બર 1862માં અંગ્રેજોએ તેમની ધરપકડ કરી અને બળવાને ડામવા માટે 30 ડિસેમ્બર, 1862નાં રોજ તેમને જાહેરમાં ફાસી આપી. આ મહાન યોધ્ધાના સન્માનમાં 1967માં મેઘાલયમાં એક કોલેજ પણ ખોલવામાં આવી. વર્ષ 2001માં અટલ બિહારી વાજપેયીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે તેમની યાદમાં એક ટપાલ ટિકિટ જારી કરી હતી.



# દેશને આઝાદી અપાવવા ગોવિંદ ગુરુએ ભીલોની મદદથી માનગઢ હિલમાં મોરચો માંડ્યો હતો

જન્મઃ ઉપલબ્ધ નથી. મૃત્યુઃ 30 ઓક્ટોબર, 1931

19મી શતાબ્દિના ઉત્તરાર્ધમાં ભીલોના સશક્તિકરણ માટે ભગત આંદોલન ચલાવનાર સામાજિક અને ધાર્મિક સુધારક ગોવિંદ ગુરૂએ આદિવાસી સમાજને શિક્ષણ અને ભક્તિમાર્ગ પર લાવીને સભ્ય સમાજની સમકક્ષ મૂકી દીધો હતો. વણઝારા સમુદાયમાંથી આવતા ગોવિંદ ગુરુનો જન્મ રાજસ્થાનના ડુંગરપુર પાસેના વેદસા ગામમાં થયો હતો. 1890ના દાયકામાં તેમણે ભીલોને શાકાહાર અપનાવવા આહવાન કર્યું હતું. ગુરુથી પ્રેરાઈને ભીલોએ અંગ્રેજોની દમનકારી નીતિઓનો વિરોધ કર્યો. તેમણે બાંસવાડા, સંતરામપુર, ડુંગરપુર અને કુશલગઢના રજવાડાઓ દ્વારા બળજબરીથી કરાવવામાં આવતી વેઠીયા મજૂરી સામે આંદોલન કર્યું. અગ્નિદેવતાને પ્રતીક માનીને તેઓ પુજા પાઠ અને ધૂન કરવા લાગ્યા. ગુરુએ 1903માં ગુજરાતની માનગઢ ટેકરી ખાતે ભીલોને એકઠાં કર્યા અને અંગ્રેજો સામે 33 માંગ મૂકી. આ માંગ વેઠીયા મજૂરી, ભારે લગાન અને આદિવાસીઓ પર અત્યાચાર અંગે હતી. અંગ્રેજોએ તેમની માંગણી સ્વીકારવાનો ઈનકાર કરતાં ગોવિંદ ગુરુના વડપણમાં ભીલોએ સંઘર્ષ શરૂ કર્યો અને તેમણે માનગઢ પહાડ પર કબ્જો કરી લીધો. અંગ્રેજોએ જમીનના વાર્ષિક ખેડાણ પેટે સવા રૂપિયો આપવાની ઓફર કરી પણ ભીલોએ તેનો ઈનકાર કી દીધો. નારાજ અંગ્રેજોએ આ આંદોલનને કચડવાનું નક્કી કર્યું. અંગ્રેજોએ 15 નવેમ્બર, 1913 સુધી ભીલોને માનગઢ ખાલી કરવા જણાવ્યું, પણ તેઓ ન માન્યા. ભીલોએ માનગઢ હિલને કિલ્લામાં ફેરવી નાખ્યો, જેમાં તલવાર સહિતના શસ્ત્રો ભર્યા હતા. અંગ્રેજોએ 17 નવેમ્બર, 1913નાં રોજ માનગઢ હિલ પર હૂમલો કર્યો. કહેવાય છે કે આ હૂમલામાં 1,000થી વધુ આદિવાસીઓનાં મોત થયા અને ગોવિંદ ગુરુની ધરપકડ કરવામાં આવી. તેમનાં પર કેસ ચલાવવામાં આવ્યો અને આજીવન કેદ થઈ. તેમની લોકપ્રિયતા અને સારી વર્તણુંકના આધારે 1919માં તેમને હેદરાબાદ જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા. જો કે, તેમને પોતાના સમર્થકો પાસે જવા પર પ્રતિબંધ મૂકવામાં આવતા પંચમહાલના કમ્બોઈમાં રહેવા લાગ્યા. 1931માં અહીં તેમનું અવસાન થયું. ગુરૂ ગોવિંદ સમાધિ મંદિરની લાખો લોકો મુલાકાત લે છે. ●



# ફિલ્મ નિર્માણનું હબ બની રહેલું ભારત




રશિયન ફિલ્મ 'ધ સન એબોવ મી નેવર સેટ્સ' અને દક્ષિણ આફ્રિકન ફિલ્મ 'બરકત'ને સંયુક્ત રીતે બ્રિક્સ બેસ્ટ ફિલ્મનો પુરસ્કાર

**ફિલ્મ નિર્માણનો પ્રારંભ થયો ત્યારથી જ તે સમાજનો અરીસો રહી છે. ફિલ્મો સમાજમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓને પડદા પર રજૂ કરીને સમાજને અરીસો બતાવે છે. ફિલ્મોમાં દેશની સંસ્કૃતિ અને માટીની મહેંક પણ વર્તાય છે. વિશ્વભરનાં અલગ અલગ દેશોમાં ફિલ્મોને મંચ પૂરો પાડવા માટે સમય સમય પર ફિલ્મ મહોત્સવનાં આયોજનની પરંપરા રહી છે. પણ, ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ ઈન્ડિયા (IFFI)નું આયોજન બાકીનાં તમામ ફિલ્મોત્સવ કરતાં અલગ છે. કારણ કે, તે માત્ર ભારત જ નહીં સમગ્ર એશિયાનો સૌથી જૂનો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ પણ છે. ગોવામાં 20થી 28 નવેમ્બર દરમિયાન 52મો ફિલ્મ ફેસ્ટીવલ યોજાયો હતો. આત્મનિર્ભરતાને જન આંદોલનમાં પરિવર્તિત કરી રહેલા ભારત માટે આ વખતનું આયોજન ખાસ હતું, કારણ કે ફિલ્મ નિર્માણમાં 'ગ્લોબલ હબ' બનવાની ભારત માટે આ નવી શરૂઆત છે....**



> આ વર્ષનાં IFFIમાં પ્રથમ વાર ઓટીટી પ્લેટફોર્મ્સ હાજર રહ્યા અને તેમણે ઉત્સાહપૂર્વક ભાગીદારી લીધી. IFFIએ નવી ટેકનોલોજીને અપનાવી છે. દર્શકોને વિવિધ વિકલ્પો મળ્યા અને મહોત્સવે બદલાતા સમયની સાથે તાલમેલ સ્થાપિત કર્યો છે. અમે બ્રિક્સ દેશોની સર્વશ્રેષ્ઠ ફિલ્મોનું પણ પ્રદર્શન કર્યું છે અને અમે આશા રાખીએ છીએ કે આ ભાગીદારી આગળ વધશે.
>
> અનુરાગસિંહ ઠાકુર,
> **કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી**

IFFI બદલાતી પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ રીતે યોજાતો આવ્યો છે. ગોવામાં 20થી 28 નવેમ્બર દરમિયાન યોજાયેલો 52મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ અનોખો રહ્યો, કારણ કે અહીં ઘણી બાબતો પ્રથમ વાર થઈ. આ વર્ષે પ્રથમ વાર IFFIમાં ઓટીટી પ્લેટફોર્મને મંચ પૂરો પાડવામાં આવ્યો અને તેમણે ઉત્સાહપૂર્વક ભાગીદારી નોંધાવી. IFFIના ઈતિહાસમાં પ્રથમ વાર નેટફ્લિક્સ, એમેઝોન અને સોની જેવા મહત્વનાં ઓટીટી પ્લેટફોર્મે વિશેષ માસ્ટર ક્લાસ, કન્ટેન્ટ લોંચ, પ્રીવ્યુ, ક્યુરેટેડ ફિલ્મ પેકેજ સ્ક્રિનિંગ અને વિવિધ ઓન-ગ્રાઉન્ડ અને વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા ફિલ્મ સમારોહમાં ભાગ લીધો. આ રીતે, ભવિષ્યમાં ઓટીટી પ્લેટફોર્મની ભાગીદારી ચાલુ રહેશે. આ ઉપરાંત, IFFI એ નવી ટેકનોલોજીને અપનાવી છે, દર્શકોને વિવિધ મંચ પૂરા પાડવામાં આવ્યા હતા અને સમયની સાથે તાલ મિલાવતા બ્રિક્સ દેશોની સર્વશ્રેષ્ઠ ફિલ્મોને પણ અહીં પ્રદર્શિત કરવામાં આવી. આટલું જ નહીં, IFFI ની આ આવૃત્તિમાં વૈશ્વિક ફિલ્મ ઉદ્યોગના બે દિગ્ગજ હંગેરિયન ફિલ્મ નિર્માતા ઈસ્તવેન રૂઝાબો અને હોલીવુડ ફિલ્મ નિર્માતા માર્ટિન સ્કોર્સેસ સહિત ભારતીય અને વિશ્વ સિનેમાના દિગ્ગજો અને મોટી હસ્તીઓનું સન્માન કરવામાં આવ્યું. નિર્માતા ઈસ્તવેન રૂઝાબો અને હોલીવુડ ફિલ્મ નિર્માતા માર્ટિન સ્કોર્સેસને પ્રતિષ્ઠીત સત્યજીત રે લાઈફટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો, તો હિન્દી ફિલ્મોના પ્રસિધ્ધ ગીતકાર પ્રસુન જોષી અને સુપ્રસિદ્ધ અભિનેત્રી હેમા માલિનીને ‘ઈન્ડિયન ફિલ્મ પર્સનાલિટી ઓફ ધ યર’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં.

IFFIમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય સિનેમાના અનેક મહાનાયકોનું સ્વાગત કરવામાં આવ્યું અને જેમ્સ બોન્ડનું પાત્ર ભજવી રહેલા સર સીન કોનરીને વિશેષ શ્રધ્ધાંજલિ આપવામાં આવી. IFFIમાં ભારતના 35 વર્ષથી ઓછી ઉંમરની 75 સર્જનાત્મક પ્રતિભાઓ અને યુવા ઊભરતી પ્રતિભાઓને આમંત્રણ આપીને મંચ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. આ કાર્યક્રમ દરમિયાન, આ 75 સર્જનાત્મક પ્રતિભાઓએ ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજો સાથે વાતચીત કરી અને મહોત્સવમાં યોજાયેલા માસ્ટરક્લાસમાં ભાગ લીધો. અનેક રીતે સફળ રહેલા આ મહોત્સવમાં પ્રથમ વાર બ્રિક્સ મહોત્સવ દ્વારા પાંચ બ્રિક્સ દેશોની ફિલ્મોનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું. આ પાંચ દેશ બ્રાઝીલ, રશિયા, દક્ષિણ આફ્રિકા, ચીન અને ભારત હતા, જે 52માં IFFIમાં ફોકસ રહ્યાં.

## સિનેમામાં ભવિષ્યની 75 સર્જનાત્મક પ્રતિભા

આ મહોત્સવમાં ‘75 ક્રિએટિવ માઈન્ડ્સ ઓફ ટુમોરો’ એટલે



કાર્યક્રમમાં પર્ફોર્મ કરી રહેલા ગાયક સુખવિંદર સિંહ









કે ભવિષ્યની 75 સર્જનાત્મક પ્રતિભાઓને IFFIમાં ભાગ લેવાની તક આપવામાં આવી. આઝાદીના અમૃત મહોત્સવના રાષ્ટ્રીય ઉત્સવના ભાગ રૂપે આ કલાકારોને પોતાની પ્રતિભા આંતરરાષ્ટ્રીય મંચ પર રજૂ કરવાની દુર્લભ તક મળી. આ યુવા પ્રતિભાઓ ઓળખી કાઢવા અને તેમનું કૌશલ્ય વધારવાના હેતુથી એક અનોખી પહેલ અંતર્ગત ભવિષ્યની 75 સર્જનાત્મક પ્રતિભાની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી કેટલાંક લોકો થોડાં વર્ષોમાં ફિલ્મ ઉદ્યોગનો હિસ્સો બનશે એટલું જ નહીં પણ સિનેમા જગતના પ્રતીક તરીકે ઊભરી આવશે. સિનેમા ઉદ્યોગના માસ્ટર ક્લાસમાં ભાગ લેવાની તક મેળવનાર આ યુવાનોને મળેલાં પ્રોત્સાહનને કારણે તેમને આગળ વધવાની પ્રેરણા મળશે. આમાંથી, 35 વર્ષથી ઓછી ઉંમરની સાત મહિલા અને 68 પુરુષ યુવા કલાકારોને દિગ્દર્શન, એડિટીંગ, ગાયન અને પટકથા સહિત ફિલ્મ નિર્માણના વિવિધ ક્ષેત્રોમાં તેમનાં ઉત્કૃષ્ટ કૌશલ્યને કારણે પસંદ કરવામાં આવ્યા હતા. તેમાંથી સૌથી નાનો સહભાગી બિહારનો 16 વર્ષીય આર્યન કુમાર છે, જેને ફિલ્મ દિગ્દર્શનમાં તેની કુશળતાને કારણે પસંદ કરવામાં આવ્યો છે. એટલાં માટે કેન્દ્રીય મંત્રીએ '75 ક્રિએટિવ માઈન્ડ્સ ઓફ ટુમોરો'ના વિચારને સાકાર કરવા બદલ ગીતકાર તથા કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ (CBFC)ના અધ્યક્ષ અને વર્ષ 2021 માટે ઈન્ડિયન ફિલ્મ પર્સનાલિટી એવોર્ડના વિજેતા પ્રસુન જોષીનો આભાર માન્યો.

## IFFI મોટાં ફિલ્મ સમારોહોમાંનો એક છે

મોટાં ફિલ્મ સમારોહમાં સ્થાન પામતા IFFIને એશિયાનો સૌથી જૂનો અને ભારતનો સૌથી મોટો આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહ ગણવામાં આવે છે. IFFIને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસિએશન (FIAPF)ની માન્યતા મળેલી છે. આ મહોત્સવમાં ભારત અને વિશ્વભરની ઉત્કૃષ્ઠ ફિલ્મો દર્શાવવામાં આવે છે.

- આ વર્ષના IFFIમાં 73 દેશોમાંથી પસંદ કરવામાં આવેલી 148થી વધુ વિદેશી ફિલ્મોને પ્રદર્શિત કરવામાં આવી હતી, જે ફિલ્મરસિકો માટે અનોખો અનુભવ હતો. આ ફિલ્મોત્સવમાં 12 વર્લ્ડ પ્રીમિયર, સાત આંતરરાષ્ટ્રીય પ્રીમિયર, 24 એશિયા પ્રીમિયર અને 74 ભારત પ્રીમિયર થયા. 75 ભારતીય

## જાપાની ફિલ્મ 'રિંગ વોન્ડરિંગ'એ ગોલ્ડન પીકોક મેળવ્યો



- યુધ્ધગ્રસ્ત ટોક્યોની યાદો પુનર્જીવિત કરનારી જાપાનીઝ ફિલ્મ રિંગ વોન્ડરિંગને 52માં IFFIમાં ગોલ્ડન પીકોક એવોર્ડ મળ્યો હતો. ઝેકોસ્લોવેકિયન ડિરેક્ટર વાક્લવ કાડર્નકને ફિલ્મ 'સેવિંગ વન હુ વોઝ ડેડ' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો સિલ્વર પીકોક એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.
- મરાઠી અભિનેતા જીતેન્દ્ર ભીખુલાલ જોષીએ ફિલ્મ "ગોદાવરી'માં સ્વર્ગસ્થ મરાઠી અભિનેતા અને ફિલ્મ નિર્માતા નિશીકાંત કામતની સુંદર ભૂમિકા ભજવી હતી, જેનાં માટે તેમને સર્વશ્રેષ્ઠ અભિનેતાનો સિલ્વર પિકોક એવોર્ડ મળ્યો.
- ચાર્લોટની ભૂમિકા માટે સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો સિલ્વર પિકોક પુરસ્કાર સ્પેનિશ અભિનેતા એન્જેલા મોલિનાને આપવામાં આવ્યો.
- મરાઠી દિગ્દર્શક નિખિલ મહાજનની ફિલ્મ 'ગોદાવરી'ને વિશેષ જ્યુરી માટે સિલ્વર પિકોક અર્પણ કરવામાં આવ્યો. તેમણે દિગ્દર્શક રોડ્રિગો ડી ઓલિવેરાની 'ધ ફર્સ્ટ ફોલન' ફિલ્મની બ્રાઝીલિયન અભિનેત્રી રેનાટા કાર્વાલ્હો સાથે સંયુક્ત પુરસ્કાર મળ્યો.
- 1984નાં યુએસએસઆરનાં જટિલ અને ભ્રષ્ટ સમાજના પ્રભાવશાળી ચિત્રણ માટે રશિયન દિગ્દર્શક રોમન વાસ્યાનોવના 'ધ ડીઓઆરએમ'નો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો.
- દિગ્દર્શક મારી એલેસેન્ડ્રીનીની ફિલ્મ 'ઝહોરી'ને શ્રેષ્ઠ ફિચર ફિલ્મ માટેનો એવોર્ડ મળ્યો હતો. દિગ્દર્શક સિમોન ફરીઓલની સ્પેનિશ ફિલ્મ 'ધ વેલ્થ ઓફ ધ વર્લ્ડ'નો IFFIમાં પ્રથમ વાર સમાવિષ્ટ સ્પર્ધાની કેટેગરીમાં વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો.



## સમાપન સમારોહમાં છઠ્ઠા બ્રિક્સ ફિલ્મ મહોત્સવ પુરસ્કારની જાહેરાત

- દક્ષિણ આફ્રિકન ફિલ્મ 'બરકત' અને રશિયન ફિલ્મ 'દ સન એબોવ મી નેવર સેટ્સ'ને સંયુક્ત રીતે સર્વશ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર મળ્યો. બ્રાઝિલીયન ફિલ્મ નિર્માતા લૂસિયા મુરતને તેમની સુંદર ડોક્યુમેન્ટ્રી એના માટે સર્વશ્રેષ્ઠ દિગ્દર્શકનો પુરસ્કાર મળ્યો.
- ભારતીય અભિનેતા ધનુષે તામિલ ફિલ્મ 'અસુરન'માં ખેડૂતના પાત્રનું સુંદર ચરિત્ર નિભાવીને સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર જીત્યો.
- બ્રાઝિલીયન અભિનેત્રી લારા બોલ્ડોરિનીને ઓન વ્હિલ્સમાં તેમની ભૂમિકા માટે સર્વેશ્રેષ્ઠ અભિનેત્રીના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. ચીનના દિગ્દર્શક યાન હાનને 'એ લિટલ રેડ ફ્લાવર' માટે જ્યુરી સ્પેશ્યલ મેન્શન એવોર્ડ મળ્યો.

ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું, જેમાંથી 17ને વિશેષ રીતે ભારત@75 સેક્શન હેઠળ પસંદ કરવામાં આવી.

- ઓટીટી પ્લેટફોર્મ પર એક સાથે 50થી વધુ ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું. ઓટીટી પ્લેટફોર્મનાં સહયોગથી 10 માસ્ટર ક્લાસ અને 'ઈન કન્વર્સેશન' સત્રનું આયોજન કરવામાં આવ્યું. મનોજ વાજપેયી, ઋત્વિક રોશન, શુજીત સરકાર સહિતની અનેક ફિલ્મી હસ્તીઓએ પોતાના અનુભવ અને કળા અંગે વિચારો વ્યક્ત કર્યા.
- લિંગુઇ, ધ સેક્રેડ બોન્ડ્સએ IFFIની 52મી આવૃત્તિમાં આઈસીએફટી-યુનેસ્કો ગાંધી ચંદ્રક મેળવ્યો. આંતરરાષ્ટ્રીય સ્તર પર સહ-નિર્મિત આ ડ્રામા ફિલ્મ નારી સંઘર્ષનું સાહસિક ચિત્રણ અને માનવતાની શીખ આપે છે.

સંકલ્પથી સિદ્ધિ

## અયોધ્યા, કાશીથી કેદારનાથ ધામ...

# રાષ્ટ્રની નવી ઓળખ બની રહેલું સાંસ્કૃતિક ગૌરવ

**વિકાસનાં પ્રોજેક્ટ હોય કે રાષ્ટ્રના સાંસ્કૃતિક ગૌરવ ધરાવતા વારસાને આધુનિક સ્વરૂપ આપવાનું હોય, કેન્દ્ર સરકારનો રાજ્ય સરકારો સાથેનો સમન્વય દેશને નવી ઓળખ અપાવી રહી છે. આને કારણે શ્રધ્ધાળુઓની યાત્રા સુગમ બની રહ્યું છે એટલું જ નહીં, પણ વૈશ્વિક પર્યટનના નકશા પર ભારતની તસવીર આકર્ષક બની રહી છે અને સ્થાનિક પરંપરાગત ઉદ્યોગને પણ વૈશ્વિક બનવાની તક આપી રહી છે.**

## 2021માં આસ્થાનું કેન્દ્ર શ્રી કાશી વિશ્વનાથ યાત્રા ક્ષેત્ર ભવ્ય બન્યું

- આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત તીર્થ શ્રેત્ર શ્રી કાશી વિશ્વનાથ મંદિર હિન્દુ આસ્થાનું અત્યંત મહત્વપૂર્ણ કેન્દ્ર છે. કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત કાશી વિશ્વનાથ મંદિરને ગંગા ઘાટોથી જોડનાર 1000 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટનું કામ લગભગ પૂરું થઈ ગયું છે. શ્રધ્ધાળુઓ માટે બાબા વિશ્વનાથના દર્શન હવે વધુ સરળ અને આરામદાયક બની ગયા છે. પ્રોજેક્ટ અંતર્ગત ગંગા ઘાટથી બાબા વિશ્વનાથ મંદિર સુધીનો આશરે 320 મીટર લાંબો અને 20 મીટર પહોળો રસ્તો બનાવવામાં આવ્યો છે. 5.5 લાખ ચોરસ ફુટ વિસ્તારમાં બનેલા કોરિડોરમાં શ્રધ્ધાળુઓ અને પર્યટકો માટે આકર્ષણનાં અનેક સ્થળો બનાવવામાં આવ્યા છે.
- કોવિડ જેવી મુશ્કેલ પરિસ્થિતિ છતાં માં ગંગા અને કાશી વિશ્વનાથને જોડવાના સંકલ્પની દિશામાં ઝડપથી કામ પૂરું થયું છે. આ પ્રોજેક્ટ દ્વારા આસપાસનો વિસ્તાર જ નહીં, સમગ્ર વારાણસીની કાયાપલટ થઈ રહી છે. આસ્થાની આ પરંપરાને ભવ્ય રૂપ આપવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે, જેમની પ્રેરણાથી આ મંદિર ભવ્ય રૂપમાં આકાર લઈ રહ્યું છે.



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિચારઃ

- આદિ શંકરાચાર્યના વારસાને, તેમનાં ચિંતનને લોકો આજે પોતાના માટે પ્રેરણા તરીકે જૂએ છે. હવે આપણા સાંસ્કૃતિક વારસાને, આસ્થાના કેન્દ્રોને ગૌરવની લાગણીથી જોવામાં આવી રહ્યા છે. આજે અયોધ્યામાં ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર સંપૂર્ણ ગૌરવ સાથે આકાર લઈ રહ્યું છે. અયોધ્યાને તેનું ગૌરવ સદીઓ બાદ પાછું મળી રહ્યું છે. અયોધ્યામાં દીપોત્સવનું ભવ્ય આયોજન સમગ્ર દુનિયાએ જોયું.
- ભારતનું પ્રાચીન સાંસ્કૃતિક સ્વરૂપ કેવું હશે, તેની કલ્પના આપણે કરી રહ્યા છીએ. આ જ રીતે, ઉત્તર પ્રદેશમાં કાશીનો કાયાકલ્પ થઈ રહ્યો છે. વિશ્વનાથ ધામનું કામ હવે તો ઝડપી ગતિથી તેની સમાપ્તિ તરફ આગળ વધી રહ્યું છે. વારાણસીમાં સારનાથ પાસે કુશીનગર, બોધગયા જેવા સ્થળોએ બુધ્ધ સર્કિટ બનાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જે વિશ્વમાં ભગવાન બુધ્ધના ભક્તોને આકર્ષિત કરશે.
- ભગવાન રામ સાથે સંકળાયેલા તમામ યાત્રા સ્થાનોને જોડીને એક આખી સર્કિટ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, મથુરા અને વૃંદાવનમાં પણ શહેરની પ્રાચીન સાંસ્કૃતિક ઓળખને નુકસાન પહોંચાડ્યા વગર સુવિધાઓ વિક્સાવવામાં આવી રહી છે.

## બાબા કેદારની નગરી અને ભગવાન વિઠ્ઠલની નગરી પંઢરપુરની કાયાપલટ

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવાન કેદારની નગરી શ્રી કેદારનાથ ધામને દિવ્ય સ્વરૂપમાં પરિવર્તિત કરવા માટે અનેક પ્રોજેક્ટ્સનો શુભારંભ કર્યો. આ પ્રોજેક્ટ અંતર્ગત ભૂસ્ખલનમાં નુકસાન પામેલી આદિ ગુરુ શંકરાચાર્યની સમાધિનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. સમાધિ સુધી પહોંચવા માટે સ્મારકની દિવાલો વચ્ચે ચાલીને જવા બનાવવામાં આવેલો ભૂગર્ભ રસ્તો ભક્તોને અનોખી અનુભૂતિ કરાવે છે. આ જ રીતે, ભગવાન વિઠ્ઠલની નગરી પંઢરપુરને વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ મળી છે. ભગવાન વિઠ્ઠલની નગરી તરીકે વિશ્વભરમાં જાણીતા પંઢરપુર સુધી શ્રધ્ધાળુઓ ટૂંક સમયમાં રોડ માર્ગથી સરળતાથી પહોંચી શકશે. 8 નવેમ્બરનાં રોજ અહીં નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી હતી.

મીડિયા કોર્નર

સંકલ્પથી સિદ્ધિ



**PMO India** @PMOIndia

सबका साथ-सबका विकास, सबका विश्वास-सबका प्रयास, ये संविधान की भावना का सबसे सशक्त प्रकटीकरण है।

संविधान के लिए समर्पित सरकार, विकास में भेद नहीं करती और ये हमने करके दिखाया है: PM @narendramodi



**Rajnath Singh** @rajna...

मुझे ख़ुशी है कि स्वच्छ भारत मिशन द्वारा जारी स्वच्छता सर्वेक्षण 2021 की रैंकिंग में पूरे उत्तर प्रदेश में लखनऊ पहले स्थान पर है। निश्चित रूप से लखनऊ वासियों के लिए यह बड़ी उपलब्धि है। इसके लिए मैं लखनऊ की महापौर, श्रीमती संयुक्ता भाटिया एवं उनकी पूरी टीम को हार्दिक बधाई देता हूँ।



**Amit Shah** @AmitShah

सड़कें...प्रगति और सुशासन की प्रतीक होती हैं।

आज प्रधानमंत्री @narendramodi जी ने #PurvanchalExpressway को जनता को समर्पित किया। योगी सरकार द्वारा रिकॉर्ड समय में बनाया गया ये विश्वस्तरीय एक्सप्रेसवे जनता को सुगमता और प्रदेश के विकास को नयी गति देगा।

उ.प्र की जनता को शुभकामनाएँ।



**Nitin Gadkari** @nitin_gadkari

जम्मू-कश्मीर में खुल रहे विकास के नए मार्ग!

केंद्र शासित प्रदेश जम्मू और कश्मीर के समग्र विकास के लिए 11,721 करोड़ रुपए की लागत वाली 259 किमी कुल लंबाई की राष्ट्रीय राजमार्ग परियोजनाओं का उपराज्यपाल श्री @manojsinha_ जी, केंद्रीय मंत्री @DrJitendraSingh जी,...

...सांसदों, विधायकों और अधिकारियों की उपस्थिति में शिलान्यास किया।

इन सड़क परियोजनाओं के बनने से समय एवं ईंधन की बचत होगी। जम्मू-कश्मीर में रोजगार के नये अवसरों का सृजन होगा तथा क्षेत्र के पर्यटन को बढ़ावा मिलेगा और क्षेत्र के लोगों के सामाजिक एंव आर्थिक विकास को गति मिलेगी।



**Mukhtar Abbas Naqvi** @na...

हज कमेटी के पोर्टल, हज ग्रुप ऑर्गनाइजर्स के पोर्टल, डिजिटल हेल्थ कार्ड, "ई-मसीहा" स्वास्थ्य सुविधा, "ई-लगेज टैगिंग", ई-वीजा, आधुनिक सुविधाओं से युक्त अपग्रेडेड "हज मोबाइल ऐप" आदि से भारतीय हज यात्रियों की सुविधा, सुरक्षा, सरलता सुनिश्चित हुई है। #हज2022

हज सब्सिडी खत्म करने, बिना "मेहरम" (पुरुष रिश्तेदार) के मुस्लिम महिलाओं के हज यात्रा पर लगी बंदिश खत्म करने, संपूर्ण हज प्रक्रिया को सौ प्रतिशत ऑनलाइन/डिजिटल करने आदि जैसे सुधारों से "इज़ ऑफ डूइंग हज" को बल मिला है। #हज2022



**Smriti Z Irani** @smritiirani

PM @narendramodi जी के नेतृत्व में "बेटी बचाओ, बेटी पढ़ाओ" के कारण सकारात्मक बदलाव आया है। आज लैंगिक समानता के दृष्टि से बेटियों की संख्या बढ़ी है।

बेहतर स्वास्थ्य सुविधाओं के कारण गर्भवती महिलाओं के लिए अस्पताल जाना भी सुगम हुआ है जिससे मातृ एवं शिशु मृत्यु दर घट रही है।

**मन की बात** युवाओं में विचार,नवोन्मेष, जोखिम लेने का जुनून और 'कर सकने' की भावना महत्त्वपूर्ण

## स्टार्ट-अप क्षेत्र में दुनिया की अगुवाई कर रहा भारत

पंजाब केसरी/नई दिल्ली

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि आज का युग स्टार्ट-अप का युग है और भारत इस क्षेत्र में दुनिया का नेतृत्व कर रहा है जहां 70 से अधिक स्टार्ट-अप एक अरब डॉलर से अधिक के मूल्यांकन को पार कर गए हैं। एक अरब डॉलर से अधिक के मूल्यांकन को पार करने वाली 'स्टार्ट-अप' इकाइयों को 'यूनिकॉर्न' कहा जाता है।

मासिक रेडियो कार्यक्रम 'मन की बात' में प्रधानमंत्री ने कहा कि बड़ी युवा आबादी वाले किसी भी देश में तीन चीजें - विचार एवं नवोन्मेष, जोखिम लेने का जुनून और 'कर सकने' की भावना बहुत महत्त्वपूर्ण होती हैं। उन्होंने कहा कि जब ये तीन चीजें साथ आती हैं, अभूतपूर्व परिणाम हासिल होते हैं और करिश्मा होता है। मोदी ने कहा, "इन दिनों हम अपने चारों तरफ स्टार्ट-अप, स्टार्ट-अप, स्टार्ट-अप सुनते हैं। यह सच है कि यह स्टार्ट-अप का युग है और यह भी सच है कि स्टार्ट-अप के क्षेत्र में भारत एक तरह से दुनिया में अग्रणी है।" उन्होंने कहा कि साल दर साल स्टार्ट-अप को रिकॉर्ड निवेश मिल रहा है और यह क्षेत्र तेज गति से विकास कर रहा है। मोदी ने कहा, "देश के छोटे शहरों में भी स्टार्ट-अप की पहुंच बढ़ी है। यूनिकॉर्न शब्द आजकल काफी चर्चा में है। यूनिकॉर्न एक स्टार्ट-अप है जिसका मूल्यांकन एक अरब डॉलर, करीब 7,000 करोड़ रुपये है।" उन्होंने कहा, "साल 2015 तक, देश में नौ से 10 यूनिकॉर्न थे, आपको जानकर बहुत खुशी होगी कि भारत अब यूनिकॉर्न की दुनिया में भी काफी ऊपर है।

### मुझे सत्ता में जाने का आशीर्वाद मत दीजिए

प्रधानमंत्री मोदी ने आयुष्मान भारत योजना के लाभार्थी राजेश कुमार प्रजापति से बात करते हुए इसके फायदे पूछे तो प्रजापति ने कहा कि मुझे बहुत फायदा हुआ सर मैं आपको हमेशा सत्ता में देखना चाहता हूं। इसपर पीएम मोदी ने कहा कि मुझे सत्ता में जाने का आशीर्वाद मत दीजिए, मैं गरीबों की सेवा के लिए हूं। पीएम मोदी ने कहा कि मैं आज भी सत्ता में नहीं हूं और भविष्य में भी सत्ता में जाना नहीं चाहता हूं। मैं सिर्फ सेवा में रहना चाहता हूं। मेरे लिए ये पद, सत्ता के लिए है ही नहीं, सेवा के लिए है। पीएम ने कहा कि सरकार के प्रयासों से, सरकार की योजनाओं से कैसे कोई जीवन बदला उस बदले हुए जीवन का अनुभव क्या है? जब ये सुनते हैं तो हम भी संवेदनाओं से भर आते हैं।



प्रधानमंत्री जन आरोग्य योजना (आयुष्मान भारत)

## दुनिया की सबसे बड़ी स्वास्थ्य बीमा योजना



"पिछले वर्ष में स्वास्थ्य सेवा के महत्व को और भी स्पष्ट रूप से समझा गया है। यह हमारे नागरिकों के लिए उच्च गुणवत्ता और सस्ती स्वास्थ्य सेवा सुनिश्चित करने की हमारी प्रतिबद्धता है। आयुष्मान भारत 'पीएम-जय' इस दृष्टि को साकार करने के लिए महत्वपूर्ण है। यह योजना गरीब परिवारों को 5 लाख रुपये तक का स्वास्थ्य बीमा प्रदान करती है।"

नरेन्द्र मोदी, प्रधानमंत्री

योगी आदित्यनाथ, मुख्यमंत्री, उत्तर प्रदेश

### 'आयुष्मान भारत' की विशेषताएं

### पथरी से मिला छुटकारा



### फिर से अपने पैर पर खड़ा हुआ



कृषि कानून निरस्त करने के फैसले का

## संयुक्त राष्ट्र के मानवाधिकार विशेषज्ञ ने किया स्वागत

संयुक्त राष्ट्र/जिनेवा, 29 नवंबर (भाषा)।

संयुक्त राष्ट्र के एक शीर्ष मानवाधिकार विशेषज्ञ ने विवादित तीनों कृषि कानूनों को निरस्त करने के भारत सरकार के फैसले का स्वागत किया और आशा जताई कि कृषि सुधारों के संबंध में भविष्य में लिए जाने वाले फैसले देश की मानवाधिकार प्रतिबद्धताओं के अनुरूप होंगे और किसानों, समुदायों तथा संघों के साथ सकारात्मक बातचीत के बाद लिए जाएंगे।

प्रधानमंत्री नरेंद्र मोदी ने गुरु नानक जयंती, 19 नवंबर, के अवसर पर देश को संबोधित करते हुए घोषणा की थी कि उनकी सरकार ने तीनों कृषि कानूनों को निरस्त करने का फैसला लिया है। गौरतलब है कि किसान इन कानूनों के खिलाफ पिछले एक साल से आंदोलन कर रहे हैं। प्रधानमंत्री ने घोषणा करने के साथ ही किसानों से अपने-अपने घर लौटने का भी आह्वान किया था।

भोजन के अधिकार मामलों पर संयुक्त राष्ट्र के विशेष दूत माइकल फाखरी ने कहा, इन कानूनों के कारण भारत की पूरी खाद्य व्यवस्था दांव पर लगी थी।

प्रधानमंत्री ने गुरु नानक जयंती, 19 नवंबर, के अवसर पर देश को संबोधित करते हुए घोषणा की थी कि उनकी सरकार ने तीनों कृषि कनूनों को निरस्त करने का फैसला लिया है।

प्रधानमंत्री प्रधानमंत्री ने घोषणा करने के साथ ही किसानों से अपने-अपने घर लौटने का भी आह्वान किया था।

मोदी ने इस बात पर जोर दिया था कि ये कानून किसानों के हित में थे और सरकार साफ दिल और साफ नियत होने के बावजूद यह बात किसानों के एक धड़े को नहीं समझा सकी।

भोजन के अधिकार मामलों पर संयुक्त राष्ट्र के विशेष दूत माइकल फाखरी ने कहा, इन कानूनों के कारण भारत की पूरी खाद्य व्यवस्था दांव पर लगी थी। आशा करते हैं कि कृषि सुधारों के संबंध में भविष्य में लिए जाने वाले फैसले देश की मानवाधिकार प्रतिबद्धताओं के अनुरूप होंगे और किसानों, समुदायों तथा संघों के साथ सकारात्मक बातचीत के बाद लिए जाएंगे।

उन्होंने शुक्रवार को कहा, मैं कानून बनाने के लिए पूरी की गई लंबी प्रक्रिया की इज्जत करता हूं, लेकिन पिछले एक साल में जो भी हुआ है वह सैकड़ों हजारों लोगों के भीतर के गहरे असंतोष को दर्शाता है।

उन्होंने कहा, यह दर्शाता है कि अभिव्यक्ति की स्वतंत्रता लोगों को प्रदर्शन और शांतिपूर्ण विरोध के माध्यम से नीतिगत बदलाव को प्रभावित करने के लिए सशक्त बनाने का महत्वपूर्ण हथियार है।

## किसानों की एक और मांग मंजूर...पराली जलाना अब अपराध नहीं, ट्रैक्टर मार्च टाला

कृषिमंत्री तोमर ने की किसानों से घर लौटने की अपील, कहा-मुकदमा वापसी राज्यों का काम



बड़ा दिल दिखाएं किसान : तोमर



### मुआवजा देने की तैयारी में यूपी, उत्तराखंड और हरियाणा सरकार

## बूस्टर डोज और बच्चों के टीकाकरण को लेकर जल्द सार्वजनिक होगी नीति

### पीएम मोदी ने कहा सावधानी जरूरी





### 8,309 नए मामले

देश में पिछले 24 घंटे में कोविड-19 के 8,309 नए मामले सामने आने के बाद कोरोना वायरस के कुल संक्रमितों की संख्या बढ़कर 3,45,80,832 हो गई। वहीं उपचाराधीन मरीजों की संख्या घटकर 1,03,859 हो गई है, जो कि पिछले 544 दिनों में सबसे कम है। केंद्रीय स्वास्थ्य मंत्रालय की ओर से सोमवार को सुबह आठ बजे अद्यतन किए गए आंकड़ों के अनुसार 236 और मरीजों की मौत के बाद मृतकों की संख्या बढ़कर 4,68,790 हो गई।


देश में लगातार 52वें दिन भी


RNI No. :
DELGUJ/2020/78810
DECEMBER 16-31, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date December 07, 2021, Pages - 64)

# 'અટલ સિધ્ધિ'





અટલજીની વાણી ભારતના સામાન્ય માણસની આશા અને આકાંક્ષાઓની વાણી બની ચૂકી છે. અટલજી બોલી રહ્યા છે, મતલબ કે દેશ બોલી રહ્યો છે. અટલજી બોલી રહ્યા છે, મતલબ કે દેશ સાંભળી રહ્યો છે. અટલજી બોલી રહ્યા છે, મતલબ કે તેઓ પોતાની નહીં, દેશની એક-એક વ્યક્તિની ભાવનાઓને વાચા આપીને અભિવ્યક્ત કરી રહ્યા છે. તેમની વાણીએ લોકોને આકર્ષિત અને અસર કરી, એટલું જ નહીં, લોકોનાં મનમાં વિશ્વાસ પણ જગાવ્યો. આ વિશ્વાસ તેમનાં શબ્દોને કારણે નથી આવ્યો, તેની પાછળ પાંચ-છ દાયકાની લાંબી જીવન સાધના હતી. અટલજીના અતુલનીય નેતૃત્વએ 21મી સદીના મજબૂત, સમૃધ્ધ અને સમાવેશી ભારતના પાયો નાખ્યો. તેમની દૂરોગામી નીતિઓએ ભારતના નાગરિકના જીવનને સ્પર્શ કર્યો. તેઓ આપણને કહી ગયા છે

मौत की उमर क्या है? दो पल भी नहीं,
ज़िन्दगी सिलसिला, आज कल की नहीं
मैं जी भर जिया, मैं मन से मरूं,
लौटकर आऊंगा, कूच से क्यों डरूं?

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

લખનઉ સ્થિત લોક ભવનમાં ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણ કરતાં

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020